Tuesday 25, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૯૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## બલીઠા સબવેને જોડતા રોડને ૨ મીટર પહોળો કરાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** શહેરના અતિ વ્યસ્ત એવા બલીઠા સબવેને જોડતા માર્ગને પહોળો કરવા માટે મહાનગરપાલિકા દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, નેશનલ હાઈવે-૪૮ થી બલીઠા સબવે ને જોડતો માર્ગ અત્યંત સાંકડો હોવાથી દરરોજ ટ્રાફિક જામ અને અક્સ્માતની ભીતિ સર્જાતી હતી વાહન ચાલકો દ્વારા અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી કે રોડ પહોળો કરવામાં આવે. આ માર્ગને લાગુ એક ખાનગી હવેલીની કમ્પાઉન્ડ વોલ સહિત લગભગ ૨ મીટર જમીન નડતરરૂપ બની રહી હતી. વાપી મહાનગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક સમયથી આ જમીન સંપાદનની પ્રક્રિયા ચાલી રહી હતી. હવે આ પ્રક્રિયા પૂર્ણ થતા રોડ પહોળો કરવાનો માર્ગ મોકળો થયો હોવાનું જાણવા મળે છે.

આજે વાપી મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગના કર્મચારીઓએ સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું.

અહીં જેટલી જમીન સંપાદન કરવાની છે તેનું ખાનગી જમીનમાં સળિયા ઊભા કરી માર્કિંગ પણ કરી દેવામાં આવ્યું છે.

જમીન સંપાદન પૂર્ણ થતા હવે ટૂંક સમયમાં જ રોડને પહોળો કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.રોડ પહોળો થવાથી વાપી પશ્ચિમમાં ટાઉન, બલીઠા, ચલા, મોરાઈ તરફ જતા વાહનચાલકોને મોટી રાહત મળશે અને ટ્રાફિક સમસ્યામાંથી છુટકારો મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.



દમણમાં પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ગતિશીલ માર્ગદર્શનમાં પ્રવાસનને વેગ મળે એ માટે મોન્સુન ફેસ્ટીવલ-૨૦૨૬નો રંગારંગ પ્રારંભ થઇ ચૂકયો છે. ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદબેન પટેલના હસ્તે ઉદઘાટીત થયેલા આ ફેસ્ટીવલથી સ્થાનિકો અને સહેલાણીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. આ ફેસ્ટીવલ હેઠળ મ્યુઝિકલ કોન્સર્ટ, લાઈવ બેન્ડ, જાદુના શો વગેરે પ્રસ્તુતિઓ આગામી દિવસોમાં લોકોનું આકર્ષણ વધારશે.

(વધુ અહેવાલ પા.નં. ૩ પર)

## ધરમપુર વનરાજ કોલેજમાં સેફ્ટી નેટ-કેન્ટીન મુદ્દે આવેદન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૪ :** શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં બાંધકામ દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષા માટે સેફ્ટી નેટ તથા બંધ કેન્ટીન શરૂ કરવાની માંગ સાથે ABVP દ્વારા આચાર્યને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ABVPએ જણાવ્યું કે કોલેજમાં બાંધકામ અને સ્લેબનું કામ ચાલી રહ્યું હોવા છતાં સેફ્ટી નેટ કે પતરાં લગાવવામાં આવ્યા નથી, જેના કારણે અકસ્માતનું જોખમ છે. સાથે જ લાંબા સમયથી કેન્ટીન બંધ હોવાથી ગ્રામ્ય વિસ્તારથી આવતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે.

ABVPના જયદીપભાઈ પવાર અને રાજભાઈ ખરવાર સહિતના કાર્યકર્તાઓએ ૪૮ કલાકમાં સેફ્ટી નેટ તથા ૭ દિવસમાં કેન્ટીન શરૂ કરવાની માંગ કરી છે. માંગણીઓ પૂર્ણ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

## અતુલ ગ્રા.પં.માં રૂા. ૧૧.૪૧ લાખની રિકવરી આદેશ છતાં કેમ અટકી?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** વલસાડ તાલુકાના અતુલ ગ્રામ પંચાયતમાં તપાસ બાદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવેલા રૂપિયા ૧૧,૪૧,૮૦૦ ની રિકવરીના હુકમનો લાંબા સમયથી અમલ ન થતાં જિલ્લા કલેક્ટર ને લેખિત રજૂઆતો છતાં સરકારી નાણાંની વસૂલાત ન થવા અંગે અરજદારે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવા માંગ કરી છે.

વલસાડના અતુલ ગામના કંચન નગરમાં રહેતા જેન્યુલ આર. પટેલે વલસાડ જિલ્લા કલેકટરને લેખિતમાં રજૂઆત કરી કે અતુલ ગ્રામ પંચાયત ના ડેપ્યુટી સરપંચ દર્શિલ દેસાઈને ચાર્જ સરપંચનો ચાર્જ આપવામાં આવ્યો હતો. સરપંચના ચાર્જ આપ્યા બાદ દર્શિલ દેસાઈએ કેટલાક તો વિકાસના કામોના નાણા ચુકવ્યા હતા. જેને લઇ સભ્યોએ વલસાડ તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરી હતી તો તેમણે ગ્રામ પંચાયતના કર્મચારીનો પગાર લાઈટ બિલ સહિતના બિલો ચુકવવાનો આદેશ કર્યો હતો જ્યારે તેમણે ચુકવેલા નાણા ગ્રામ પંચાયતમાં જમા લેવા માટે બબ્બે વાર તેઓને નોટિસ આપી હતી. તેમ છતાં ઈન્ચાર્જ સરપંચ દર્શિલ દેસાઈએ ટીડીઓએ રૂપિયા ૧૧,૪૧,૮૦૦ ની વસૂલાત કરી પંચાયતના ખાતામાં જમા કરાવવા સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો હતો. જોકે, લાંબો સમય વીતી ગયા બાદ પણ આ હુકમ મુજબની રકમ વસૂલ કરવામાં આવી નથી કે પંચાયતના ચોપડે જમા થઈ નથી. જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રિકવરીનો અમલ કરવા અરજી કરાઈ, જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કલેક્ટર સમક્ષ સમગ્ર મામલો મૂકવામાં આવ્યો. નાયબ જિલ્લા વિકાસ અધિકારીને રૂબરૂ મળી હુકમની અમલવારી માટે લેખિત માંગ કરવામાં આવી છે. અરજદારે જિલ્લા કલેક્ટરને પત્ર પાઠવી રિકવરીના હુકમનો સમયમર્યાદા નક્કી કરી તાત્કાલિક અમલ કરાવવો અને જવાબદાર વ્યક્તિ પાસેથી પૂરેપૂરી રકમ વસૂલી પંચાયતના ખાતામાં જમા કરી તેની સત્તાવાર પહોંચ અરજદારને પૂરી પાડવી, હુકમ છતાં વસૂલાતમાં વિલંબ કરનારા જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે નિયમાનુસાર શિસ્તભંગનાં પગલાં ભરવા ની માંગણી કરી છે.

## દાનહમાં વિવિધ સ્થળોની રાજયપાલ આનંદીબેન પટેલે મુલાકાત લીધી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૪ :** દાદરા અને નગર હવેલીમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે આજે વિવિધ સ્થળોની મુલાકાત લઈ વિકાસકાર્યો અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. રાજ્યપાલે NAMO મેડિકલ હોસ્પિટલ, NAMO મેડિકલ કોલેજ, ઝંડા ચોક સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યામંદિર શાળા તેમજ સાયલી સ્થિત આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી હતી.

સૌપ્રથમ તેમણે NAMO મેડિકલ હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ, આધુનિક તબીબી સાધનો અને દર્દીઓને આપવામાં આવતી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે હોસ્પિટલના તબીબો અને વહીવટીતંત્ર સાથે આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ બનાવવા અંગે ચર્ચા કરી હતી અને હોસ્પિટલને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ અને ધોરણો અનુસાર વિકસાવવા બદલ પ્રશાસક પ્રફુલ પટેલના પ્રયાસોની પ્રશંસા કરી હતી. ત્યારબાદ રાજ્યપાલે સ્વામી વિવેકાનંદ વિદ્યામંદિર શાળાની મુલાકાત લીધી હતી. શાળામાં આશરે ૧૨ હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરી શિક્ષણ વ્યવસ્થાની માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે નૈતિક મૂલ્યો, શિસ્ત અને સંસ્કારનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીઓને પુસ્તકો અને ચોકલેટનું વિતરણ પણ કર્યું હતું.રાજ્યપાલે NAMO મેડિકલ કોલેજમાં શૈક્ષણિક સુવિધાઓ, પ્રયોગશાળાઓ અને તાલીમ વ્યવસ્થાનું પણ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ સાયલી સ્થિત આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ બાળકોને આપવામાં આવતી શિક્ષણ, પોષણ અને સંભાળની વ્યવસ્થાની માહિતી મેળવી હતી અને બાળકોને ફ્રૂટ કિટનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે આનંદીબેન પટેલે પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ છેલ્લા દસ વર્ષમાં થયેલા વિકાસકાર્યોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વમાં દાદરા અને નગર હવેલી વિકાસની દિશામાં સતત આગળ વધી રહ્યું છે. આરોગ્ય, શિક્ષણ તેમજ મહિલા અને બાળ વિકાસ ક્ષેત્રે થઈ રહેલા કાર્યોની પણ તેમણે પ્રશંસા કરી હતી.

## ડુંગરાના ફિલ્ટરેશન પ્લાન્ટમાંથી ત્રીજીવાર કેબલ ચોરી!

### અત્યાર સુધીમાં કુલ રૂા. ૮ લાખથી વધુના કેબલ ચોરાયા

દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** વાપી મહાનગરપાલિકા સંચાલિત ડુંગરા દાદારીમોરા ખાતે આવેલા વોટર ફિલ્ટર પ્લાન્ટમાંથી વારંવાર કેબલ ચોરીની ઘટના સામે આવી છે. ચોરીને કારણે શહેરના પાણી પુરવઠાને સીધી અસર પહોંચી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ, ડુંગરા દાદારીમોરા ફળિયામાં ફિલ્ટર પ્લાન્ટ ખાતે છેલ્લા કેટલાક સમયમાં ત્રણ વખત તસ્કરો ત્રાટક્યા છે. તસ્કરો પ્લાન્ટમાંથી મોટર અને પમ્પિંગ સિસ્ટમના અત્યંત મોંઘા કેબલ કાપીને લઈ ગયા છે. અત્યાર સુધીમાં કુલ ૮ લાખ રૂપિયાથી વધુની કિંમતના કેબલની ચોરી થઈ હોવાનો અંદાજ છે. કેબલ ચોરી જવાને કારણે ફિલ્ટર પ્લાન્ટના પમ્પ બંધ થઈ જાય છે અને વાપી ડુંગરના અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાય છે. એજન્સી દ્વારા નવો કેબલ નાંખી સપ્લાય પૂર્વવત કરવો પડે છે, જેમાં લાખો રૂપિયાનો વધારાનો ખર્ચ અને સમય બંને બગડે છે. આ અંગે જવાબદાર એજન્સી દ્વારા પોલીસમાં ફરિયાદ માટે અરજી પણ આપવામાં આવી છે. પરંતુ પોલીસે માત્ર અરજી લઈને સંતોષ માની લીધો છે, કોઈ નક્કર કાર્યવાહી કે રાત્રી પેટ્રોલિંગ વધારવામાં આવ્યું નથી. જેના કારણે તસ્કરોને મોકળું મેદાન મળી ગયું છે. તંત્ર દ્વારા પ્લાન્ટની સુરક્ષા વધારવામાં આવે અને પોલીસ ચોરીનો ભેદ ઉકેલે તેવી માંગ ઉઠી છે.



## સેલવાસની દુકાનોમાં રાખડીઓ આકર્ષણનું કેન્દ્ર બની

રક્ષાબંધનનો તહેવાર નજીક આવતાં સેલવાસના બજારમાં વિવિધ ડિઝાઈન અને રંગોની રાખડીઓ દુકાનો પર આકર્ષણનું કેન્દ્ર બની છે. ગ્રાહકો પોતાની પસંદગી અને બજેટ મુજબ રાખડીઓની ખરીદી કરી રહ્યા છે. ખાસ કરીને બાળકો માટે કાર્ટૂન કેરેક્ટરની ડિઝાઈનવાળી રંગબેરંગી રાખડીઓ લોકોનું ધ્યાન ખેંચી રહી છે. આ ઉપરાંત રુદ્રાક્ષવાળી રાખડીઓ તેમજ પરંપરાગત અને આધુનિક ડિઝાઈનની રાખડીઓ પણ ગ્રાહકોને પસંદ આવી રહી છે. ભાઈની કાંડા પર પ્રેમ અને લાગણીની રાખડી બાંધવા બહેનોમાં ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## પારડી-કપરાડાની ૪૦૦ આશા વર્કરો વળતરથી વંચિત : ડીડીઓને રાવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ સામાન્ય નાગરિકો સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવતી આશા વર્કર અને આશા ફેસિલિટેટર બહેનોમાં વળતર ન મળવાને કારણે ભારે રોષ જોવા મળી રહ્યો છે. કપરાડા અને પારડી તાલુકાની ૪૦૦ જેટલી બહેનોને લાંબા સમયથી તેમની કામગીરીનું મહેનતાણું ચૂકવવામાં ન આવતાં, તેઓ જિલ્લા પંચાયત કચેરી ખાતે એકત્ર થઈ જિલ્લા વિકાસ અધિકારી ને રજૂઆત કરવાની તૈયારીમાં છે.

ગામડાંઓમાં સગર્ભા મહિલાઓની સારસંભાળ, રસીકરણ અને -ાથમિક આરોગ્ય સેવાઓ જેવી કામગીરી માટે આશા બહેનો સતત કાર્યરત રહે છે. મોટાભાગે આર્થિક રીતે નબળા વર્ગમાંથી આવતી આ બહેનો માટે આ વળતર જ તેમના પરિવારના ગુજરાનનો મુખ્ય આધાર છે. લાંબા સમયથી બાકી રહેલા મહેનતાણાંને કારણે તેઓ આર્થિક સંકટનો સામનો કરી રહી છે.સતત મહેનત કરાવવા છતાં સમયસર મળવાપાત્ર રકમ ન આપીને તેમનું આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ આશા બહેનોએ કર્યો છે. આ અન્યાય સામે પોતાનો અવાજ ઉઠાવવા માટે કપરાડા અને પારડી તાલુકાની બહેનો મોટી સંખ્યામાં વલસાડ જિલ્લા પંચાયત પહોંચશે અને ડીડીઓને આવેદનપત્ર આપી તાત્કાલિક વળતર ચૂકવવાની માંગ કરશે.

## આજથી વલસાડમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** વલસાડ જિલ્લામાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર, સંવર્ધન તથા વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા અને ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે રસ અને ગૌરવની ભાવના વિકસે તે હેતુસર તા.૨૫/૦૮/૨૦૨૬ થી તા. ૩૧/૦૮/૨૦૨૬ દરમિયાન સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત આજે તા. ૨૫ ઓગસ્ટે સવારે ૯ કલાકે કલેકટર કચેરીથી સંસ્કૃત ગૌરવ યાત્રા નીકળશે.

સંસ્કૃત સપ્તાહ મહોત્સવના આ કાર્યક્રમો દ્વારા વલસાડ જિલ્લામાં સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ અને અભિરુચિ વધે, વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરા પ્રત્યે ગૌરવની ભાવના વિકસે તથા સંસ્કૃતના પ્રચાર-પ્રસારને વેગ મળે તેવો મુખ્ય ઉદ્દેશ છે. જે અંતર્ગત તા.૨૫/૦૮/૨૦૨૬ના રોજ કલેક્ટર કચેરી, વલસાડ ખાતેથી સવારે ૯ કલાકે સંસ્કૃત ગૌરવ યાત્રા નીકળશે. જે કલેકટર કચેરીથી આઝાદ ચોક (ટાવર) થઈ મોંઘાભાઈ હોલથી એસટી ડેપો રોડ થઈ પરત કલકટર કચેરી ખાતે પહોંચશે, જ્યાં યાત્રાનું સમાપન થશે. આ યાત્રામાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધિકારીઓ તથા પદાધિકારીઓ જોડાશે. સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિની ગૌરવપૂર્ણ પરંપરાને જન-જન સુધી પહોંચાડવાના હેતુસર આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ સંસ્કૃત સંભાષણ દિવસની ઉજવણી અંતર્ગત વલસાડના સેગવી ગામની સર્વોદય હાઈસ્કૂલ ખાતે સંસ્કૃત ગોષ્ઠી યોજાશે. સંસ્કૃત ભાષાના દૈનિક વ્યવહારમાં ઉપયોગ તથા સંવાદક્ષમતાને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. ધો. ૧૦ અને ૧૨માં સંસ્કૃત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરાશે. આ સન્માન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને અન્ય વિદ્યાર્થીઓ પણ સંસ્કૃત વિષય પ્રત્યે પ્રેરિત થાય તેવો ઉદ્દેશ છે.


અંતે તા.૨૯/૦૮/૨૦૨૬ના રોજ સંસ્કૃત સાહિત્ય દિવસની ઉજવણી નિમિત્તે જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ ખાતે સંસ્કૃત પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે. પ્રદર્શનમાં સંસ્કૃત ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ તથા ભારતીય જ્ઞાનપરંપરાને ઉજાગર કરતી વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક કૃતિઓ રજૂ કરવામાં આવશે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount – Till 31st March
FREE Textbooks – From Nursery to Std 10
Special Concession – On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

## ડાંગના ૧૨ વિદ્યાર્થીઓને સ્ટેમ ક્વિઝ ૪.૦ માં ટેબલેટ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૪ :** ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અંતર્ગત આવેલ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર દ્વારા આયોજિત સ્ટેમ ક્વિઝ ૪.૦ અંતર્ગત ડાંગ જિલ્લામાંથી ૪૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ સહભાગ નોંધાયો હતો. તેમાં જિલ્લા કક્ષાએ પ્રથમ તબક્કામાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓને ઝોનલ કક્ષાના સ્ટેમ ક્વિઝ ૪.૦ માટે પસંદ કરવામાં આવ્યા હતા જેવો ઝોનલ કક્ષામાંથી રાજ્ય કક્ષા માટે પસંદ થયા હતા. ઉપરોક્ત સ્ટેમ ક્વિઝ ૪.૦ના ઝોનલ કક્ષામાં નવજયોત હાઈસ્કૂલ સુબીર, દીપ દર્શન હાઈસ્કુલ આહવા, સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર, માલેગામ-સાપુતારા અને સેન્ટ થોમસ ઈંગ્લિશ મીડીયમ સ્કુલ, ઝાવડાના વિદ્યાર્થીઓ સહભાગી થયા હતાં.

પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર - ડાંગના કોઓર્ડિનેટર રતિલાલ સૂર્યવંશી હસ્તે તેમને ગુજકોસ્ટ, ગાંધીનગર દ્વારા પ્રાપ્ત સેમસંગ ગેલેક્સી ટેબલેટ ઈનામ સ્વરૂપમાં આપવામાં આવ્યા હતાં.

## સુબીરમાં ડાંગનો વન મહોત્સવ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૨૪ :** દેશના વડા પ્રધાન નરેદ્રભાઈ મોદી તેમજ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં 'એક પેડ માઁ કે નામ ૩.૦' અંતર્ગત ૭૭ માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં પણ આજરોજ સુબીર નવજયોત હાઈસ્કૂલ ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ૭૭ માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.



બાપ દાદાઓથી ડાંગીજનોનો પ્રકૃતિ સાથે નાતો રહ્યો છે. ડાંગ જિલ્લાના આદિવાસી લોકો -કૃતિ પૂજક છે, પ્રત્યેક ડાંગીજનોની ઓળખ, માન-સન્માન, અને સમગ્ર જીવન જંગલને આભારી છે, તેમ જણાવતા ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે, જીવનમાં વનોની મહત્તા સ્પષ્ટ કરતા, સૌને તેની જાળવણીનું આહ્વાન કર્યું હતું.

૭૭માં વન મહોત્સવના કાર્યક્રમની જિલ્લા કક્ષાની ઉજવણીના અધ્યક્ષ સ્થાનેથી બોલતા વિજયભાઈ પટેલે, ડાંગના પ્રકૃતિ પ્રેમી અને પ્રકૃતિ પૂજક પ્રજાજનો જ, જંગલના સાચા રક્ષકો છે તેમ કહ્યું હતું.

વન મહોત્સવની શરૂઆત ગુજરાતના પુત્ર અને ભારતના પ્રથમ કૃષિમંત્રી, ગુજરાતી સાહિત્યકાર કનૈયાલાલ મુનશી દ્વારા ઈ.સ.૧૯૫૦માં કરાવવામાં આવેલ હતી. તેમજ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્ય સહિત તમામ જિલ્લા અને તાલુકાઓમાં પણ વન મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. તેમ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીતે પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન માલિકી યોજના અંતર્ગત કુલ ૬ લાભાર્થીઓને રૂપિયા ૪૫.૧૮ લાખના ચેક અર્પણ કરાયા હતાં. જ્યારે એગ્રોફોરેસ્ટ્રી યોજના અંતર્ગત ૨ લાભાર્થીઓને રૂપિયા ૧.૨ લાખની સહાયના ચેક અર્પણ કરાયા હતાં અને લખપતિ દીદી યોજનાના ૨ સખી મંડળોને રૂપિયા ૨૪ લાખના ચેક વિતરણ કરાયા હતાં. તેમજ વન વિભાગમાં પ્રશંસનીયકામગીરી કર્મનાર વનકર્મીઓને પ્રશસ્તિ એનાયત કરવામાં આવ્યાં હતાં.

પ્રારંભમાં ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક મુરારીલાલ મીનાએ સ્વાગત પ્રવચન કરીને કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તેમજ મદદનીશ વન સંરક્ષક રાહુલ પટેલે આભાર વિધિ આટોપી હતી. કાર્યક્રમ બાદ મહાનુભાવો દ્વારા વૃક્ષ રથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

## સાપુતારામાં બોટિંગ સંચાલકોની બેદરકારી છતાંય તંત્ર મૌન

**સર્પગંગા તળાવનું નૌકા વિહાર ફરી વિવાદમાં આવ્યુ : દુર્ગંધયુક્ત લાઈફ જેકેટ ધોવામાં કેમિકલયુક્ત પાણી તળાવમાં ઠાલવાયાના આક્ષેપ : પ્રવાસીઓના આરોગ્ય અને પર્યાવરણ સામે સવાલ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૪ :** ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારાના પ્રસિદ્ધ સર્પગંગા તળાવમાં ચાલતી નૌકા વિહાર (બોટિંગ) પ્રવૃત્તિ ફરી એકવાર મોટા વિવાદના ઘેરાવમાં આવી છે. બોટિંગ સંચાલકોની બેદરકારી અને ગેરરીતિ સામે આવવા છતાં તંત્ર દ્વારા સેવવામાં આવી રહેલું મૌન સ્થાનિકો અને પ્રવાસીઓમાં ચર્ચાનો વિષય બન્યું છે. મળતી વિગતો અનુસાર, ગતરોજ એક સનદી અધિકારી પરિવાર સાથે સાપુતારા ખાતે નૌકાવિહાર માટે પહોંચ્યા હતા. સર્પગંગા તળાવ ખાતે જ્યારે બોટ સંચાલકોએ તેમને સુરક્ષા માટે લાઈફ જેકેટ આપ્યા, ત્યારે તેમાંથી આવતી અસહ્ય દુર્ગંધને કારણે અધિકારીએ સ્થળ પર જ સંચાલકોનો રીતસરનો ઉઘડો લીધો હતો. આ ઘટના બાદ પોતાની ભૂલ છુપાવવા માટે બોટ સંચાલકોએ ધુમ્મસભર્યા વાતાવરણની આડમાં બોટની અંદર જ કેમિકલનો જથ્થો વાપરી લાઈફ જેકેટ ધોવાની કામગીરી હાથ ધરી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.વધુમાં ગંભીર આક્ષેપ એવો છે કે, કેમિકલ અને પાણી ભેળવીને લાઈફ જેકેટ ધોયા બાદ તે ગંદુ અને કેમિકલયુક્ત પાણી સીધું જ સર્પગંગા તળાવમાં ઠાલવી દેવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સર્પગંગા તળાવ માત્ર પ્રવાસીઓ માટે નૌકા વિહારનું કેન્દ્ર નથી, પરંતુ સાપુતારાની હોટલો તથા સ્થાનિક કક્ષાએ પીવાના પાણીના મુખ્ય સ્ત્રોત તરીકે પણ ઉપયોગમાં લેવાય છે. આવી સ્થિતિમાં પીવાના પાણીના સ્ત્રોતમાં કેમિકલયુક્ત પાણી ઠાલવવાની આ પ્રવૃત્તિથી પ્રવાસીઓ તથા સ્થાનિકોના આરોગ્ય અને પર્યાવરણ સામે ગંભીર જોખમ ઊભું થયું છે. આ સમગ્ર વિવાદ સામે આવ્યા બાદ હવે તંત્ર સમક્ષ અનેક સવાલો ઉઠી રહ્યા છે. તળાવમાં કેમિકલયુક્ત પાણી ઠાલવવામાં આવ્યું હોવાના આક્ષેપોમાં કેટલી સત્યતા છે? પાણીમાં કયા પ્રકારનું કેમિકલ વાપરવામાં આવ્યું હતુ? અને તેનાથી તળાવના પાણીની ગુણવત્તા પર શું અસર પડી છે? તે તમામ બાબતો અંગે તટસ્થ તપાસ થવી અત્યંત જરૂરી બની છે.સ્થાનિકો અને પર્યાવરણ પ્રેમીઓ માંગ કરી રહ્યા છે કે નોટિફાઈડ તંત્ર દ્વારા ઘટનાસ્થળના સીસીટીવી (CCTV) ફૂટેજ મેળવીને સમગ્ર બાબતનું દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવામાં આવે. સાથે જ સર્પગંગા તળાવના પાણીના સેમ્પલ લઈને લેબોરેટરી ચકાસણી માટે મોકલવામાં આવે. જો તપાસ દરમિયાન બોટ સંચાલકોની બેદરકારી સામે આવે, તો તેમની સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે બાબતે પણ લોકોમાં આશંકા સેવાઈ રહી છે. પ્રવાસન સ્થળની ગરિમા, પ્રવાસીઓની સુરક્ષા અને કુદરતી પર્યાવરણની જાળવણી માટે તંત્ર આ મામલે તાત્કાલિક અને કડક પગલાં ભરે તે સમયની માંગ છે.

## ગણદેવીમાં તાલુકા પત્રકાર સંઘની સામાન્ય સભા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૨૪ :** પત્રકાર કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ગણદેવી તાલુકા પત્રકાર સંઘની સામાન્ય સભા રવિવારે સવારે ગણદેવી વિશ્રામગૃહ ખાતે પ્રમુખ ભાવિન પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી.



વરિષ્ઠ પત્રકાર મહાનુભાવો દ્વારા સભામાં તાજેતરમાં આવેલા પૂર જેવી કુદરતી આપત્તિના કપરા સમયમાં ગણદેવી તાલુકા પત્રકાર સંઘ દ્વારા હાથ ધરાયેલી વિવિધ માનવતાવાદી અને સેવાકીય પ્રવૃત્તિઓની વિશેષ નોંધ લઈ તેને બિરદાવવામાં આવી હતી. સેવા-સહકાર-સમર્પણ અભિયાન અંતર્ગત પૂરગ્રસ્ત વિસ્તારોમાં સંઘ દ્વારા ગણદેવી તાલુકાની ૨૨ અને બીલીમોરા શહેરની ૫ મળી કુલ ૨૭ શાળાઓના જરૂરિયાતમંદ બાળકોને ૧૨,૧૯૬ નોટબુકો, પેન્સિલ, રબ્બર સહિતની શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અસરગ્રસ્ત અને જરૂરિયાતમંદ ગામોમાં પીવાના પાણીની મુશ્કેલી ન સર્જાય તે માટે ટેન્કરો મારફતે લોકોના ઘર-ઘર સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાની સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

બેઠકમાં મદદનીશ ચેરિટી કમિશનર (નવસારી) કચેરી ખાતે સંઘની નોંધણી (Reg. No. F/1264/ Navsari) થવા બદલ સભ્યોએ હર્ષ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત ટ્રસ્ટના બેંક ખાતા, સભ્ય ફી, સભ્યોને અધિકૃત સભ્યપદ કાર્ડ આપવા તથા નવા સભ્યોની અરજીઓ અંગે વિગતવાર ચર્ચા-વિચારણા કરી જરૂરી નિર્ણયો લેવાયા હતા. અંતમાં આગામી દિવસોમાં પણ સંઘ દ્વારા લોકઉપયોગી અને સમાજલક્ષી સેવાકાર્યો અવિરત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ખજાનચી પ્રબોધ ભીંડે,પરેશ અધ્વર્યુ, રત્નાકર દુશાને, કેરસી બારીઆ, ગોકુલ ભરવાડ, કેતનભાઈ સહિત તાલુકાના પત્રકાર મિત્રો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સભાના અંતે મંત્રી ચંદ્રકાંત સોલંકી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## જલાલપોરના કરાડીગામે સેવાસેતુ કાર્યક્રમ અને સ્કીમ સેચ્યુરેશન યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૪ :** જલાલપોર તાલુકાના કરાડી ગામે ગાંધી સ્મૃતિ મંદિર ખાતે સેવા સેતુ કાર્યક્રમ અને સ્કીમ સેચ્યુરેશન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કરાડી તથા આસપાસના ગામોની તાલુકા પંચાયત સીટ હેઠળના તમામ ગામોના લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે માટે વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગો દ્વારા લાભાર્થીઓને યોજનાઓ અંગે જરૂરી માર્ગદર્શન અને સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

આગામી તા.૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ મંદિર ગામ અને મહુવર ગામ ખાતે કીટ સહાય વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે ગ્રામજનોને જાણ કરવામાં આવી હતી તેમજ લાભ મેળવવા માટે જરૂરી આવકના દાખલા સહિતના દસ્તાવેજો મેળવવાની કામગીરી પણ કરવામાં આવી હતી.આ કાર્યક્રમના આયોજનથી વિવિધ સરકારી યોજનાઓનો લાભ ગ્રામ્ય વિસ્તારના વધુમાં વધુ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

## ડાંગના નિવૃત ગ્રંથપાલ દત્તાત્રેય મોરેનું નંદુરબારમાં 'સુવર્ણ રત્ન પુરસ્કાર'થી સન્માન

**આહવા, તા. ૨૪ :** નંદુરબાર અહિર સુવર્ણકાર સમાજ આયોજિત ગુણવંત વિદ્યાર્થી ગુણગૌરવ અને સ્નેહમિલન સોહળા - ૨૦૨૬માં ગુજરાતના ડાંગ જિલ્લાના ગૌરવ સમાન નિવૃત્ત ગ્રંથપાલ શ્રી દત્તાત્રેય બંસીલાલ મોરે (આહવા-સુરત)નું સુવર્ણ રત્ન પુરસ્કારથી વિશેષ સન્માન કરવામાં આવશે. આગામી તા.૩૦ ઓગસ્ટના રોજગિરિવિહાર મંગળ કાર્યાલય, ગિરિવિહાર ગેટ નજીક, તળોદા રોડ, નંદુરબાર (મહારાષ્ટ્ર) ખાતે દત્તાત્રેય બંસીલાલ મોરેએ ડાંગ જિલ્લામાં ૩૧ વર્ષ સુધી ગ્રંથપાલ તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપી છે. પુસ્તક વિતરણ, વાંચન પ્રવૃત્તિ અને જ્ઞાન પ્રસાર ક્ષેત્રે તેમનું યોગદાન અવિસ્મરણીય છે. તેમણે ૧૯૯૧થી અત્યાર સુધી ડાંગ જિલ્લામાં અનેકવિધ સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી છે, ૨૦૦૧થી ડાંગ જિલ્લા ઈકો ક્લબ સંયોજક તરીકે ૩૦ શાળાના ૧૫૦૦વિદ્યાર્થીઓ પણ પર્યાવરણની પ્રવૃત્તિ શરૂ કરી, ૨૫૦ શાળાના, ૨૫૦ શિક્ષકો અને ૧૨,૫૦૦ વિદ્યાર્થીઓ સાથે ૨૦૨૨ સુધી સતત ૨૨ વર્ષપર્યાવરણની



પ્રવૃત્તિ કરેલ છે. વિદ્યાર્થીશાળાથી જેમાં યોગ શિબિર, યોગ સ્પર્ધા, વન પરિભ્રમણ, સાગરકાંઠા પરિભ્રમણ, તીરંદાજી (આર્ચરી) સ્પર્ધા, કલા મહાકુંભ, ખેલ મહાકુંભ, ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા, સ્વામી વિવેકાનંદ ક્વિઝ સ્પર્ધા, મૌન શિબિરો અને આધ્યાત્મિક શિબિરોનો સમાવેશ થાય છે.આ ઉપરાંત ગાયત્રી પરિવાર, બાબા રામદેવ પ્રેરિત પ્રવૃત્તિઓ, રામકૃષ્ણ મિશન, આદિવાસી પટ્ટી વિસ્તારમાં પૂજ્ય મોટા, પૂજ્ય રંગ અવધૂતના ૧૦,૦૦૦ પુસ્તકોનું ૨૦૦ શાળાઓમાં વિતરણ, ૫૦ હજાર વિદ્યાર્થીઓને નાનાપાનાસતિ ધ્યાન શિખવ્યું તથા યોગી સ્વામી અરુણાનંદ મુનિને સાથે ૫૦ હજાર વિદ્યાર્થીઓને ગીતા જીવનની પ્રેરણા ગીતાજ્ઞાન-વિચારો પહોંચાડ્યા, રાજ્ય સમન્વય ગોષ્ઠિ તથા રાજચંદ્ર મિશન સાથેની તેમની સેવાઓની નોંધ લઈ સમાજ દ્વારા આ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે. આ પહેલાં રાજ્ય સમન્વય કન્વીનર ડૉ.સુરેશ અવૈયાએ ગાંધી વિચાર પ્રચાર ડાંગ વહીવટી તંત્રની હાજરીમાં ડાંગનો દીવો તથા શંભાલા સ્પિરિચ્યુલ ફાઉન્ડેશનના ચેર પર્સન રામ નાડેલા દ્વારા વન-મૌન શિબિરમાં સેવા વૃત્તિ જોઈ રામના હનુમાને તરીકે નવાજ્યા છે. નિવૃત્તિ બાદ પણ તેઓ વાંચન, જ્ઞાન-સાર, સમાજસેવા અને ધ્યાન-મૌન સાધના સાથે સક્રિય રીતે જોડાયેલા છે અને સમાજને સતત પ્રેરણા આપી રહ્યા છે. આ સન્માન માત્ર તેમનું જ નહીં, પરંતુ સમગ્ર ડાંગ જિલ્લા અને ગ્રંથાલય પરિવાર માટે ગૌરવની ક્ષણ છે. આ પ્રસંગે સમાજના ગુણવંત વિદ્યાર્થીઓ, આદર્શ સમાજસેવકો, જ્યેષ્ઠ નાગરિકો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવોનું પણ સન્માન કરવામાં આવશે.

## વઘઈ કોલેજ ખાતે વીર નર્મદની જન્મજયંતીની ઉજવણી કરાઈ




**આહવા, તા. ૨૪ :** સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, વઘઈ ખાતે ગુજરાતી અસ્મિતાના પ્રખર પ્રણેતા અને સાહિત્યજગતના યુગપુરુષ વીર નર્મદની ૧૯૩મી જન્મજયંતીની જ્ઞાન, સાહિત્ય અને પ્રેરણાના ત્રિવેણી સંગમ સમી ઉજવણી કરવામાં આવી હતી.

કૉલેજના ગુજરાતી વિભાગ તથા સપ્તધારા અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં સપ્તધારા કો-ઓર્ડિનેટર ડૉ. પ્રીતિબેન પટેલે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, નર્મદના જીવનમાંથી સાહસ, સત્યનિષ્ઠા અને નિર્ભીકતાના ગુણો કેળવીને આજની યુવાપેઢીએ ગુજરાતી ભાષા અને સંસ્કૃતિના સંવર્ધન માટે આગળ આવવું જોઈએ. પ્રા. જયેશભાઈએ 'નર્મદનું વ્યક્તિત્વ' વિષય પર વિસ્તૃત વક્તવ્ય આપીને ઉપસ્થિત તમામને નર્મદના સાહિત્યિક, સામાજિક અને સુધારક વ્યક્તિત્વનો ઊંડાણપૂર્વક પરિચય કરાવ્યો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. T.Y.B.A.ના વિદ્યાર્થી સ્નેહલભાઈએ 'નર્મદનો જીવન પરિચય' વિષય પર સચોટ માહિતી રજૂ કરી હતી. F.Y.B.A.ના વિદ્યાર્થી પ્રિન્સ કુમાર દ્વારા નર્મદની પ્રથમ આત્મકથા 'મારી હકીકત'ના વિશેષ પાસાઓને ઉજાગર કરવામાં આવ્યા હતાં. જ્યારે પુનમબેને નર્મદની પ્રસિદ્ધ કાવ્યકૃતિ 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે'નું અત્યંત ઉત્સાહભેર અને પ્રેરણાદાયી કાવ્યપઠન કર્યું હતું. કાર્યક્રમના અંતે કૉલેજના આચાર્ય ડૉ. જે. એમ. ભોયા દ્વારા પ્રેરણાદાયી સમાપન ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. તેમણે પોતાના વક્તવ્યમાં નર્મદના ગુજરાતી સાહિત્યમાં અમૂલ્ય પ્રદાન અને ગુજરાતી ભાષા-સાહિત્યના ઘડતર અને વિકાસમાં તેમના અતુલ્ય યોગદાનને વિશેષ રૂપે રેખાંકિત કર્યું હતું. આચાર્યએ જણાવ્યું કે, વીર નર્મદનું 'યા હોમ'નું સૂત્ર આપણને જીવનની કોઈપણ મુશ્કેલી સામે લડીને વિજયી બનવાની પ્રેરણા આપે છે.

## દેવસર-૨ પ્રા. શાળા પ્લાસ્ટિક મુકત અભિયાનમાં અગ્રેસર

**૮ લાખ ઈકો બ્રિકસનો ઈન્ડિયન બુક ઓફ રેકોર્ડમાં નોંધ લેવાઈ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૪ :** પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિક મુક્ત ગુજરાતના સંકલ્પ સાથે ધોળકા સ્થિત આધ્યાત્મિક કેન્દ્ર ઈન્દ્રશીલ શાંતિવન ખાતે ૫મો પ્લાસ્ટિક મુક્ત શાળા અભિયાન કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ મહાઅભિયાન અંતર્ગત રાજ્યભરની ૩,૩૨૫થી વધુ શાળાઓના ૨.૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટિક વેસ્ટમાંથી કુલ ૮ લાખ ઈકો-બ્રિક્સ બોટલ તૈયાર કરી એક વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે, જેની ગૌરવપૂર્ણ નોંધ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ (India Book of Records) માં લેવામાં આવી છે. ભવ્ય પ્રસંગે બાળ અધિકાર આયોગ, ગાંધીનગર ના સચિવ દિનેશભાઈ કાપડિયા, પૂર્વ મદદનીશ સચિવ પુલકિતભાઈ જોશી, વડ વાવા અભિયાનના પ્રણેતા રજનીભાઈ




પટેલ તથા કેડિલા કંપનીના સિનિયર મેનેજર દવે સાહેબના હસ્તે રેકોર્ડ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. ગણદેવી તાલુકાની પ્રાથમિક વિદ્યામંદિર દેવસર-૨ શાળા માત્ર ઈકો-બ્રિક્સ પૂરતી સીમિત ન રહેતાં, બાળકોમાં પ્રકૃતિપ્રેમ કેળવવા માટે અનોખી પ્રવૃત્તિઓ ચલાવી રહી છે. અહીં વિદ્યાર્થીઓ પોતાના જન્મદિવસે પ્લાસ્ટિક પેકિંગવાળી ચોકલેટો વહેંચવાના બદલે મુઠ્ઠી અનાજ લાવી પક્ષીઓને ચણ નાખે છે. આ ઉપરાંત સક્ષમ વાલીઓ જન્મદિવસ પ્રસંગે અન્ય જરૂરિયાતમંદ બાળકોને સ્ટેશનરી કીટ ભેટ આપી સામાજિક જવાબદારી નિભાવે છે. શાળા દ્વારા વૃક્ષારોપણ,ચકલીના માળાનું વિતરણ અને નિયમિત સ્વચ્છતા અભિયાન પણ ચલાવવામાં આવે છે. અભિયાનમાં નોંધપાત્ર અને સરાહનીય યોગદાન આપવા બદલ દેવસર-૨ શાળાના શિક્ષિકા શ્રીમતી દક્ષાબેન પટેલને મંચ પરથી પ્રમાણપત્ર આપી વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૫-૦૮-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** શ્રાવણ, તેરસ, **સૂર્યોદય :** ૦૬ : ૨૩ **સૂર્યાસ્ત** ૦૭ :૦૦, **ચંદ્રોદય** - ૦૫:૨૨ **ચંદ્રાસ્ત** - ૦૪:૨૬ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - ઉત્તરઅષાઢા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** કાર્યક્ષેત્રમાં નવી જવાબદારીઓ મળશે. માન-સન્માન વધશે. અટકેલા નાણાં પાછા મળવાથી આર્થિક સ્થિતિ મજબૂત બનશે.

**વૃષભ (બ, વ, ઉ) :** ધંધામાં આર્થિક લાભ થવાની પૂરી સંભાવના છે. નવું રોકાણ કરતા વડીલોની સલાહ લો. આવકના નવા સ્ત્રોત ઊભા થશે.

**મિથુન (ક, ઘ, ચ) :** નોકરીમાં પ્રમોશન કે નવી ઉત્તમ તકો મળી શકે છે. બુદ્ધિ અને વાતચીતથી સરકારી કે અટકેલા કાર્યો પૂરા થશે.

**કર્ક (ડ, હ) :** ઉતાવળમાં કે ભાવનાઓમાં આવીને મોટો નિર્ણય ન લો. કામનું ભારણ વધુ રહેશે, પરંતુ પારિવારિક સહયોગ મળશે.

**સિંહ (મ, ટ) :** ધંધામાં અચાનક મોટો ફાયદો થઈ શકે છે. સમાજમાં તમારો પ્રભાવ અને પ્રતિષ્ઠા વધશે.

**કન્યા (પ, ઠ, ણ) :** ભાગ્યનો પૂરો સાથ મળશે. જૂના ફસાયેલા નાણાં પાછા મળવાથી લાંબા સમયની ચિંતાઓ દૂર થશે.

**તુલા (ર, ત) :** મન થોડું દ્વિધા કે અશાંતિ અનુભવી શકે છે. ઉતાવળમાં કોઈ કામ ન કરવું; સર્જનાત્મક ક્ષેત્રે નવી તકો મળશે.

**વૃશ્ચિક (ન, ય) :** કાર્યસ્થળે મુશ્કેલ પરિસ્થિતિઓનો તમારી ચતુરાઈથી ઉકેલ લાવશો. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** નસીબનો પૂરો સાથ મળશે. દરેક ક્ષેત્રમાં સફળતા દેખાશે. આધ્યાત્મિક કાર્યોમાં રુચિ વધશે.તમારા પ્રયાસોને સતત માન્યતા મળતી રહેશે.

**મકર (ખ, જ) :** આળસ છોડીને સખત મહેનત કરવી. મહેનતનું યોગ્ય અને સકારાત્મક પરિણામ મળવાથી આત્મવિશ્વાસ વધશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આર્થિક સ્થિતિ ખૂબ જ મજબૂત બનશે. ભાગ્યના સિતારા બુલંદ હોવાથી મુશ્કેલ કાર્યો સરળતાથી પાર પડશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** મન શાંત અને પ્રસન્ન રહેશે. અટકેલી વાત કે કામને આગળ વધારવાની ઉત્તમ તક પ્રાપ્ત થશે. પ્રારકિર્દીમાં પ્રગતિના વિશેષ યોગ બને છે.

## દમણ રેડિયો

**102.3 FM**

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ  નં.૬૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 2 | 8 | | 7 | 6 | | 1 |
| | 5 | | 2 | | 3 | | 4 | |
| 8 | | | | 1 | | | | 7 |
| | 6 | | | | | | 5 | |
| | | | 6 | | 4 | | | |
| | 9 | | | | | | 1 | |
| 6 | | | | 8 | | | | 4 |
| | 7 | | 3 | | 6 | | 8 | |
| 3 | | 8 | 7 | | 5 | 9 | | 2 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૫૯નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 3 | 9 | 1 | 6 | 8 | 4 | 5 |
| 9 | 4 | 5 | 7 | 8 | 3 | 6 | 2 | 1 |
| 8 | 6 | 1 | 5 | 2 | 4 | 9 | 7 | 3 |
| 7 | 1 | 8 | 3 | 5 | 9 | 2 | 6 | 4 |
| 5 | 2 | 4 | 8 | 6 | 1 | 7 | 3 | 9 |
| 3 | 9 | 6 | 4 | 7 | 2 | 5 | 1 | 8 |
| 6 | 5 | 7 | 1 | 3 | 8 | 4 | 9 | 2 |
| 4 | 3 | 2 | 6 | 9 | 5 | 1 | 8 | 7 |
| 1 | 8 | 9 | 2 | 4 | 7 | 3 | 5 | 6 |

# દમણમાં મોન્સૂન ફેસ્ટિવલનો સાંસ્કૃતિક પરેડ સાથે શુભારંભ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૪ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં શનિવારે દેવકા નમો પથ પર ભવ્ય સાંસ્કૃતિક પરેડ સાથે મોન્સૂન ફેસ્ટિવલ ૨૦૨૬ ની શરૂઆત થઈ. ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલે પરેડને લીલી ઝંડી આપી. લગભગ બે કિલોમીટર લાંબી સાંસ્કૃતિક પરેડમાં, દમણના વિવિધ સમુદાયોના લોકોએ પરંપરાગત પોશાક અને સાંસ્કૃતિક પ્રદર્શન દ્વારા તેમની સંસ્કૃતિનું પ્રદર્શન કર્યું. ઘોર, ઓડિશા, બંગાળી, મરાઠી અને પંજાબી સહિત વિવિધ સમુદાયોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં માછી સમુદાયે નૃત્યો રજૂ કર્યા હતા. પરેડમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ અને સ્થાનિક લોકો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે રાજયપાલ આનંદીબેન પટેલે દમણ સાથેના તેમના લાંબા જોડાણને યાદ કરતા કહ્યું કે જ્યારે તેઓ લગભગ ૨૦ વર્ષ પહેલાં દમણની મુલાકાતે આવ્યા હતા, ત્યારે ત્યાં ખૂબ જ ઓછી પર્યટન સુવિધાઓ હતી. દરિયાકિનારા પર માછલીઓ સુકાતી જોઈ શકાતી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે આજે, દમણમાં પર્યટન ક્ષેત્રનો વ્યાપક વિકાસ થયો છે, અને પ્રવાસીઓ માટે ઘણી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. -શાસક પ્રફુલ્લ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં થયેલા વિકાસ કાર્યોની પ્રશંસા કરતા રાજ્યપાલે કહ્યું કે દમણ-દીવ પ્રવાસન ક્ષેત્રે પોતાની ઓળખ બનાવી રહ્યું છે.

મોન્સૂન ફેસ્ટિવલ હેઠળ આયોજિત આ સાંસ્કૃતિક પરેડમાં દમણની વૈવિધ્યસભર સંસ્કૃતિ અને પર્યટન વિકાસને એક મંચ પર રજૂ કરવામાં આવ્યો હતો.

## પારડીમાં વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

### પારડી બ્રહ્મકુમારી વિદ્યાલય દ્વારા નશા મુક્ત અભિયાન હેઠળ નશો છોડવા માટે પ્રતિજ્ઞા લેવડાવી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૪ :** પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા પવિત્ર રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વરિષ્ઠ નાગરિક ભાઈ બહેનોએ એકબીજાને પવિત્ર રાખડી બાંધીને શુભકામનાઓ પાઠવી હતી જ્યારે પારડી બ્રહ્મકુમારી વિદ્યાલય દ્વારા નશા મુક્ત અભિયાન હેઠળ નસો છોડવા માટે પ્રતિજ્ઞા અપાવી રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી કરાઈ હતી પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા વૈજનાથ મહાદેવ મંદિરના બાજુમાં આવેલ સભાખંડમાં રક્ષાબંધનના તહેવાર નિમિત્તે વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ એન કે દેસાઈના અધ્યક્ષ સ્થાને ઉપપ્રમુખ મહેશભાઈ દેસાઈ મંત્રી પ્રફુલભાઈ પ્રજાપતિ ખજાનચી દલપતભાઈ ચાંપાનેરી સાથે અન્ય તમામ હોદ્દેદારો તથા વિશાળ સંખ્યામાં વરિષ્ઠ નાગરિક ભાઈ બહેનો અને પારડી પ્રજાપતિ બ્રહ્મકુમારી વિદ્યાલયના પૂજ્ય પારુલ દીધી અને અન્ય બહેનો ભેગા થયા હતા અને પવિત્ર રક્ષાબંધનની ઉજવણી દરમિયાન પારુલ દીધી અને અન્ય બહેનોએ દરેક વરિષ્ઠ નાગરિકોને રાખડી બાંધી હતી એમનો મીઠું કરાવ્યું હતું એ જ રીતે વરિષ્ઠ નાગરિક બહેનોએ દરેક વરિષ્ઠ નાગરિક ભાઈઓને રાખડી બાંધી હતી જેના અનુસંધાને દરેક બહેનોને વરિષ્ઠ નાગરિક મંડળના ભાઈઓ તરફથી ગિફ્ટ આપવામાં આવી હતી આ ઉજવણી દર વર્ષે થાય છે તે આ વર્ષે પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. હાલમાં બ્રહ્માકુમારી પ્રજાપતિ વિદ્યાલય દ્વારા વ્યસનમુક્તિ અભિયાન ચાલી રહ્યું છે જે સંદર્ભમાં વ્યસન છોડવા માટે દરેકને બહેનોએ પ્રતિજ્ઞા અપાવી હતી અને દરેકે વ્યસન છોડી સમાજને નવી દિશા તરફ લઈ જવા અને પ્રગતિશીલ બનાવવા માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી જ્યારે વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ એન કે દેસાઈ અને પ્રજાપતિ વિદ્યાલયના પારુલ દીધી એ રક્ષાબંધન પર્વ નિમિત્તો સમાજના દરેક વર્ગને કે જેવો વ્યસન કરતા હોય એમને વ્યસન છોડવા માટેની અપીલ કરી હતી આ રીતે વડીલો એ એકબીજાને રાખી બાંધી રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરી હતી અને વ્યસન મુક્તિ અભિયાન હેઠળ અનોખી ઉજવણી થઈ હતી અને આનંદપૂર્વક ખુશીપૂ પૂર્વ ઉજવણી થયા બાદ સભા સંપન્ન થઈ હતી.

## વાપીમાં 'એક રાખી જવાનો કે નામ' કાર્યક્રમ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** વાપીના ગોકુલવિહારમાં રહેતા સંજય શિંદેના ઘરે રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે એક રાખી જવાનો કે નામ કાર્યક્રમનું ભાવુક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન અશ્વિની રાણે તાઈ, શૌર્યરક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રીદેવી સંજય શિંદે અને તેમની સમગ્ર ટીમના સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પૂર્વ પેરા મિલિટરી કમાન્ડર્સ અને વીર જવાનોની વીરાંગનાઓને રાખડી બાંધી તેમના ત્યાગ, સાહસ અને દેશ પ્રત્યેના સમર્પણને નમન કરાયું હતું. આ પ્રસંગે સંજય શિંદે એ જણાવ્યું હતું કે, જે વીરોના કારણે આપણે આપણા ઘરોમાં સુરક્ષિત રીતે તહેવારો મનાવી શકીએ છીએ, તે રાષ્ટ્રરક્ષકો સાથે રક્ષાબંધન મનાવવું એ અત્યંત ભાવુક અને ગૌરવપૂર્ણ ક્ષણ છે.કાર્યક્રમમાં રામચંદ્ર તાટે, અંતશ્વર બિરાદર, હનુમંત રાઉત તેમજ સંજય શિંદેના માતા, બહેન, બનેવી, મામા-મામી, ભાઈ-ભાભી સહિત પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કરમખલમાં વ્યવસ્થાના અભાવે અનેક સ્થળે કચરાના ઢગલા સર્જાયા

**સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆત છતાં નિયમિત કચરો એકત્ર કરવાની અને તેના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવી નથી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૪ :** કરમખલ, વલસાડ. દેશભરમાં સ્વચ્છતા અભિયાનને લઈને જાગૃતિ અને વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, ત્યારે વલસાડ જિલ્લાના કરમખલ વિસ્તારમાં કચરા વ્યવસ્થાપનની સ્થિતિ સામે સવાલો ઊભા થયા છે. ગામના મુખ્ય રસ્તાઓની બાજુમાં, ખાલી પ્લોટો તેમજ જાહેર સ્થળોએ કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. સ્થાનિક રહેવાસીઓનો આક્ષેપ છે કે વારંવાર રજૂઆત છતાં નિયમિત કચરો એકત્ર કરવાની અને તેના યોગ્ય નિકાલની અસરકારક વ્યવસ્થા કરવામાં આવી નથી. ઘરેથી નિયમિત કચરો ઉઠાવવાની વ્યવસ્થા પૂરતી ન હોવાને કારણે રહેવાસીઓ સામે રોજ એક જ સવાલ ઊભો થાય છે—કચરો નાખવો ક્યાં? નાગરિકો કહે છે—કચરો રસ્તા પર નાખવો નથી

સ્થાનિકોનું કહેવું છે કે તેઓ જાહેર સ્થળો પર કચરો નાખવા માંગતા નથી અને સ્વચ્છતા જાળવવામાં તંત્રને સહકાર આપવા તૈયાર છે. પરંતુ ભીનો અને સૂકો કચરો અલગ કરીને નિયમિત રીતે એકત્ર કરવાની વ્યવસ્થા નહીં હોય તો તેનો યોગ્ય નિકાલ કરવો મુશ્કેલ બને છે. રસ્તાની બાજુ કચરો નાખવામાં આવે તો ગંદકી ફેલાય છે અને ખાલી જગ્યાઓમાં કચરો નાખવાથી આસપાસનું વાતાવરણ પ્રભાવિત થાય છે.

આવી સ્થિતિમાં ગ્રામ પંચાયત દ્વારા વ્યવહારુ અને કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે. આરોગ્ય અને પર્યાવરણ અંગે ચિંતા ખુલ્લામાં કચરો એકત્ર થવાથી દુર્ગંધ ઉપરાંત મચ્છર અને અન્ય જીવાતોની સમસ્યા વધી રહી હોવાની ફરિયાદો સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે.

## વાપીમાં રસ્તા પર મળેલું રાખડીનું બોકસ મૂળ માલિક સુધી પહોચાડયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** વાપી GIDC ચાર રસ્તા ખાતે ફરજ બજાવી રહેલી ટ્રાફિક પોલીસની ટીમને રસ્તા ઉપર એક બોક્સ પડેલો જોવા મળ્યો હતો. પોલીસ કર્મચારીઓએ બોક્સની તપાસ કરતાં તેમાં રાખડીઓ મળી આવી હતી. બોક્સના મૂળ માલિકની શોધખોળ માટે પોલીસ દ્વારા સતત બે દિવસ સુધી તપાસ કરવામાં આવી હતી. અંતે બોક્સના મૂળ માલિક તરીકે વિજયાબેન કિશોરભાઈ, રહે. ધોબી તળાવ, વલસાડ,ની ઓળખ થતાં તેમને આશરે રૂ. ૨૦,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ પરત સોંપવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસની આ કામગીરીમાં PC પ્રફુલ શાંતિલાલ, GH દસરથભાઈ અને TRB રૂદ્રભાઈ ફરજ પર હાજર રહ્યા હતા. પોલીસની સતર્કતા અને ઈમાનદારીના કારણે કિંમતી સામાન તેના મૂળ માલિક સુધી સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યો હતો.

## ધરમપુરની પ્રગતિશીલ મહિલાઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટીની મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**ધરમપુર, તા. ૨૪ :** ધરમપુર તાલુકાના અંતરીયાળ વિસ્તારના હનમતમાળ, આંબોસી અને ભવઠાણ ગામોમાં ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત જન શિક્ષણ સંસ્થાન દ્વારા ૭૦ પ્રગતિશીલ મહિલાઓ સ્વરાજગારી મેળવે તે હેતુથી મશરૂમ ઉત્પાદન અને વર્મીકંપોસ્ટ અંગે તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ જે અંતર્ગત પ્રાયોગિક તાલીમ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટીની તાલીમાર્થીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી. મુલાકાત દરમ્યાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિયામક ડૉ. રાજેન્દ્રસિંહ ઠાકોરે કેન્દ્રનો પરિચય કરાવતા તેની વિવિધ કામગીરી, ખેડૂતો માટેની સેવાઓ તેમજ કેન્દ્ર દ્વારા યોજાતી વિવિધ તાલીમ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

કેન્દ્રના ગૃહ વૈજ્ઞાનિક પ્રેમિલાબેન આહિરે તાલીમાર્થી બહેનોને મશરૂમના વિવિધ પ્રકારો, તેની ઉત્પત્તિ, ઉપયોગિતા, ઉત્પાદન પદ્ધતિ, મહત્વ તેમજ મશરૂમ ઉત્પાદન થકી ઊભી થતી રોજગારીની તકો અંગે વિસ્તૃત સમજ આપી હતી.

મશરૂમનું ઓછા ખર્ચે ઉત્પાદન કરી ઘરઆંગણે આવક ઊભી કરી શકાય તે અંગે પણ માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત કેન્દ્રના ફાર્મ મેનેજર પરેશભાઈ પટેલે વર્મી કંપોસ્ટ ખાતર બનાવવાની વૈજ્ઞાનિક પદ્ધતિ સમજાવી હતી. તેમણે વર્મી કંપોસ્ટનું પ્રાકૃતિક ખેતીમાં મહત્વ, જમીનની ફળદ્રુપતા વધારવામાં તેની ભૂમિકા તેમજ તેના ઉત્પાદન થકી સ્વરોજગારની તકો અંગે તાલીમાર્થી બહેનોને માર્ગદર્શન આપ્યું હતું. જનશિક્ષણ સંસ્થાન, અંભેટીના નિયામક રિનલભાઈ આહિરે ઉપસ્થિત મહિલા તાલીમાર્થીઓને વર્મીકંપોસ્ટ અને મશરૂમ ઉત્પાદન દ્વારા સ્વરોજગારી થકી આત્મનિર્ભર બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટીની મુલાકાતથી તાલીમાર્થી બહેનોને મશરૂમ ઉત્પાદન અને વર્મી કંપોસ્ટ અંગે પ્રત્યક્ષ અને વ્યવહારુ જ્ઞાન મળ્યું હતું. તાલીમના માધ્યમથી ગ્રામ્ય મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને કૃષિ આધારિત રોજગારની નવી તકો ઊભી કરવાના પ્રયાસને આ કાર્યક્રમ મહત્વપૂર્ણ બન્યો હતો.

## નારગોલમાં શિવમહાપુરાણ કથામાં શિવ-પાર્વતી વિવાહ ઉત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** ભંડારી સમાજ, નારગોલ દ્વારા ભોજનાલયના લાભાર્થે જગદંબાધામ નારગોલ ખાતે આયોજિત વિશ્વવિખ્યાત કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લની શિવમહાપુરાણ કથામાં શિવ-પાર્વતી વિવાહ ઉત્સવ ભવ્ય અને ધાર્મિક માહોલમાં ધામધૂમથી ઉજવાયો હતો. કથાના ત્રીજા દિવસે નિત્યક્રમ અનુસાર દશાંશ યજ્ઞ સંપન્ન થયો હતો. ઉપસ્થિત શ્રોતાજનોએ પોથી પૂજન તથા વ્યાસ પૂજન કર્યું હતું. આ ઉપરાંત ઓમકારેશ્વર મહાદેવ જ્યોર્તિલિંગની કથા અને દર્શનનો લાભ ભાવિકોએ લીધો હતો. પાર્થિવ શિવલિંગનું વિશેષ પૂજન અને અભિષેક પણ કરવામાં આવ્યું હતું.

શિવ-પાર્વતી વિવાહ પ્રસંગે કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લએ વ્યાસપીઠ પરથી ધર્મ અને સંસ્કાર અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, ધર્મ જો સચવાયો હોય તો એનો યશ મહિલાઓને જાય છે. તેમણે વધુમાં કહ્યું કે, કોઈના સારા કામમાં અડચણ નાખે એ જ સમાજનું મોટું સૂતક છે. તેમજ બ્રહ્મ કસોટીનો વિષય નથી, અનુભૂતિનો વિષય છે. ભગવાન શિવના મહિમાનું વર્ણન કરતાં તેમણે જણાવ્યું કે, જેની નિંદ્રા પણ સમાધિ છે એ મહાદેવ શંકર છે.

શિવ-પાર્વતી વિવાહ પ્રસંગે જયશ્રીબેન યોગેશભાઈ શુક્લ ભગવાન શિવની જાન લઈને પધાર્યા હતા. રાકેશભાઈ ભંડારી તથા તેમના પરિવાર દ્વારા માતા પાર્વતી પક્ષે રહી કન્યાદાનની વિધિ કરવામાં આવી હતી. શંકરભાઈ ભંડારી અને રતનજીભાઈ આહીર દ્વારા મોસાળું ભરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુકેશભાઈ ભંડારી ભગવાન શિવના સ્વરૂપમાં જ્યારે દીપિકાબેન ભંડારી માતા પાર્વતીના સ્વરૂપમાં ઉપસ્થિત રહ્યા હતા. શિવ-પાર્વતી વિવાહનું તાદ્દશ દૃશ્ય રજૂ થતાં ઉપસ્થિત વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો ભાવવિભોર બન્યા હતા. ભક્તોએ પણ ઉત્સાહપૂર્વક કન્યાદાનમાં ભાગ લીધો હતો.

કથાના પ્રસંગે પત્રકાર સંઘના સભ્યો તથા મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમનું સ્વાગત યતીનભાઈ ભંડારી, સ્વીટીબેન ભંડારી (સરપંચ) તથા શિવમહાપુરાણ કથા સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આગામી દિવસે કથામાં કન્યાવિદાયની કરુણ કથા તેમજ બે જ્યોર્તિલિંગની કથાનું વર્ણન કરવામાં આવશે, જેને લઈને આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

## વાપી કેબીએસ કોલેજ મહિલા ચેસ ટુર્ના.માં રનર્સઅપ રહી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** ચણોદ કોલોની સ્થિત KBS અને નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં શિક્ષણની સાથે રમત ક્ષેત્રમાં પણ વિશેષ તાલીમ, માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી, સુરત અંતર્ગત વાપીની ROFEL આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આયોજિત ઈન્ટર-કોલેજ મહિલા ચેસ ટુર્નામેન્ટમાં સદર કોલેજે ભાગ લઈ ગર્વથી રનર-અપ સ્થાન મેળવ્યું છે. ધ્ઙ્ગ કોલેજની મહિલા ચેસ ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ઉત્તમ કૌશલ્ય, એકાગ્રતા અને ટીમ ભાવના દર્શાવી અને સંસ્થાને ગૌરવ અપાવ્યું. રનર-અપ ટીમના સભ્યોમાં જ્યોતિ ગઢવી - M.Com. પાર્ટ -II; દિવ્યા દાસ - F.Y.B.Com.; મોનિકા સિંહ - M.Com. પાર્ટ -I; સોનલ ચૌધરી - S.Y.B.B.A.; સ્વર્ણા ખારવાર - F.Y.B.Com.; પલ્લવી સિંહ - S.Y.B.B.A. હતા. દરેક ખેલાડી મિત્રોને જરૂરી તાલીમ અને માર્ગદર્શન રમત-ગમતના મદદનીસ પ્રાધ્યાપક ડૉ. મયુર પટેલ તેમજ મદદનીસ રોહિતસિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. આમ સમગ્ર યુનીવર્સીટીમાં કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણે ટીમને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન આપ્યા અને ભવિષ્યની સ્પર્ધાઓમાં તેમની સતત સફળતાની શુભેચ્છા પાઠવી હતી.

## રાતા પાંજરાપોળની કામગીરીએ કચ્છમાં સામાજિક એકતાની નવી મિસાલ કાયમ કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** કચ્છના અબડાસા તાલુકાના રાતા તળાવ ખાતે આવેલ સંત શ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળ આજે માત્ર ગૌસેવાનું કેન્દ્ર જ નહીં, પરંતુ કોમી એકતા અને સામાજિક સૌહાર્દનું પણ પ્રેરણાદાયી કેન્દ્ર બની રહ્યું છે. સંસ્થાના પ્રણેતા મનજી બાપુના નિ:સ્વાર્થ સેવાકાર્યથી હિન્દુ-મુસ્લિમ સમાજના લોકો ભેદભાવ ભૂલીને ભાઈચારાની ભાવનાથી એકબીજા સાથે જોડાઈ રહ્યા છે.

પાંજરાપોળમાં રસ્તાઓ પર રખડતી, અનાથ, બીમાર તેમજ નિરાધાર ગાયોને આશ્રય આપવામાં આવે છે. હજારો ગાયોની સેવા અને સંભાળ સાથે તેમને પ્રેમ અને આદરપૂર્વક જીવન આપવાનું કાર્ય મનજી બાપુ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

મનજી બાપુના આ સરાહનીય સેવાકાર્ય અને ગૌસેવા સાથે કોમી એકતાના સંદેશને ધ્યાને લઈ મુંબઈ ખાતે આવેલી સંસ્થાની મુખ્ય કચેરીમાં કચ્છના મોથાળાવાલા ગામના ખીમજીભાઈ ધીરાઉંભાઈ ગોરી અને સલીમભાઈ હુસેનભાઈ રાઉંએ મનજી બાપુની મુલાકાત લીધી હતી. બંનેએ મનજી બાપુના સેવાકાર્યને બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી.

ગૌસેવા સાથે માનવતા, ભાઈચારો અને કોમી સૌહાર્દનો સંદેશ આપતી રાતા તળાવ પાંજરાપોળની કામગીરી કચ્છમાં સામાજિક એકતાની નવી મિસાલ કાયમ કરી રહી છે.

## શિલ્ધા કરંજપાડા પ્રા.શાળાના બાળકોને કિટ્સ વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૨૪ :** કપરાડા તાલુકાના શિલ્ધા ગામની કરંજપાડા પ્રાથમિક શાળાના બાળકોને મનહરભાઈ ગોળકિયા, સંકેત ભાઈ કુંજડિયા અને જતીનભાઈ વઘાસિયા આ ત્રણે પરિવાર દ્વારા શાળાના બાળકોને શૈક્ષણિક કિટ્સ અને બેસવા માટે ચટાઈ કિટ્સનું વિતરણ કરી બાળકોને નાસ્તા કરાવ્યો હતો. બાળકોને બેસવા માટે ની ચટાઈ શૈક્ષણિક કિટ્સ આપવા બદલ દાતાઓ બાળકો અને શાળા શિક્ષકો દ્વારા આભાર માન્યો હતો.

## વાપીમાં ઈ-પીએફઓ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન પ્રાદેશિક કાર્યાલય વાપી દ્વારા વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન હોલ, વાપી ખાતે એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેથી નોકરીદાતાઓ, કર્મચારીઓ અને અન્ય હિસ્સેદારોને સામાજિક સુરક્ષા સંબંધિત નવીનતમ યોજનાઓ અને પહેલો વિશે જાગૃત કરી શકાય.

અધિક કેન્દ્રીય ભવિષ્ય નિધિ કમિશનર સુદિપ્ત ઘોષે સામાજિક સુરક્ષાના મહત્વ અને તેના વિવિધ પરિમાણો પર વિગતવાર ચર્ચા કરી. તેમણે ભવિષ્ય નિધિ હેઠળ ઉપલબ્ધ વિવિધ સામાજિક સુરક્ષા લાભો સમજાવ્યા અને યોજનાઓ વિશે નોકરીદાતાઓ અને કર્મચારીઓમાં જાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આ પ્રસંગે, પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર-૧ અને પ્રાદેશિક કાર્યાલય, વાપીના પ્રભારી અધિકારી વિજય કુમારે EPFO અને ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા સંચાલિત વિવિધ નવી યોજનાઓ વિશે સમજાવ્યું અને તેમને ઉપલબ્ધ લાભોનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમની શરૂઆતમાં, વિભાગે EPFO અને ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ અને પહેલો અંગે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓના નોકરીદાતાઓ, પ્રતિનિધિઓ, HR મેનેજરો અને કર્મચારીઓએ જાગૃતિ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં અમદાવાદના પ્રાદેશિક કાર્યાલયના પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર-I અભિષેક કુમાર, વાપીના પ્રાદેશિક કાર્યાલયના પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર-II રોહિત સિંહ અને વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના ઉપપ્રમુખ મગન સાવલીયા, VIAના ખજાનચી રાજુલ શાહ સહિત અન્ય મહાનુભાવો અને ઔદ્યોગિક સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત




## શાહિદ કપૂરના કો-સ્ટાર રોહુલ્લાહ મેહદીની ડ્રગ્સ કેસમાં ધરપકડ

**ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે સ્નેપચેટ, વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા અપ પર એમડી ડ્રગ્સનું રેકેટ ચાલે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૪:** મુંબઈમાંથી ફરી એકવાર બોલીવુડ અને ડ્રગ્સનું કનેકશન ઉજાગર કરતી ઘટના સામે આવી છે. મીરા રોડના કાશિમીરા વિસ્તારમાં પોલીસની કાર્યવાહી દરમિયાન ૫ લાખથી વધુની કિંમતના ડ્રગ્સ સાથે ૨ લોકોની ધરપકડ કરવામાં આવી. જેમાં શાહિદ કપૂરની ફિલ્મ દેવામાં કામ કરી ચુકેલા એક્ટર રોહુલ્લાહ મેહદીની મુખ્ય આરોપી તરીકે ધરપકડ થઈ છે.


આ અંગે જાણવા મળતી માહિતી અનુસાર ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે સ્નેપચેટ, વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા અપ પર એમડી ડ્રગ્સનું રેકેટ ચાલે છે. આ બાતમીના આધારે આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની ટીમે નકલી ગ્રાહક તૈયાર કરી આરોપીઓને રંગેહાથ પકડવા માટે ઓપરેશન શરુ કર્યું હતું.

પોલીસના નકલી ગ્રાહકે આરોપી પાસેથી ૨૮ ગ્રામ એમડી ડ્રગ્સ મંગાવ્યું. જ્યારે આરોપી ડિલીવરી આપવા આવ્યો ત્યારે પોલીસની ટીમે તેને દબોચી લીધો. ત્યારબાદ પુછપરછ દરમિયાન આરોપીએ મુખ્ય વ્યક્તિ એટલે કે એક્ટર રોહુલ્લાહ મેહદીનું નામ આપ્યું. પોલીસે એક્ટર વિરુદ્ધ પુરતી જાણકારી મેળવ્યા પછી એક્ટર રોહુલ્લાહ મેહદીને શૂટિંગના સેટ પરથી જ ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં સામે આવેલી જાણકારી અનુસાર રોહુલ્લાહ મેહદી જમ્મૂ કાશ્મીરના બડગામ જિલ્લાનો રહેવાસી છે. કામના કારણે તે મુંબઈના ગોરેગાંવમાં રહેતો હતો.

### બોલીવુડના ફેમસ ડિરેક્ટરે કર્યો ખુલાસો

## એક સમયે રેખા, અમિતાભ બચ્ચનને પોતાનો પતિ માનવા લાગી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૧ :** બોલીવુડમાં ઘણીવાર એવું થાય છે કે એક સાથે ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યા પછી હીરો હીરોઇન એકબીજાના પ્રેમમાં પડે. પ્રેમમાં પડ્યા પછી ઘણા એક્ટર્સ લગ્ન કરી લેતા હોય છે તો ઘણાની લવ સ્ટોરીનો દુ:ખદ અંત આવી જતો હોય છે. પરંતુ તેની ચર્ચા વર્ષો સુધી થાય છે. આવી જ લવ સ્ટોરી છે અમિતાભ બચ્ચન અને રેખાની. એ વાત સૌ કોઈ જાણે છે કે રેખા અમિતાભ બચ્ચનના ગળાડૂબ પ્રેમમાં હતી. રેખા એક સમયે અમિતાભ બચ્ચનના પ્રેમમાં એટલી પાગલ થઈ ગઈ હતી કે તેને લગ્ન વિના જ પોતાના પતિ માનવા લાગી હતી. આ વાત બોલીવુડના એક ફેમસ ડિરેક્ટરે કરી છે.



રેખા અને અમિતાભ બચ્ચને પોતાના સંબંધોને સાર્વજનિક રીતે ક્યારેય સ્વીકાર્યા નથી. પરંતુ અમિતાભ બચ્ચન માટે રેખાનો પ્રેમ જગ જાહેર છે. તે વાતનો પુરાવો રેખાના જીવન પર લખાયેલી પુસ્તક રેખા ધ અનટોલ્ડ સ્ટોરીમાં પણ મળે છે. આ પુસ્તકમાં રેખાના અંગત જીવનના કેટલાક કિસ્સાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં જ લેખક યાસિર ઉસ્માને ઉમરાવ જાનના નિર્દેશક મુઝફ્ફર અલીના હવાલેથી રેખા અને અમિતાભ બચ્ચનના સંબંધને લઈને આ વાત લખી છે. પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે ઉમરાવ જાન નિર્દેશક મુઝ્ઝફર અલી માનતા હતા કે રેખા સાથે ખોટું થયું છે અને અમિતાભ બચ્ચને તેની સાથે લગ્ન કરી લેવાની જરૂર હતી. નિર્દેશકે એવું લખ્યું છે કે તેણે રેખાની સ્થિતિને ખૂબ નજીકથી જોઈ હતી. રેખાને જોઈને જ તેમને લાગ્યું હતું કે અમિતાભ બચ્ચને તેમના સંબંધને એક ઓળખ અને નામ આપવાની જરૂર હતી.

યાસિર ઉસ્માને તેની પુસ્તકમાં લખ્યા અનુસાર મુઝફ્ફર અલીએ એ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે જ્યારે ઉમરાવ જાન ફિલ્મનું શૂટિંગ થઈ રહ્યું હતું ત્યારે રેખા અમિતાભ બચ્ચનના નામનો ઉલ્લેખ કેવી રીતે કરતી જાણે અમિતાભ બચ્ચન તેનો પતિ હોય. જે રીતે પત્ની પોતાના પતિને બોલાવતી હોય તે રીતે જ રેખા અમિતાભ બચ્ચનને બોલાવતી હતી. મુઝફ્ફર અલીએ રેખાની મનોદશા વિશે કહ્યું હતું કે એક સમયે એવો આવ્યો જ્યારે રેખા જીવતી લાશ જેવી બની ગઈ હતી તેણે મનોમન પોતાની જાતને અમિતાભ બચ્ચની પત્ની માની લીધી હતી. રેખા જે રીતે અમિતાભ બચ્ચનને પ્રેમ કરતી હતી તેને જોઈને મુઝ્ઝફર અલીને લાગતું હતું કે અમિતાભ બચ્ચનને રેખા સાથેના પોતાના સંબંધને નામ આપવાની જરૂર હતી.

## પર્સનલ લાઈફ ચર્ચાનો વિષય બનતા ગોવિંદા ધુંઆફુઆ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૪:** ૬૨ વર્ષીય બોલીવુડ એક્ટર ગોવિંદાની પર્સનલ લાઈફ છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં છે. ગોવિંદાની પત્ની સુનીતા આહુજાએ અલગ અલગ પોડકાસ્ટમાં અને મીડિયા સામે ગોવિંદાના અફેરની વાતો કરીને તેના પર ગંભીર આરોપ લગાવ્યા હતા. ત્યારબાદથી ગોવિંદાની લાઈફ ચર્ચામાં છે. આ ચર્ચાઓને રોકવા માટે હવે ગોવિંદાએ કાયદાની મદદ લીધી છે. એએનઆઈની ખબર અનુસાર ગોવિંદાએ લીગલ નોટિસ જાહેર કરી જણાવ્યું છે કે તેના અંગત જીવન વિશે ખોટી માહિતી ફેલાવનાર વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી થશે અને ૧૦૦ કરોડનો માનહાનિનો કેસ કરવામાં આવશે. ગોવિંદાએ જાહેર કરેલી લીગલ નોટિસમાં



એક્ટરે ઉલ્લેખ કરાવ્યો છે કે તેના કે તેના પરિવાર વિશે ખોટી, ભ્રામક કે એઆઈ જનરેટેડ માહિતી ફેલાવનાર વિરુદ્ધ કેસ કરવામાં આવશે. નોટિસમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ડિજિટલ પ્લેટફોર્મ તેની પર્સનલ લાઈફને લઈને અફવા ફેલાવશે કે એઆઈ કંટેંટ ફેલાવશે તો તેમના વિરુદ્ધ ૧૦૦ કરોડનો માનહાનિનો કેસ કરવામાં આવશે. નોટિસમાં ડિજિટલ પ્લેટફોર્મ, મીડિયા સંસ્થાન, કંટેટ ક્રિએટર્સને ચેતવણી આપી છે કે તેઓ એવું કોઈ કંટેંટ અપલોડ કે બ્રોડકાસ્ટ ન કરે જેનાથી ગોવિંદાની કે તેના પરિવારની છબી ખરાબ થાય. જે આ કામ કરશે તેના વિરુદધ્ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મહત્વપૂર્ણ છે કે લીગલ નોટિસ એવા સમયે જાહેર કરવામાં આવી છે જ્યારે રાખી સાવંત ગોવિંદાની લાઈફ પર ચર્ચા કરતી જોવા મળે છે. રાખી સાવંતે મીડિયાની હાજરીમાં સુનિતા આહુજાને કોલ કરી તેની સાથે વાત કરી હતી. આ કોલમાં સુનીતા આહુજાએ કહ્યું હતું કે તેણે ડિવોર્સ કેસ ફાઈલ કર્યો હતો પણ પરત ખેંચી લીધો છે કારણ કે આ લોકો લગ્નના પ્લાનિંગમાં હતા. આમ તો ગોવિંદા સુનીતા આહુજાના બિંદાસ્ત નિવેદનોથી પહેલાથી જ રોષે ભરાયેલો હતો. આ ઘટના પહેલા તેણે પોતે એક વીડિયોમાં સુનીતા આહુજાને બોલવામાં ધ્યાન રાખવાની અને હદમાં રહેવાની વાત કરી હતી. ત્યારબાદ સુનીતા આહુજાએ ફોનમાં કરેલી વાત પછી ગોવિંદા ધુંઆફૂઆ થયો છે અને હવે તેણે કાયદાના રસ્તે ચાલવાનું પસંદ કર્યું છે.


દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


### ધુરંધર અને એનિમલ ફિલ્મ કરતાં પણ

## યશની ફિલ્મ ટોક્સિક ખતરનાક છે




(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૧ :** કન્નડ સુપરસ્ટાર યશની ફિલ્મ ટોક્સિક ૨૬ ઓગસ્ટ સિનેમા ઘરોમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મને લઈને પહેલાથી જ ઈન્ટરનેટ પર બઝ ક્રિએટ કરવામાં આવ્યો છે અને હવે તેમાં વધારો થઈ ગયો છે. આ વધારો થયો છે યુકે સેન્સર બોર્ડના સર્ટિફિકેટથી. યુકે સેન્સર બોર્ડે યશની ફિલ્મ ટોક્સિકને ૧૮ પ્લસ કેટેગરીની ફિલ્મ ગણાવી છે. ફિલ્મને અલગ અલગ કેટેગરીમાં પાંચમાંથી પાંચ રેટિંગ મળ્યું છે. યુકેના સેન્સર બોર્ડના સર્ટિફિકેટ અનુસાર ટોક્સિક ફિલ્મ એનિમલ અને ધુરંધર ફિલ્મને પણ પાછળ છોડી દેશે તેવું લાગે છે.

યુકે સેન્સર બોર્ડે ટોક્સિક ફિલ્મનું જે વિવરણ કર્યું છે તે અનુસાર ફિલ્મમાં ભયંકર હિંસા, બોલ્ડ સીન અને ખતરનાક દ્રશ્યો ભરપૂર માત્રામાં દેખાડવામાં આવ્યા છે. જેના કારણે બ્રિટનમાં પણ આ ફિલ્મને ૧૮ પ્લસ સર્ટીફીકેટ મળ્યું છે. ધુરંધર ફિલ્મ સાથે ટોક્સિક ફિલ્મની સરખામણી થવા લાગી છે કારણ કે ધુરંધર ફિલ્મને યુકે સેન્સર બોર્ડે ફક્ત હિંસાની શ્રેણીમાં પાંચમાંથી પાંચ રેટિંગ આપ્યું હતું બાકી અન્ય શ્રેણીમાં ફિલ્મને બે થી ચાર સુધીનું રેટિંગ મળ્યું હતું. પરંતુ ટોક્સિક ફિલ્મને હિંસા, બોલ્ડ સીન, ઈન્જરી ડિટેલ જેવી ત્રણ મુખ્ય શ્રેણીમાં પાંચમાંથી પાંચ રેટિંગ મળ્યું છે. આ સિવાય થ્રીલ, થ્રેટ, ન્યૂડીટી અને ભાષાની બાબતમાં ફિલ્મને પાંચમાંથી ચાર નું રેટિંગ મળ્યું છે.

બ્રિટનમાં સેન્સર બોર્ડે જે ફિલ્મને ૧૮ પ્લસ સર્ટિફિકેટ આપીને પાસ કરી છે તેમાં કુલ રન ટાઈમ ૧૧૯ મિનિટ અને ૪૧ સેકન્ડ નો છે એટલે કે ત્રણ કલાક અને ૧૧ મિનિટ. સેન્સર બોર્ડના રિપોર્ટ અનુસાર ફિલ્મમાં વિચલિત કરે તેવા દ્રશ્યો પણ છે. કેટલાક સીનમાં માથું ફૂટે તેવા, શારીરિક હિંસા અને ફાંસી જેવા દ્રશ્યોને પણ ભયંકર રીતે દેખાડવામાં આવ્યા છે. ફિલ્મમાં ભારી માત્રામાં વિચલીત કરે સીન પણ દેખાડવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે ટોક્સિક ફિલ્મ બીગ બજેટ ફિલ્મ છે. એક્શન થ્રિલર જોનરની આ ફિલ્મ ૨૬ ઓગસ્ટે ભારત સહિત દુનિયાભરના સિનેમા ઘરોમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મ મુખ્ય રીતે કન્નડ અને અંગ્રેજી ભાષામાં શૂટ કરવામાં આવી છે. જે ભારતમાં હિન્દી ડબ વર્ઝનમાં પણ રિલીઝ થશે. ભારતમાં બનેલી આ સૌથી મોંઘી ફિલ્મોમાંથી એક ફિલ્મ છે.

## દીપિકા મેટરનિટી લીવ પહેલાં ‘રાકા’નું પહેલું શીડ્યુલ પૂરું કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૮ :** અલ્લુ અર્જુન અને અટલીની સાઇ ફાઇ એક્શન ફિલ્મ ‘રાકા’માં દીપિકા પાદુકોણની એન્ટ્રીએ ચાહકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો છે. આ ફિલ્મ દ્વારા દીપિકા અને અલ્લુ અર્જુન પહેલી વખત એકસાથે મોટા પડદા પર જોવા મળશે. તાજેતરમાં દીપિકાએ પોતાની બીજી પ્રેગનન્સી જાહેરાત કર્યા બાદ હવે તેની પ્રેગનન્સી ફિલ્મના શૂટિંગને કેવી અસર કરશે તે અંગે ચર્ચાઓ ચાલી રહી હતી.હવે કેટલાંક અહેવાલમાં ફિલ્મનાં શૂટિંગ શીડ્યુલ અંગે મહત્વની માહિતી સામે આવી છે. અહેવાલ મુજબ, દીપિકા સપ્ટેમ્બરમાં મેટરનિટી લીવ પર જતાં પહેલાં ‘રાકા’ના પહેલ શીડ્યુલનું પોતાનું શૂટિંગ પૂરું કરશે. અહેવાલમાં એક સૂત્રના જણાવ્યા અનુસાર, “દીપિકાની રજાઓ પહેલાં જ તેનો તમામ મહત્વનો ભાગ પૂર્ણ કરવાનો પ્લાન શરૂઆતથી જ હતો. સપ્ટેમ્બરથી તે ફિલ્મમાંથી થોડા સમય માટે દૂર રહેશે અને જાન્યુઆરી ૨૦૨૭, એટલે કે તેના



જન્મદિવસ આસપાસ ફરી સેટ પર પરત ફરશે. ત્યારબાદ તે બાકી રહેલું પ્રમોશનલ શૂટિંગ તેમજ ‘રાકા’ના બીજા ભાગનું શૂટિંગ કરશે.” અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે દીપિકા રજા પર હોય ત્યારે પણ ફિલ્મનું શૂટિંગ અટકશે નહીં. બાકીના કલાકારો સાથે નિર્ધારિત શીડ્યુલ મુજબ શૂટિંગ ચાલુ રહેશે, જેથી ફિલ્મના નિર્માણનાં સમયપત્રક પર કોઈ અસર ન પડે.અલ્લુ અર્જુન અને દીપિકા પાદુકોણ ઉપરાંત ફિલ્મમાં રશ્મિકા મંદાના, જાન્હવી કપૂર અને મૃણાલ ઠાકુર પણ અગત્યના રોલમાં જોવા મળશે.


## શ્વેતા તિવારીના ઓનલાઇન ઓર્ડરમાંથી નીકળ્યા કોકરોચ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૧ :** જાણીતી ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં દર્શાવવામાં આવ્યું છે કે તેને ઓનલાઈન ઓર્ડર કરવામાં આવેલી આઈટમમાં કોકરોચ જોવા મળ્યો છે. આ વીડિયોમાં અભિનેત્રીએ FDA ચીફ તુકારામ મુંડેને ટેગ કરીને પૂછ્યું છે કે, ’તમે ક્યાં છો?’ ખરેખર, તાજેતરમાં જ શ્વેતા તિવારીએ સ્વિગી ઈન્સ્ટામાર્ટ પરથી સામાન ઓનલાઈન ઓર્ડર કર્યો અને તેની અંદર એક વંદો મળ્યો. આગળ શું થયું કે અભિનેત્રીએ તરત જ એક વીડિયો બનાવ્યો અને સીધા જ ફૂડ સેફ્ટી પર સવાલો ઉઠાવ્યા. આ વીડિયોમાં તેણે તુકારામ મુંડેને પણ ટેગ કર્યા છે જે આ દિવસોમાં સમાચારોમાં છે. વીડિયોમાં શ્વેતા તિવારી કહી રહી છે કે, ’મેં ઈન્સ્ટામાર્ટ પરથી રેડ બુલ મંગાવ્યો હતો અને તેની સાથે એક વંદો પણ અમારા ઘરે આવ્યો હતો. આ વંદો આખા ઘરમાં ચાલી રહ્યો છે. તમને જણાવી



દઈએ કે આ દિવસોમાં તુકારામ મુંડે ક્વિક કોમર્સ સ્ટોર્સની તપાસને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં, આ તપાસ દરમિયાન, બ્લિંકિટ, ઝેપ્ટો અને ઈન્સ્ટામાર્ટ સાથે સંકળાયેલા ઘણા સ્ટોર્સમાં ખામીઓ બહાર આવી હતી. કુલ ૮૬ મહેકમનું નિરીક્ષણ કર્યા બાદ ૬૦ સુધારણા નોટિસ જારી કરવામાં આવી હતી. આ ઉપરાંત કેટલીક સંસ્થાઓના લાઇસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં, એફડીએએ એક એડને લઈને અભિનેતા શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફને કારણ બતાવો નોટિસ પણ જારી કરી છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, શ્વેતા તિવારી હાલમાં રિયાલિટી શો "ધ ટ્રેટર્સ ૨" માં જોવા મળી રહી છે, જે પ્રાઇમ વિડિયો પર સ્ટ્રીમ થઈ રહી છે.

## અભિનેત્રી અદિતિ શર્માએ પતિ અને સાસરિયા વિરુદ્ધ નોંધાવી ફરિયાદ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૩ :** ‘રબ સે હૈ દુઆ’, ‘અપોલીના - સપનોં કી ઊંચી ઉડાન’ અને ‘કલીરે’ જેવી લોકપ્રિય ટીવી સિરિયલોથી ઓળખ મેળવનારી અભિનેત્રી અદિતિ શર્માએ પોતાના પતિ, સાસુ અને નણંદ વિરુદ્ધ ઘરેલુ હિંસા અને માનસિક સતામણીની ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. અદિતિની ફરિયાદના આધારે ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. જોકે, પોલીસ દ્વારા હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે.ફરિયાદમાં અદિતિએ આરોપ લગાવ્યો છે કે લગ્ન બાદ તેના પતિ તેમજ સાસરિયાના સભ્યોએ તેની સાથે શારીરિક અને માનસિક હેરાનગતિ શરૂ કરી હતી. તેણે મારપીટ, અપશબ્દો બોલવા, તેના ચારિર્ત્ય પર શંકા વ્યક્ત કરવા અને લગ્નના દાગીનાનો ગેરઉપયોગ કરવાનો પ્રયાસ કર્યાનો પણ આરોપ લગાવ્યો છે. પોલીસે જણાવ્યું કે ફરિયાદમાં દર્શાવાયેલા તમામ મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે.પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં અદિતિએ જણાવ્યું કે જૂન ૨૦૨૧માં એક ઓનલાઈન એક્ટિંગ ક્લાસ દરમિયાન તેની ઓળખ અભિનીત સાથે થઈ હતી. બંને વચ્ચેની મિત્રતા બાદમાં પ્રેમસંબંધમાં પરિણમી હતી. બંને પરિવારોની સંમતિથી ૧૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ તેઓએ લગ્ન કર્યા હતા. લગ્ન પહેલાં જ સપ્ટેમ્બર, ૨૦૨૪થી બંને ગોરેગાંવ પશ્ચિમમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં સાથે ‘લિવ ઈન’માં રહેતા હતા.

## OTT પર રિલીઝ થઈ અક્ષય કુમારની ફિલ્મ વેલકમ ટૂ ધ જંગલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૧ :** અક્ષય કુમારની મલ્ટી સ્ટારર ફિલ્મ વેલકમ ટૂ ધ જંગલ આ વર્ષે જૂન મહિનામાં રિલીઝ થઈ હતી. આ કોમેડી એડવેન્ચર ફિલ્મે બોક્સ ઓફિસ પર સારી એવી કમાણી કરી હતી. અક્ષયની આ ફિલ્મ આ વર્ષની પાંચમી સૌથી વધારે કમાણી કરનાર ફિલ્મ છે. જે લોકો ‘વેલકમ ટૂ ધ જંગલ’ સિનેમાઘરોમાં જોઈ શક્યાં નથી તેમનાં માટે આ ગુડ ન્યૂઝ છે. આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ ગઈ છે.

આમ, તમને જણાવી દઈએ કે ‘વેલકમ ટૂ ધ જંગલ’ ઓટીટી પ્લેટફોર્મ જિયો હોટસ્ટાર પર ૨૧ ઓગસ્ટનાં રોજ એટલે આજે રિલીઝ થઈ છે. પ્લેટફોર્મે આ રિલીઝ ડેટની ઓફિશિયલી પોસ્ટ પણ કરી છે, જેનાં કેપ્શનમાં લખ્યું છે કે, હવે બધું જોરદાર થવાનું છે. ‘વેલકમ ટૂ ધ જંગલ’ હવે જિયો હોટસ્ટાર પર સ્ટ્રીમ થઈ રહી છે.

‘વેલકમ ટૂ ધ જંગલ’ મૂવીએ ભારતમાં પિંકવિલાનાં રિપોર્ટ




અનુસાર ૧૩૧ કરોડની કમાણી કરી છે. આ સાથે જ ભારતમાં ગ્રોસ કલેક્શન ૧૫૭ કરોડ રૂપિયા રહ્યું છે. જ્યારે ઓવરસીઝમાં ફિલ્મની ગ્રોસ કમાણી ૩૬ કરોડ અને વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન ૧૯૩ કરોડ રૂપિયા થયું છે.

આમ, અક્ષય કુમારને કોમેડીનાં રોલમાં જોઈને લોકો ખુશ થઈ ગયા છે. રિપોર્ટ્સનું માનીએ તો આ ફિલ્મ ૨૫૦ કરોડ રૂપિયા કરતા વધારે બજેટમાં બની છે. રાજપાલ યાદવે પણ ફિલ્મમાં કોમેડીનો તડકો લગાવ્યો છે, જેની ઝલક ફિલ્મમાં જોવા મળી રહી છે. આટલું જ નહીં આ મૂવીમાં પરેશ રાવલનાં ડાયલોગ્સ તમને હસાવવા માટે મજબૂર કરી દે છે. આમ, આ એક કોમેડી ડ્રામા ફિલ્મ છે. અક્ષય કુમારની એક્ટિંગથી લઈને લોકોએ દિશા પટની, રવીના ટંડન અને જેકલીન ફર્નાન્ડિઝ સહિત અનેક કલાકારોનાં વખાણ કર્યાં છે.

‘વેલકમ ટૂ ધ જંગલ’માં અનેક મોટા સ્ટાર્સ છે, જેમાં અક્ષય કુમાર, પરેશ રાવલ, સુનીલ શેટ્ટી, દિશા પટણી, જેકલીન, રવીના ટંડન, લારા દત્તા, અરશદ વારસી, તુષાર કપૂર, શ્રેયસ તલપડે, આફતાબ શિવદાસની અને જેકી શ્રોફ શામેલ છે. આ ફિલ્મ અહમદ ખાને ડાયરેક્ટ કરી છે.

## રક્ષાબંધનની એડમાં રિવીલિંગ કપડાં પહેરવાનું ભારે પડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૪ :** કૃતિ સેનન આ દિવસોમાં સોશિયલ મીડિયાનાં ટ્રોલ્સનાં નિશાને આવી ગઈ છે. એક્ટ્રેસ રક્ષાબંધન પર એક જ્વેલરી બ્રાન્ડની લેટેસ્ટ એડમાં જોવા મળી. પરંતુ આ એડ કરતાં કૃતિ સેનનનાં આઉટફિટે લોકોનું ધ્યાન વધારે ખેંચ્યું છે. કૃતિ સેનન તેનાં આઉટફિટને કારણે ટ્રોલ્સનાં નિશાના પર ચઢી ગઈ છે. સોશિયલ મીડિયા પર લોકોનું કહેવું છે કે કૃતિ સેનનનાં આઉટફિટ રક્ષાબંધન માટે યોગ્ય નથી. ફેન્સ એક્ટ્રેસને ખરાબ રીતે ટ્રોલ કરી રહ્યાં છે.

જ્વેલરી બ્રાન્ડની આ એડમાં કૃતિએ બ્રાલેટ સ્ટાઈલ બ્લાઉઝ, કેપ અને ડ્રેપ્ડ સ્કર્ટ પહેર્યો છે. આ એડ સામે આવતાં જ અનેક લોકોએ એક્ટ્રેસનાં કપડાં પર સવાલો ઉઠાવ્યાં છે. તેમનું કહેવું છે કે રક્ષાબંધન જેવા તહેવાર સાથે જોડાયેલ એડમાં કૃતિનો આ લુક યોગ્ય નથી.

એક યુઝરે લખ્યું છે કે કોઈપણ જ્વેલરી બ્રાન્ડ ઈદનાં તહેવાર પર કેમ આવી એડ બનાવવાની હિંમત નથી કરતા? આ સાથે બીજા એક ફેન્સે કૃતિ સેનનને ટ્રોલ કરતા કહ્યું કે, કૃતિ સેનનને કોઈપણ તહેવાર પર આવા કપડાં પહેરીને એડ કરવી જોઈએ નહીં. આમ, અનેક યુઝર્સે કૃતિ સેનનને ખરીખોટી સંભળાવી છે.

જાહેરખબરમાં કૃતિની સાથે એક ડોગ પણ જોવા મળી રહ્યો છે. વીડિયોમાં તમે જોઈ શકો છો કે કૂતરું પહેલાં કૃતિને ભસવા લાગે છે અને પછી કૃતિ તેને રાખડી બાંધે છે. આ એડમાં કૂતરાને પણ રક્ષાબંધનની કહાનીનો હિસ્સો બનાવતા લોકોએ ટીકા કરી છે. કેટલાક લોકોનું કહેવું છે કે, કૂતરાને રાખડી બાંધવી હિન્દુ ધર્મ અને ભાવનાઓને ઠેસ પહોંચાડે છે. આ સાથે અનેક લોકોએ કૃતિ સેનનને સપોર્ટ પણ કર્યો છે. સોશિયલ મીડિયા પર કેટલાક લોકોનું કહેવું છે કે કોઈપણ મહિલાને તેનાં કપડાંથી જજ કરવી જોઈએ નહીં.

કૃતિનાં વર્કફ્રન્ટની વાત કરવામાં આવે તો એક્ટ્રેસ છેલ્લે કોકટેલ ૨માં જોવા મળી હતી.

આપનું અખબાર : આપનો અવાજ
DGT

# વલસાડ તાલુકા વિશેષ

Tuesday 25, August 2026

● વલસાડ
●અતુલ
●ગુંદલાવ
● ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com



## વલસાડમાં રખડતા ઢોરોનો અડીંગો

### અબ્રામા અને મોગરાવાડી રોડ પર અકસ્માતનો ભય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** શહેરના મુખ્ય વિસ્તારોમાં રખડતા ઢોરનો ત્રાસ ચરમસીમાએ પહોંચ્યો છે. અબ્રામા રોડ, મોગરાવાડી તેમજ રેલવે સ્ટેશનથી પોલીસ હેડક્વાર્ટર તરફ જતા માર્ગ પર ૨૪ કલાક પશુઓ અડીંગો જમાવીને બેઠા રહે છે. જાહેર માર્ગો પર આમને-સામને બાખડતા પશુઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાયા છે. રસ્તાની વચ્ચે પશુઓના ઝૂંડ બેસી રહેવાથી ટ્રાફિક જામ થાય છે અને વારંવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. અભિયાન બંધ નગરપાલિકા દ્વારા અગાઉ ચલાવવામાં આવતું રખડતા ઢોરો પકડવાનું અભિયાન હાલમાં બંધ હાલતમાં છે, જેથી પશુઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ તંત્ર કોઈ મોટી જાનહાનિ કે ગંભીર અકસ્માતની રાહ જોઈ રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોની ઉગ્ર માંગ છે કે વલસાડ નગરપાલિકા તાત્કાલિક અસરથી રખડતા ઢોરોને પાંજરે પૂરવાની કામગીરી શરૂ કરે એવી માંગ છે.

## ઔરંગા નદીનો જૂનો બ્રિજ બંધ થતાં મુશ્કેલી વધી

### જમીન સંપાદનના અભાવે નવો પુલ અટક્યો : બ્રિજ બંધ થતાં ૧૫થી વધુ ગામોના લોકોને હાલાકી







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** વલસાડ શહેરમાં કસ્ટમ ઓફિસ નજીક આવેલો નાનો ઔરંગા નદીનો જૂનો બ્રિજ જર્જરિત થઈ જતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા સુરક્ષાના ભાગરૂપે વાહનવ્યવહાર માટે સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે. બીજી તરફ, તેની બાજુમાં કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલા નવા બ્રિજની કામગીરી જમીન સંપાદનના અભાવે અધવચ્ચે અટકી પડતાં કાંઠા વિસ્તારના ૧૫થી વધુ ગામોના હજારો નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.જર્જરિત બ્રિજના વિકલ્પ તરીકે તંત્ર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે નવા પુલનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, કસ્ટમ ઓફિસ હસ્તકની જમીન સંપાદન કરવાની પ્રક્રિયા હજુ સુધી પૂર્ણ ન થતાં નવા બ્રિજનું કામ અટકી પડ્યું છે. વહીવટી તંત્રની ધીમી કામગીરી અને સંકલનના અભાવે આ પ્રોજેક્ટ વિલંબમાં પડ્યો હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. વલસાડ શહેર અને કાંઠા વિસ્તારના ૧૫થી વધુ ગામો વચ્ચેનો સીધો સંપર્ક તૂટ્યો છે. નોકરિયાતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ તેમજ દર્દીઓને વલસાડ શહેરમાં પ્રવેશવા માટે લાંબો ચકરાવો કાપીને જવું પડે છે.

સમય અને ઈંધણનો બગાડ થવાની સાથે દરરોજ ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. જમીન સંપાદનની કામગીરી વહેલી તકે પૂર્ણ કરી નવા બ્રિજનું બાંધકામ ઝડપથી પૂરું કરવામાં આવે અને પુલ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાય તેવી કાંઠા વિસ્તારના ગ્રામજનો તથા શહેરીજનો ની ઉગ્ર માંગ કરી રહ્યા છે.

## ઊંટડી શાંતાબેન વિદ્યાભવનના આચાર્યાએ વીર રક્ષકો સાથે રક્ષાબંધન ઉજવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ, તા. ૨૪ :** ભારત વિકાસ પરિષદ સૂર્યનગરી શાખા દ્વારા કચ્છ-ભૂજ બોર્ડર માં દેશની રક્ષા કરનાર વીર જવાનોને રક્ષાસૂત્ર બાંધી સ્નેહ અને સન્માન અર્પણ કરવા માટેનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વલસાડના ઊંટડી ગામની હરિનંદન સ્મૃતિ પ્રાથમિક શાળાના આચાર્યા ભાવનાબેન મિસ્ત્રી જોડાયા હતાં. સૌ પ્રથમ વીરોને રાખડી બાંધીને મીઠું મોં કરાવ્યું હતું. ભાવનાબેને સ્વરચિત કવિતાઓનું ગાન કર્યું હતું. તેમની કવિતાથી હોલ ગૂંજી ઉઠ્યો હતો. બહેનોએ દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં સુરતથી પ્રમુખ રંજનબેન પટેલ, મહિલા સંયોજિકા રીટાબેન ફૂલવાલા, મહિલા સમન્વય સહસંયોજિકા સુરત મહાનગર જયનાબેન દેસાઈ વગેરે જોડાયા હતાં.

## વલસાડમાં દશામાની પ્રતિમાઓનું વિસર્જન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** વલસાડ શહેર સહિત સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં દશામાના દસ દિવસીય વ્રત ઉત્સવની ભક્તિભાવ અને ઉત્સાહ સાથે પૂર્ણાહુતિ થઈ હતી. દસ દિવસ સુધી માતાજીની ભક્તિમાં લીન રહ્યા બાદ શ્રદ્ધાળુઓએ વાજતે-ગાજતે માતાજીની -તિમાઓને જળાશયોમાં અશ્રુભીની આંખે વિદાય આપી હતી. દસ દિવસ દરમિયાન ભક્તો દ્વારા દરરોજ માતાજીની વિશેષ પૂજા-અર્ચના, આરતી, ભજન-કીર્તન, ગરબાની રમઝટ તેમજ વિવિધ વાનગીઓના અન્નકૂટ અને થાળ અર્પણ કરવામાં આવ્યા હતા.વ્રતના દસમા દિવસે ઢોલ-નગારા અને ડીજેના તાલ સાથે ભવ્ય વિસર્જન યાત્રાઓ નીકળી હતી. વલસાડની ઔરંગા નદી તેમજ વાંકી નદીના પટમાં મોટી સંખ્યામાં ભક્તોએ એકત્ર થઈ માતાજીની મૂર્તિઓનું વિસર્જન કર્યું હતું.અતુલ ફર્સ્ટ ગેટ સ્થિત ચણવાઈ વિસ્તારમાં સ્થાપિત દશામાની મૂર્તિ સમક્ષ ભક્તોએ દસ દિવસ પૂજા-અર્ચના કરી છપ્પન ભોગ ધરાવ્યો હતો. દસમા દિવસે વાજતે-ગાજતે નીકળેલી શોભાયાત્રા પાર નદી પહોંચી હતી, જ્યાં મા ભવાની મિત્ર મંડળ (નાની ચણવાઈ ચાર રસ્તા)ના ઉત્સાહી યુવાનો દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ સેવાભાવ દાખવી નદીમાં ઉતરીને તમામ મૂર્તિઓનું સુરક્ષિત અને નિ:શુલ્ક વિસર્જન કરાવવામાં આવ્યું હતું.

## ચણવઈનું 'સેન્ટર ઓફ એક્સલન્સ' ખેડૂતોની સમૃદ્ધિનું સરનામું બન્યું

**સેન્ટર દ્વારા અત્યાર સુધીમાં ૫,૬૦૦ આંબાની કલમો અને ૨.૩૦ લાખ ધરુનું વિતરણ કરાયું**



(સલોની પટેલ દ્વારા)

**વલસાડ, તા. ૨૪ :** ગુજરાત રાજ્યના બાગાયત ખાતા અંતર્ગત કાર્યરત 'ગુજરાત હોર્ટીકલ્ચર નોલેજ સોસાયટી' દ્વારા સંચાલિત 'સેન્ટર ઓફ એક્સલેન્સ ફોર ફલોરીકલ્ચર એન્ડ મેંગો, ચણવઈ (જિ. વલસાડ)' દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. આ સેન્ટર આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતીને પ્રોત્સાહન આપવા તેમજ ખેડૂતોને રોગમુક્ત અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્લાન્ટિંગ મટીરીયલ્સ પૂરા પાડવાની નોંધપાત્ર કામગીરી કરી રહ્યું છે. અહીં આધુનિક ગ્રીનહાઉસ અને નર્સરી કન્સેપ્ટ હેઠળ ધરુ અને કલમો ઉછેરવામાં આવતી હોવાથી છોડમાં રોગ-જીવાત સામે લડવાની ક્ષમતા વધુ હોય છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને ઓછામાં ઓછી રૂ. ૨,૦૦૦ ની ખરીદી કરવા પર સહાય મળવાપાત્ર રહેશે. સહાયના નિયત ધોરણ મુજબ, સામાન્ય જાતિના ખેડૂતોને કુલ ખર્ચના ૫૦ ટકા અથવા મહત્તમ રૂ. ૫,૦૦૦ પ્રતિ લાભાર્થીની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. જ્યારે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (SC/ST) ના ખેડૂતો માટે આ સહાય કુલ ખર્ચના ૭૫ુ અથવા મહત્તમ રૂ. ૭,૫૦૦ -તિ લાભાર્થીની મર્યાદામાં મળવાપાત્ર છે. ચાલુ વર્ષ દરમિયાન સેન્ટર દ્વારા ખેડૂતોને સમયસર વાવેતર સામગ્રી ઉપલબ્ધ કરાવી ઉત્કૃષ્ટ પરિણામો મેળવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ખેડૂતોને અંદાજે ૫,૬૦૦ જેટલી ઉચ્ચ ગુણવત્તાવાળી આંબાની કલમો પૂરી પાડવામાં આવી છે, તેમજ શાકભાજી તથા ફૂલપાકના અંદાજે ૨.૩૦ લાખ તંદુરસ્ત ધરુનું સફળતાપૂર્વક વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, હાલમાં ખેડૂતો દ્વારા પૂરા પાડવામાં આવેલા બિયારણમાંથી સેન્ટર ખાતે વૈજ્ઞાનિક પદ્ધતિથી અંદાજે ૨.૫૦ લાખ ધરુ તૈયાર થઈ રહ્યા છે,

આ યોજનાનો સીધો લાભ મેળવવા માટે ખેડૂતોએ નિયત નમૂનાની અરજી સાથે કેટલાક જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહે છે. જેમાં ત્રણ માસ કરતાં જૂની ન હોય તેવી ગામ નમૂના નં. ૮-અ, ૭ અને ૧૨ ની અસલ નકલ, આધાર કાર્ડ અથવા રેશનકાર્ડની નકલ, જરૂરિયાત મુજબ ફોટોગ્રાફ દર્શાવતું ઓળખપત્ર અને જો લાગુ પડતું હોય તો જાતિ કે દિવ્યાંગતાના પ્રમાણપત્રની નકલ સામેલ કરવાની હોય છે.


## વલસાડની કોમર્સ કોલેજમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** વલસાડ ની શાહ એન. એચ. કોમર્સ કોલેજ માં વિદ્યાર્થીઓમાં નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી બ્રહ્માકુમારી વલસાડના સહયોગથી નશામુક્તિ અંગે વ્યાખ્યાન તથા નશામુક્તિ શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બ્રહ્માકુમારી વલસાડના પ્રતિનિધિ દ્વારા વિદ્યાર્થીઓને નશાના વિવિધ પ્રકારો, તેના કારણે વ્યક્તિના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરો તેમજ પરિવાર અને સમાજ પર પડતી નકારાત્મક અસર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને નશાથી દૂર રહી સ્વસ્થ, સંયમિત અને જવાબદાર જીવન જીવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

વ્યાખ્યાન બાદ ઉપસ્થિત વિદ્યાર્થીઓએ નશામુક્તિ અંગે શપથ ગ્રહણ કરી પોતે કોઈપણ પ્રકારના નશાથી દૂર રહેવા તેમજ પરિવાર, મિત્રો અને સમાજમાં નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમની જવાબદારી શાહ એન. એચ. કોમર્સ કોલેજના ફલ્લ યુનિટ દ્વારા સંભાળવામાં આવી હતી. NSS યુનિટ દ્વારા વિદ્યાર્થીઓમાં નશામુક્તિ, સ્વસ્થ જીવનશૈલી અને સામાજિક જવાબદારી અંગે જાગૃતિ લાવવાના હેતુથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

## વલસાડની ૧૦૭ વર્ષ જૂની પશ્ચિમ રેલવે શાળા હવે ટેક્નોલોજી અને ગુણવત્તાયુક્ત શિક્ષણનું કેન્દ્ર બની





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** વલસાડ સ્થિત પશ્ચિમ રેલ્વે માધ્યમિક શાળા (અંગ્રેજી માધ્યમ) પશ્ચિમ રેલ્વે હેઠળની સૌથી જૂની શૈક્ષણિક સંસ્થાઓમાંની એક છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાના તેના સમૃદ્ધ વારસાને ચાલુ રાખતા, શાળાએ આધુનિક શિક્ષણ પદ્ધતિઓ અને માળખાગત સુવિધાઓ અપનાવવા તરફ સતત પ્રગતિ કરી છે. ૧૯૧૯માં રેલ્વે એંગ્લો ઈન્ડિયન સ્ટડી સેન્ટર, બુલસરે તરીકે ત્રણ રૂમની એક સરળ ઈમારતમાં સ્થાપિત, સંસ્થા સમય જતાં એક સુવ્યવસ્થિત શાળામાં વિકસિત થઈ છે જે જુનિયર કેજીથી ધોરણ ૧૦ સુધી શિક્ષણ પ્રદાન કરે છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, શાળામાં હાલમાં કુલ ૩૯૪ વિદ્યાર્થીઓ છે, જેમાં ૨૮૭ રેલ્વે કર્મચારીઓના બાળકો અને ૧૦૭ બિન-રેલ્વે વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. શાળામાં ૧૮ શિક્ષકોની ટીમ કાર્યરત છે. ૧૯૯૨માં, શાળાને માધ્યમિક સ્તર પર અપગ્રેડ કરવામાં આવી અને તેનું નામ રેલ્વે માધ્યમિક શાળા (અંગ્રેજી માધ્યમ), વલસાડ રાખવામાં આવ્યું. ત્યારબાદ, એપ્રિલ ૨૦૧૫થી શાળામાં સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) અભ્યાસક્રમ લાગુ કરવામાં આવ્યો. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણના ભાગ રૂપે ૨૦૨૪માં જુનિયર KG વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા.શાળાએ ઉત્તમ શૈક્ષણિક પ્રદર્શન જાળવી રાખ્યું છે, ૨૦૨૧-૨૨ શૈક્ષણિક સત્રથી ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્ર સુધી સતત પાંચ શૈક્ષણિક સત્રો માટે ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષાઓમાં ૧૦૦ુ પરિણામો પ્રાપ્ત કર્યા છે. ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્રમાં, ૨૨ વિદ્યાર્થીઓએ IIT મદ્રાસ સ્કૂલ કનેક્ટ પ્રોગ્રામ હેઠળ પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાં ભાગ લીધો હતો અને બધાએ સફળતાપૂર્વક અભ્યાસક્રમો પૂર્ણ કર્યા હતા. આમાંથી, ત્રણ વિદ્યાર્થીઓએ ૧૦૦/૧૦૦ ગુણ પ્રાપ્ત કરીને ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

શાળામાં ટેકનોલોજી-સક્ષમ વર્ગખંડો છે જે ઈન્ટરેક્ટિવ સ્માર્ટ બોર્ડથી સજ્જ છે, ૩૦ કમ્પ્યુટરથી સજ્જ કમ્પ્યુટર લેબ, એક સંયુક્ત વિજ્ઞાન પ્રયોગશાળા, ૧,૭૦૦ થી વધુ પુસ્તકો સાથેનું પુસ્તકાલય, ઈન્ટરનેટ એક્સેસ અને CCTV સર્વેલન્સ છે. વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્ય, નેતૃત્વ કૌશલ્ય, અસરકારક સંદેશાવ્યવહાર, ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા, કારકિર્દી જાગૃતિ, ઉદ્યોગસાહસિકતા અને એકંદર વ્યક્તિત્વ વિકાસ વિકસાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શિક્ષકો નિયમિતપણે CBSE અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આયોજિત તાલીમ કાર્યક્રમોમાં પણ ભાગ લે છે.

શાળાના વિદ્યાર્થીઓએ સ્કાઉટ્સ અને ગાઈડ્સ, રમતગમત અને સહ-અભ્યાસક્રમ પ્રવૃત્તિઓમાં પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. કુલ ૪૩ વિદ્યાર્થીઓએ બીજા તબક્કામાં, ૧૩ વિદ્યાર્થીઓએ ત્રીજા તબક્કામાં, જ્યારે ચારને રાજ્ય પુરસ્કારો પ્રાપ્ત થયા છે. વિદ્યાર્થીઓએ કરાટે, બોક્સિંગ અને અન્ય રમતગમત સ્પર્ધાઓમાં રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે શાળાનું પ્રતિનિધિત્વ કર્યું છે. વધુમાં, વિદ્યાર્થીઓએ ડિસ્કસ થ્રો અને એથ્લેટિક્સમાં નોંધપાત્ર સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાળા સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, આપત્તિ વ્યવસ્થાપન, આરોગ્ય અને કેન્સર જાગૃતિ કાર્યક્રમો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ચર્ચાઓ, ક્વિઝ, રેલીઓ, શેરી નાટકો અને વિવિધ રાષ્ટ્રીય જાગૃતિ અભિયાનોનું પણ સક્રિયપણે આયોજન કરે છે અને તેમાં ભાગ લે છે. શાળાના ચાલુ વિકાસના ભાગ રૂપે, ઉચ્ચતર માધ્યમિક વર્ગો માટે એક નવી ઈમારત બનાવવામાં આવી રહી છે, જેમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન પ્રયોગશાળાઓ, વર્ગખંડો અને એક એસેમ્બલી હોલની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. વિદ્યાર્થીઓ અને સમુદાયની વધતી જતી શૈક્ષણિક જરૂરિયાતો અને આકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને, શાળાને ઉચ્ચતર માધ્યમિક સ્તર સુધી વિસ્તૃત કરવાનો પ્રસ્તાવ છે, જેમાં ત્રણ ફેકલ્ટીઓ શરૂ કરવામાં આવશે. ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓની વધતી જતી શૈક્ષણિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે શાળાને ધીમે ધીમે વિસ્તૃત કરવાનો છે.સદીઓ જૂની ભવ્ય વારસો, સતત ઉત્તમ શૈક્ષણિક પ્રદર્શન, માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજી, કૌશલ્ય, રમતગમત અને સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર સાથે, વલસાડ સ્થિત પશ્ચિમ રેલ્વે માધ્યમિક શાળા (અંગ્રેજી માધ્યમ) આધુનિક શિક્ષણની બદલાતી જરૂરિયાતો સાથે તેના ગૌરવપૂર્ણ વારસાને સફળતાપૂર્વક સંકલિત કરી રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ઉદ્દેશ્યોને અનુરૂપ ગુણવત્તાયુક્ત, સમાવિષ્ટ અને ભવિષ્ય માટે તૈયાર શિક્ષણને વધુ મજબૂત બનાવવાના પ્રયાસોના ભાગ રૂપે શાળાને પીએમ શ્રી શાળા પહેલ હેઠળ સમાવવાની પ્રક્રિયામાં છે.



## વલસાડ જિલ્લા સહકારી સંઘની વાર્ષિક જનરલ સભા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**વલસાડ, તા. ૨૪ :** વલસાડ સહકારી સંઘ ની ૬૦મી વાર્ષિક જનરલ સભા સંઘ ના કાર્યકારી પ્રમુખ ભરત ભાઈ પટેલ ની અધ્યક્ષ સ્થાને વલસાડ માં શાંતિ પૂર્ણ વાતાવરણ માં સંપન્ન થઈ હતી. સભા માં એજન્ડા મુજબના કામ સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા હતા સંઘ ના ઈન્ચાર્જ એક્ઝિક્યુટિવ ઓફિસર ગિરીશ પટેલે એજન્ડા મુજબના કામ હાથ ધરી મિનિટબુકનું વાંચન કર્યું હતું. સંઘ ના કાર્યકારી પ્રમુખ ભરતભાઈ પટેલે સંઘ મારફત વર્ષ દરમ્યાન કરેલ વિવિધ સહકારી પ્રવૃતિની માહિતી આપી હતી. જેમાં મહિલા કો. ઓપ. એજ્યુકેશન ઓફિસર ગીતાબેન પટેલ મહત્વની ભૂમિકા ભજવી હતી. જેમાં સંઘના પ્રમુખ ભરતભાઈ અને મંત્રી અમિતભાઈ પટેલે પોતાનું શિક્ષણ બાબતે લેશન આપ્યું હતું.

આજની આ સભામાં ભરત ભાઈ, અમિતભાઈ, હસુભાઈ દેસાઈ વગેરે ચર્ચામાં ભાગ લીધો હતો. સંઘ ના ડાયરેક્ટર નીલકંઠ દેસાઈ, સુમનભાઈ દેસાઈ, વૈશાલીબેન દેસાઈ વગેરે હાજર રહી સભાના કામ એજન્ડા મુજબ કરવામાં ભાગ લીધો હતો.

સભ્યોને સંબોધન ભરતભાઈ પટેલે કહ્યું જ્યારે આભાર વિધિ સંઘ ના મંત્રી અમિતભાઈ પટેલે કરી હતી.

## મગોદની જય અંબે સ્કુલમાં ત્રીજો 'નેશનલ સ્પેસ-ડે' ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ, તા. ૨૪ :** વલસાડના મગોદગામ ખાતે આવેલ જય અંબે સ્કુલમાં નેશનલ સ્પેસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વડોદરાના ઈનોવેટર મિથિલેરા પટેલે વિદ્યાર્થીઓને ભણવાની સાથે નવા નવા ઈનોવેટીવ કેવી રીતે તૈયાર કરવા એની વિગતે સમજ આપીહતી.

૨૩ ઓગસ્ટે ચંદ્રયાન - ૩ એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડીંગ કર્યુ હતુ અને આ કારણસર ૨૩મી ઓગસ્ટે નશનલ સ્પેસ ડે ઉજવવામાં આવે છે. વલસાડના મગોદમાં મહિલા કલબ ઓફ સુવર્ણ વલસાડ દ્વારા પ્રાયોજિત આ કાર્યક્રમમાં વલસાડના ભૌતિક વિજ્ઞાનના શિક્ષક પરિતોષ ભટ્ટે ભારત દેશના વિવિધ સ્પેસ પોગ્રામોની સમજ આપી હતી.

વડોદરાના સુપ્રસિદ્ધ ઈનોવેટર મિથિલેશ પટેલે ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ સામે કવચ બનાવ્યું હતુ અને આગામી દિવસોમાં પૃથ્વીની સુરક્ષા માટે પણ કવચ કેવી રીતે બનાવી શકાય અને ઓઝોનના સારમાંથી આવતા અલ્ટ્રાવાયોલેટ જેવા ઝેરી વાયોઓને પૃથ્વી પરઆવતા કેવી રીતે અટકનવી શકાય એ અંગે માસ્હિતી આપી હતી. અંતમાં વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી વિભાગમાં કેટલાક વિદ્યાર્થીઓએ બાઈક માટે કવચ, મોબાઈલ કવચ વિગેરે બનાવવા માટે ચર્ચાઓ કરી હતી.

કાર્યક્રમના અંતમાં શાળાના કેમ્પસ ડાયરેકટર પરેશભાઈએ આભાર વિધિ કરી હતી અને આ ત્રીજા નેશનલ સ્પેસ ડે નિમિત્તે વિદ્યાર્થીઓને ભણવાની સાથે ઈનોવેટીવ અને ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. વલસાડની મહિલા કલબ ઓફ સુવર્ણ દ્વારા મહાનુભવોને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી.

# અન્ય સમાચારો

Tuesday 25, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 25, August 2026

## મોંઘી થઈ રહી છે મીઠાશ

જન્માષ્ટમી, ગણેશોત્સવ, નવરાત્રિ અને દિવાળી. પર્વશૃંખલા આંગણે આવીને ઊભી છે તે વેળાએ જ મીઠાશ મોંઘી થઈ રહી છે. ખાંડના ભાવ બુલેટટ્રેનની ગતિથી વધી રહ્યા છે. ચર્ચા સૌ કોઈ કરે છે, મુશ્કેલી બધાને છે, પરંતુ વ્યક્ત કોઈ થતું નથી. ખાંડ જેવી રાજિંદા વપરાશની વસ્તુમાં ટૂંકા ગાળામાં ૪૦ ટકા જેટલો વધારો સામાન્ય બાબત નથી. ચર્ચા કારણોની થઈ રહી છે, પરિણામની નહીં, ખાંડ મોંઘી થઈ છે તે અગત્યનું છે. પુનઃ ભાવ ઘટે તે જરૂરી છે અને કોઈ ચીજવસ્તુના ભાવ એકવખત વધે પછી તરત નિયંત્રણમાં આવે તેવું બનતું હોતું નથી. પેટ્રોલમાં ઈથેનોલનો ઉપયોગ થાય છે તેને લીધે ખાંડનાં ઉત્પાદન ઉપર અસર પડી તેવા તર્કને સરકાર સંપૂર્ણ નકારી રહી છે. શેરડીના પાકમાં નબળાં ચોમાસાં, ખરાબ ઋતુને લીધે ઘટાડો થયો છે. જો કે, તો પછી ઈથેનોલ બનાવવાની મંજૂરી શા માટે સરકારે આપી? આંતરરાષ્ટ્રીય બજારમાં ખાંડના ભાવ જે થયા છે તેની પણ અસર પડી છે. સરકાર કહે છે ઈથેનોલનો ત્રણ ચતુર્થાંશ હિસ્સો અનાજ અને મકાઈના લોટમાંથી આવે છે. આ બધાં કારણ અને તે માટે સરકારના જવાબ કે સ્પષ્ટતા છે. સ્થિતિ એ છે કે ખાંડ મોંઘી છે. તહેવાર નજીક છે. સૌરાષ્ટ્રમાં તો જન્માષ્ટમી મુખ્ય તહેવાર છે. તે સમયે ખાંડ મોંઘી થશે, તો સંગ્રહખોરો તેનો ગેરલાભ ઊઠાવે તેવી શક્યતા પણ નકારી શકાય નહીં તેવું પહેલાં વિચારવાની જરૂર હતી. સરકારે ખાંડના ભાવને નિયંત્રણમાં લેવા માટે દસ લાખ ટન ખાંડ આયાત કરવાનો નિર્ણય લીધો ઉપરાંત વિક્રેતાઓ ઉપર નજર રાખવાનું શરૂ કર્યું, સંગ્રહની મર્યાદા નક્કી કરી છે અને તેવી પ્રવૃત્તિ સામે આકરાં પગલાં લેવાની પણ તૈયારી છે તે આવકાર્ય છે, હવે તેની અસર કેવી થાય છે તે પ્રશ્ન છે. ખાંડના વધતા ભાવ માટે ઈથેનોલ નીતિ જવાબદાર નથી તેવું સાબિત કરવા સરકાર તમામ મથામણ કરી રહી છે અને વિપક્ષ મચી પડયો છે આ કારણ જ છે તેવું પુરવાર કરવા. ઈથેનોલ વાળાં પેટ્રોલથી વાહનની એવરેજ ઘટે છે તે વાતથી તો સરકારે પણ સ્પષ્ટ ઈન્કાર કર્યો નથી તેથી વિપક્ષનું જોર વધ્યું. શેરડીની ખેતી અને ખાંડની મિલોને ઈથેનોલ નીતિને લીધે લાભ મળ્યો છે તેવું સરકારે કહ્યું તેના ઉપરથી હવે લાગે છે કે, ઈથેનોલ ઉપર થોડો પુનર્વિચાર થવાની શક્યતા નથી. માની લઈએ કે, ઈથેનોલ નીતિને લીધે ખાંડના ભાવ નથી વધ્યા, તોય હવે તેની ઉપેક્ષા થઈ શકે તેમ નથી. કારણ કે, વિવાદનો મુદ્દો તો એ પણ છે. ઈથેનોલયુક્ત પેટ્રોલને લીધે પેટ્રોલિયમ પેદાશોની આયાતમાં વપરાતાં વિદેશી હૂંડિયામણની બચત પણ થાય છે, પરંતુ તે બચતથી ફાયદો કેટલો અને સામે જે આ થઈ રહ્યું છે તે નુકસાનનું શું ? ઈ-૨૦ ઈંધણ પર્યાવરણ માટે લાભદાયી સાબિત થાય છે તે પણ વિચારવું રહ્યું. અલબત્ત, પેટ્રોલના ભાવની સ્થિતિ હોર્મુઝ ખાડી અને અમેરિકા-ઈરાનનાં યુદ્ધ ઉપર નિર્ભર છે. શરૂઆતમાં સરકારે પેટ્રોલના ભાવ વધવા દીધા નહોતા, પરંતુ ખાંડની કિંમત સાવ સરકારનાં નિયંત્રણ બહાર હોય તેવું નથી.

દમણગંગા ટાઇમ્સ
CORPORATE NEWS

## એટોમબર્ગે રૂ. ૪૫૦ કરોડના ફ્રેશ ઈશ્યૂ માટે DRHP ફાઈલ કર્યું

**સુરત, તા. ૨૪ :** એટોમબર્ગ ટેક્નોલોજીસ લિમિટેડે તેના આઈપીઓ માટે SEBI સમક્ષ DRHP ફાઈલ કર્યું છે. આ IPOમાં રૂ. ૧૦ની મૂળ કિંમત ધરાવતા કુલ રૂ. ૪૫૦ કરોડ સુધીના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૧૦ની મૂળ કિંમત ધરાવતા ૭,૬૫,૪૨,૦૫૧ ઈક્વિટી શેર્સની ઓફર ફોર સેલ (OFS)નો સમાવેશ થાય છે

. એટોમબર્ગ બ્રાન્ડ હેઠળ ભારતીય ઘરો માટે મિક્સર ગ્રાઈન્ડર, વોટર પ્યુરિફાયર અને કોલ્ડ-પ્રેસ્ડ જ્યુસર સહિતના આગામી પેઢીનાં ગ્રાહક ઉપકરણો બનાવે છે. એટોમબર્ગ તેના ઉત્પાદનોનું વેચાણ ઓમ્ની-ચેનલ ડિસ્ટ્રિબ્યુશન મોડેલ દ્વારા કરે છે.

૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં, તેના જનરલ ટ્રેડ નેટવર્કમાં આશરે ૧,૬૦૦ શહેરો અને નગરોમાં આશરે ૬૨૬ ડિસ્ટ્રિબ્યુટર્સ તથા ડાયરેક્ટ ડીલર્સ અને ૪૬,૯૩૨ રિટેલ ટચપોઈન્ટ્સ સામેલ હતા તેનું સર્વિસ નેટવર્ક ભારતના ૧૮,૦૦૦થી વધુ પિન કોડ્સને આવરી લે છે.

દિલ્હીની ગુજરાતી રંગભૂમિએ એક જાજરમાન અભિનેત્રી ગુમાવી

## પ્રતિભાશાળી અભિનેત્રી જિગીશા શુક્લનું અવસાન થયું



**(દમણગંગા ટાઈમ્સ)**

**વાપી તા. ૨૪ :** દિલ્હીની ગુજરાતી રંગભૂમિમાં છેલ્લા એક દાયકામાં નવા પ્રાણસંચાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર પ્રતિભાશાળી, સંવેદનશીલ અને જાજરમાન અભિનેત્રી જિગીશા શુક્લનું શનિવારે માત્ર ૪૬ વર્ષની વયે ટૂંકી માંદગીમાં અવસાન થઈ ગયું. તેમના અકાળ નિધનના સમાચારથી રાજધાનીની ગુજરાતી રંગભૂમિ સાથે સંકળાયેલા કલાકારો, સર્જકો અને અસંખ્ય ચાહકોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. જિગીશા એક અભિનેત્રી તરીકે અભિનય પ્રત્યેની આંતરિક ધગશ, સહજતા, વિનમ્રતા અને માનવીય સંવેદનાથી સમૃદ્ધ એક સંપૂર્ણ કલાકાર હતાં. પાછલાં દસેક વર્ષથી દિલ્હી ગુજરાતી રંગભૂમિ વધુ સક્રિય અને સર્જનાત્મક થઈ ગઈ છે. આ સમયગાળામાં અનેક નવા કલાકારોએ પોતાની પ્રતિભાથી પોતાની આગવી ઓળખ ઊભી કરી. જિગીશા શુક્લ તેમાંનું એક અત્યંત તેજસ્વી નામ હતું. તેમણે ભાગ્યેન્દ્ર પટેલ અને વિજય વોરા જેવા નાટ્યસર્જકોનાં અનેક નાટકોમાં પોતાની અભિનય પ્રતિભાનો સુંદર પરચો બતાવ્યો હતો.શ્રી દિલ્હી ગુજરાતી સમાજ દ્વારા આયોજિત નાટ્યોત્સવ-૨૦૧૭માં મુખ્ય નાટકમાં તેમણે ભજવેલી નાનકડી ભૂમિકામાં સૌનું ધ્યાન આકર્ષી ગયાં હતાં અને પ્રેક્ષકોમાં એવાં તે છવાઈ ગયાં હતાં કે રાતોરાત તેઓ એક ઉત્તમ અભિનેત્રી તરીકે જાણીતાં થઈ ગયાં. તેમની અભિનયયાત્રામાં ‘બાપા ઘરે આવો ને’ નાટક વિશેષ સ્થાન ધરાવે છે. તેમની મુખ્ય ભૂમિકાને કેન્દ્રમાં રાખીને રચાયેલ આ નાટક દિલ્હીના વિશાળ વડીલ-પરિવાર સમક્ષ રજૂ થયેલ જેને ખૂબ જ પ્રશંસા મળી હતી. તેમણે ૨૦૧૮માં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ‘એવા ગાંધી ગુજરાતે ઉતર્યા’ નાટકની હિન્દી તથા ગુજરાતી આવૃત્તિમાં ગાંધીજીનાં માતા પૂતળીબાઈની બહુ પ્રભાવશાળી ભૂમિકા ભજવી હતી.

તેઓ મૂળ અમદાવાદનાં વતની હતાં અને લગ્ન બાદ દિલ્હીમાં સ્થાયી થયાં હતાં. તેઓ પરિવારમાં તેમના પતિ અને બે પુત્રોને વિલાપ કરતા મૂકી ગયા છે.

દિલ્હીની ગુજરાતી રંગભૂમિએ એક એવી અદાકારા ગુમાવી છે, જેણે અનેક પાત્રો જીવવાનાં બાકી હતાં અને પ્રેક્ષકોને ઘણું આપવાનું બાકી હતું. તેમની અકાળ વિદાયથી દિલ્હીના ગુજરાતી નાટ્યક્ષેત્રે બહુ મોટી ખોટ પડી છે. રાજધાનીની રંગભૂમિને સમૃદ્ધ કરવામાં તેમના યોગદાનની સ્મૃતિ કાયમ રહેશે.

SIA એજન્સી ૧૯૯૮ના વંધામા હત્યાકાંડની ફરી તપાસ કરશે

# કાશ્મીરી પંડિતોની હત્યા કેસની ફરી તપાસ થશે

### ૨૫ જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ ગંદેરબલના વંધામા ગામમાં ૯ મહિલા અને ૪ બાળકો સહિત ૨૩ કાશ્મીરી પંડિતોની નિર્મમ હત્યા કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા) જમ્મુ, તા.૨૪ : કાશ્મીરના વંધામા ગામમાં ૨૩ કાશ્મીરી પંડિતોની હત્યાના ૧૯૯૮ના બહુચર્ચિત કેસની તપાસ ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. જમ્મુ અને કાશ્મીર સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી (SIA) દ્વારા આ તપાસ કરાશે. કાશ્મીર ખીણમાં આતંકવાદ ચરમસીમાએ હતો, ત્યારે પંડિતોને લક્ષ્યાંક બનાવીને કરાયેલી હત્યાઓના જૂના કેસોને ઉકેલવાના વ્યાપક અભિયાનના ભાગરૂપે આ કાર્યવાહી શરૂ કરાઈ છે.

હવે કાશ્મીર સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી આ હત્યાકાંડ ઉપરાંત કાશ્મીરી પંડિત નેતા ટીકા લાલ ટાપલૂ અને જસ્ટિસ નીલકંઠ ગંજુની હત્યાના કેસોની તપાસ પણ શરૂ કરવા જઈ રહી છે. આ પહેલા એજન્સીએ કાશ્મીરી પંડિત નર્સ સરલા ભટ્ટ તેમજ સાહિત્યકાર સરવાનાંદ કૌલ પ્રેમી અને તેમના પુત્ર વિરેન્દ્ર કૌલની હત્યાના કેસ પણ ફરી ખોલ્યા હતા.

હાલમાં જ વંધામા કેસ અને ટાપલૂની હત્યાના મામલામાં કાશ્મીર ખીણમાં અનેક સ્થળે દરોડા પડાયા હતા.

તપાસ અધિકારીઓ આતંકવાદીઓ અને તેમને મદદ કરનારા ઓવર-ગ્રાઉન્ડ વર્કર્સ (OGWs)ની ઓળખ કરી તેમની ભૂમિકાની તપાસ કરી રહ્યા છે.

૨૫મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ અને રમઝાનના શબ-એ-કદરની રાત્રે ગંદેરબલ જિલ્લાના વંધામા ગામમાં આતંકીઓ ત્રાટક્યા હતા. હથિયારોથી સજ્જ આતંકીઓએ કાશ્મીરી પંડિતોના ઘરોમાં ઘૂસીને અંધાધૂંધ ગોળીબાર કરીને, ૯ મહિલા અને ૪ બાળક સહિત ૨૩ લોકોની હત્યા કરી હતી. આ કેસ દાયકાઓ સુધી પેન્ડિંગ રહ્યો હતો.

અગાઉ એજન્સીએ જૂનમાં સરલા ભટ્ટની હત્યા કેસમાં ૭૩૭ પાનાની ચાર્જશીટ ફાઈલ કરી હતી, જેમાં જેલમાં બંધ JKLF ચીફ યાસીન મલિકને મુખ્ય સૂત્રધાર દર્શાવાયો છે. શ્રીનગરમાં સપ્ટેમ્બર ૧૯૮૯માં ભાજપના તે સમયના રાજ્ય ઉપાધ્યક્ષ અને વરિષ્ઠ વકીલ ટીકાલાલ ટાપલૂની તેમના ઘર નજીક ગોળી મારીને હત્યા કરાઈ હતી. કાશ્મીરમાં આતંકની શરૂઆતમાં જ ટાર્ગેટ કરાયેલા અગ્રણી પંડિતોમાં તેઓ સામેલ હતા.

બીજી તરફ, JKLF આતંકી મકબૂલ ભટ્ટને ફાંસીની સજા સંભળાવનારા જસ્ટિસ નીલકંઠ ગંજુની ૪ નવેમ્બર, ૧૯૮૯ના રોજ શ્રીનગરના હરિ સિંહ સ્ટ્રીટમાં શંકાસ્પદ JKLF આતંકીઓએ ગોળી મારીને હત્યા કરી હતી.

નોંધનીય છે કે, કાશ્મીર સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આ તમામ કેસના જીવિત આરોપીઓ, આતંકીઓ તેમજ તેમના મદદગારોની સઘન શોધખોળ શરૂ કરી છે. આમ, ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકાના અનેક પેન્ડિંગ કેસની પુનઃતપાસ થઈ રહી છે.

## મોદી યુવાનો સાથે સંવાદ કરશે



### ૨૭ ઓગસ્ટે દેશભરના ૧૫૦૦થી વધારે સ્થળો પર હાજર ખેલાડીઓ અને યુવાનોનું વર્ચ્યુઅલ સંબોધન કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૪ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય રમતગમત દિવસના બે દિવસ પહેલા એટલે કે ૨૭ ઓગસ્ટે દેશભરના ૧૫૦૦થી વધારે સ્થળો પર હાજર ખેલાડીઓ અને યુવાનોનું વર્ચ્યુઅલ સંબોધન કરશે. આ કાર્યક્રમ ‘ખેલો ઈન્ડિયા સંવાદ – ખેલ કી બાત, પીએમ કે સાથ’નો ભાગ હશે, જેને રમત ગમત મંત્રાલયની મુખ્ય પહેલ જણાવવામાં આવી છે. રાષ્ટ્રીય રમત ગમત દિવસ ૨૯ ઓગસ્ટે હૉકીના દિગ્ગજ મેજર ધ્યાનચંદની જયંતીના અવસરે ઉજવવામાં આવે છે. કેન્દ્રીય રમત ગમત મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, વડાપ્રધાનના સ્વતંત્રતા દિવસના સંદેશના રમત-ગમત અને યુવા શક્તિ સાથે જોડાયેલા મુખ્ય અંશો પણ કાર્યક્રમમાં બતાવવામાં આવશે. ત્યારબાદ PM નરેન્દ્ર મોદી દેશભરના યુવાનોને વર્ચ્યુઅલ રીતે સંબોધિત કરશે. મનસુખ માંડવિયાએ કહ્યું કે, આ પહેલ દ્વારા દેશભરમાં ૧૫૦૦થી વધુ સ્થળો પર યુવાનો, ખેલાડીઓ અને શૈક્ષણિક સંસ્થાઓને એકસાથે લાવવામાં આવી રહી છે. આઈઆઈટી, આઈઆઈએમ, એનઆઈટી, એમ્સ, મોટી મેડિકલ કૉલેજો, યુનિવર્સિટીઓ અને અન્ય અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ પણ આ રાષ્ટ્રવ્યાપી અભિયાનમાં ભાગ લેશે. તેમણે કહ્યું, “આ પહેલ રમત ગમત પ્રેમી યુવાનો અને ભારતના નીતિ-નિર્માતાઓ વચ્ચે સીધો સંવાદ સ્થાપિત કરવાનો મોટો પ્રયાસ છે. આનાથી યુવાનોને પોતાના વિચારો, અનુભવો અને સૂચનો વહેંચવાની તક મળશે.” વડાપ્રધાનના સંબોધન પછી દેશભરના ૧૫૦૦થી વધુ સ્થળો પર ફિટનેસ કાર્યક્રમો પણ શરૂ થશે. રાજધાની દિલ્હીમાં આ કાર્યક્રમ ચારથી પાંચ સ્થળોએ યોજાશે. તેમાં IIT દિલ્હીનો પણ સમાવેશ થાય છે. રમત ગમત મંત્રી મનસુખ માંડવિયા IIT દિલ્હીમાં યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. મનસુખ માંડવિયાએ કહ્યું કે, હું ૨૭ ઓગસ્ટે યોજાનારા કાર્યક્રમમાં IIT દિલ્હીમાં હાજર રહીશ.

## ઈરાને હોર્મુઝના નિયંત્રણ પર ’આર્થિક યુદ્ધ’ની ધમકી આપી

(જી.એન.એસ) તા. ૨૪
તેહરાન,સોમવારે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ નિકાસ બંધ કરીને ’આર્થિક યુદ્ધ’ શરૂ કરવાની ધમકી આપી હતી, અને આ મહત્વપૂર્ણ જળમાર્ગ પર યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓ સામે સખત વિરોધ નોંધાવ્યો હતો, જેના દ્વારા લગભગ પાંચમા ભાગનું વૈશ્વિક ક્રૂડ ઓઈલ પરિવહન થાય છે.તેણે દેશોને પાંચ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા ઈરાન સામેના યુદ્ધમાં યુનાઈટેડ સ્ટેટ્સને ટેકો આપવા સામે ચેતવણી પણ આપી હતી. "જો આર્થિક યુદ્ધ ચાલુ રહેશે, તો હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા કે પર્સિયન ગલ્ફમાં ક્યાંયથી પણ તેલનું એક ટીપું નિકાસ કરવામાં આવશે નહીં. ઈરાન કોઈપણ દેશની ભાગીદારી અથવા ઈરાની લોકો સામે અમેરિકાના આર્થિક યુદ્ધને સમર્થન આપવાને યુદ્ધ ગણશે," ઈરાનના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના કટ્ટરપંથી નેતા મોહસેન રેઝાઈએ ઠ (અગાઉ ટ્વિટર) પર જણાવ્યું હતું.

ટ્રમ્પે વારંવાર કહ્યું છે કે તેઓ હોર્મુઝને યુએસનો પ્રદેશ જાહેર કરશે તે સમયે રેઝાઈની ટિપ્પણી આવી છે. ઈરાન અને ઓમાન વચ્ચેનો સાંકડો જળમાર્ગ, ૨૮ ફેબ્રુઆરીએ સંઘર્ષ શરૂ થયો ત્યારથી જ સ્ટ્રેટ પર નાકાબંધી ચાલુ છે, જેના કારણે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓમાં ભારે વિક્ષેપ પડ્યો છે અને ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર હોર્મુઝના નાકાબંધી પર ભારે દબાણનો સામનો કરી રહ્યું છે, તેના સાથી દેશોએ પણ ઈરાન સાથે સંઘર્ષનો અંત લાવવાની હાકલ કરી છે. આ દરમિયાન, ધ વોલ સ્ટ્રીટ જર્નલ (ઉજીત્ન) ના એક અહેવાલમાં આ મહિનાની શરૂઆતમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટ્રમ્પ ઈરાન સામે દુશ્મનાવટ બંધ કરવાનું અને મધ્ય પૂર્વ રાષ્ટ્ર હોર્મુઝ ખોલવાનો નિર્ણય લે તો પરમાણુ કરાર છોડી દેવાનું વિચારી રહ્યા છે.પરંતુ બીજી બાજુ, ઈરાન અને ઓમાન હોર્મુઝમાંથી પસાર થતા જહાજોના સલામત માર્ગ માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તેઓ તેના સંચાલન અંગે પણ ચર્ચા કરી રહ્યા છે, જેના કારણે જહાજોને ફી ચૂકવવાની ફરજ પડી શકે છે; જોકે ટ્રમ્પે પુનરોચ્ચાર કર્યો છે કે હોર્મુઝ બધા જહાજો માટે મુક્ત રહેવું જોઈએ.ટ્રમ્પે હોર્મુઝ પર ઈરાન સાથેના તેના સોદા પર ઓમાનને નિશાન બનાવવાની ધમકી પણ આપી છે. "જો ઓમાન રસ્તામાં આવે છે, તો અમે તેમના પર બોમ્બ ફેંકીશું," તેમણે આ મહિનાની શરૂઆતમાં મીડિયા સુત્રો ને જણાવ્યું હતું. જોકે, ઓમાને તેમની ધમકીઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.દરમિયાન, મીડિયા સૂત્રોએ અહેવાલ આપ્યો છે કે છેલ્લા ૪૮ કલાકમાં હોર્મુઝમાં કોઈ પુષ્ટિ થયેલ હુમલો થયો નથી, તેમ છતાં શિપિંગ ટ્રાફિક હજુ પણ ઓછો રહ્યો છે. યુએસ સૈન્યના જણાવ્યા અનુસાર, રવિવારે ઈરાની બંદરોની નાકાબંધીને કારણે ૭૦ વાણિજ્યિક જહાજોને રીડાયરેક્ટ કરવામાં આવ્યા હતા.

## મોસ્કોમાં એસ. જયશંકર પુતિનને મળ્યા



(જી.એન.એસ) તા. ૨૪
મોસ્કો,ભારતના વિદેશ મંત્રી (ઈછર) એસ જયશંકરે સોમવારે (૨૪ ઓગસ્ટ) મોસ્કોમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મળ્યા. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છાઓ અને રશિયન નેતાને વ્યક્તિગત સંદેશ આપ્યો. રવિવારે રશિયાની બે દિવસીય મુલાકાતે મોસ્કો પહોંચેલા જયશંકરે રાષ્ટ્રપતિ પુતિન સાથે દ્વિપક્ષીય સંબંધો અને વૈશ્વિક વિકાસ અંગે પણ ચર્ચા કરી.

૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ બ્રિક્સ નેતાઓના શિખર સંમેલન માટે પુતિનની નવી દિલ્હીની અપેક્ષિત મુલાકાત પહેલા આ બેઠક આવી છે. આ બેઠક મહત્વપૂર્ણ છે કારણ કે ભારત અને રશિયા તેમના આર્થિક જોડાણને વધુ ગાઢ બનાવવા અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માંગે છે.બેઠક દરમિયાન, જયશંકરે કહ્યું કે ભારત અને રશિયા વચ્ચે સહયોગનું મજબૂત ચિત્ર છે, જેમાં વેપાર, ઉર્જા, ખાતરો, પરમાણુ સહયોગ અને અન્ય ક્ષેત્રો સહિતના ક્ષેત્રોમાં વધતા આર્થિક સંબંધો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

"મને લાગે છે કે અમારો આર્થિક સહયોગ, વેપાર, ઉર્જા, ખાતરો, પરમાણુ અને અન્ય પરિમાણો પણ, મને તેમના વિશે વિગતવાર વાત કરવામાં આનંદ થશે. એકંદરે, મને લાગે છે કે અમારો આર્થિક સહયોગ ખૂબ જ નોંધપાત્ર રીતે વધ્યો છે," તેમણે કહ્યું. જયશંકરે એમ પણ કહ્યું કે બંને પક્ષોએ આંતર-સરકારી કમિશનની બેઠક યોજી છે અને પુતિનને તેના પરિણામ વિશે માહિતી આપશે.તેમણે એમ પણ જણાવ્યું કે પીએમ મોદી જીર્ઝ સમિટમાં પુતિનને મળવા અને મ્ઁઝજી સમિટ માટે ભારતમાં તેમનું સ્વાગત કરવા આતુર છે. "વડાપ્રધાન મોદી જીર્ઝ સમિટમાં તમને મળવા, પછી મ્ઁઝજી સમિટ માટે ભારતમાં તમારું સ્વાગત કરવા અને યોગ્ય સમયે, તમારી પરસ્પર સુવિધા મુજબ, વાર્ષિક સમિટ યોજવા માટે આતુર છે, તેથી અમારી પાસે સહકારનું ખૂબ જ મજબૂત ચિત્ર રજૂ કરવા માટે છે," તેમણે ઉમેર્યું.

અગાઉ, જયશંકરે રશિયાના પ્રથમ નાયબ વડા પ્રધાન ડેનિસ મન્તુરોવ સાથે દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સહયોગને વધુ વિસ્તૃત કરવાના માર્ગો પર વાતચીત કરી હતી, કારણ કે બંને પક્ષોએ ભારત-રશિયા ભાગીદારીની સમીક્ષા કરી હતી.

રવિવારે મોસ્કો પહોંચેલા જયશંકર રશિયાની બે દિવસની મુલાકાતે છે."ભારત-રશિયા ભાગીદારીએ સતત સ્થિતિસ્થાપકતા અને અનુકૂલનક્ષમતા દર્શાવી છે," જયશંકરે મન્તુરોવ સાથે સહ-અધ્યક્ષતામાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું."એક જટિલ આંતરરાષ્ટ્રીય પરિદ્રશ્ય વચ્ચે પણ, અમારા સંબંધો વધુ ગાઢ બન્યા છે, જે પરસ્પર હિત અને વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે જે આપણી દ્વિપક્ષીય ભાગીદારીને વ્યાખ્યાયિત કરે છે,"

## પાક. સેના પ્રમુખે તેહરાન મુલાકાત પહેલા ટ્રમ્પ સાથે ’વાત’ કરી

(જી.એન.એસ) તા. ૨૪
ઈસ્લામાબાદ/વોશિંગ્ટન, પાકિસ્તાનના સેના પ્રમુખ અસીમ મુનીરે ગયા અઠવાડિયે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી હોવાના અહેવાલ છે, સોમવારે તેહરાનમાં તેમની અપેક્ષિત વાતચીતના થોડા દિવસો પહેલા, જ્યારે ઈસ્લામાબાદે વધતા તણાવ વચ્ચે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ કોલ, જે અગાઉ અહેવાલ આપવામાં આવ્યો નથી, તે ત્યારે આવ્યો જ્યારે અમેરિકાએ ઈરાન અને તેના વેપાર ભાગીદારોને લક્ષ્ય બનાવીને મોટા આર્થિક પ્રતિબંધો લાદવાની ધમકી આપી હતી, રોઈટર્સે ત્રણ પાકિસ્તાની સ્ત્રોતોને ટાંકીને અહેવાલ આપ્યો હતો.મુનીર અને ટ્રમ્પે શું ચર્ચા કરી તે સ્પષ્ટ નથી. અસીમ મુનીર સોમવારે ઈરાની અધિકારીઓ સાથે વાતચીત માટે તેહરાન પહોંચ્યા હતા, જેમાં ઈરાની મીડિયાએ તેમની મુલાકાતની જાણ કરી હતી. પાકિસ્તાનની સેનાએ આ મુલાકાતની પુષ્ટિ કરતા કહ્યું હતું કે તે "પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાના પાકિસ્તાનના પ્રયાસોનો એક ભાગ" હતો.ઈરાની અધિકારીઓએ રવિવારે આ મુલાકાતની પુષ્ટિ કરતા કહ્યું હતું કે તે સુરક્ષા અને શાંતિ પર કેન્દ્રિત હતી.ટ્રમ્પ સાથે વ્યક્તિગત સંબંધ બાંધનારા અસીમ મુનીર ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લાહ મોજતબા ખામેનીની નજીકના લોકો સાથે મુલાકાત કરે તેવી અપેક્ષા હતી.મીડિયા સુત્રોના અહેવાલ મુજબ, યુએસ-ઈરાન તણાવ આ મુલાકાતનું મુખ્ય કેન્દ્ર હતું.મુનીર પાકિસ્તાનના સાથી સાઉદી અરેબિયા પર ઈરાન-સંબંધિત હુથી લડવૈયાઓ દ્વારા તાજેતરના હુમલાઓ તેમજ પાકિસ્તાન, તુર્કી અને સાઉદી અરેબિયા વચ્ચે તાજેતરમાં હસ્તાક્ષર કરાયેલા પરસ્પર સંરક્ષણ કરાર પર પણ ચર્ચા કરે તેવી અપેક્ષા હતી.

પાકિસ્તાને આ વર્ષે અમેરિકા અને ઈરાન વચ્ચે મુખ્ય મધ્યસ્થી ભૂમિકા ભજવી છે અને તાજેતરની લડાઈ દરમિયાન ઈરાનનો વેપારી ભાગીદાર રહ્યો છે.અમેરિકાએ ઈરાન પર મોટા પ્રતિબંધોની ધમકી આપી છે ઈસ્લામાબાદ દ્વારા અગાઉના મધ્યસ્થી પ્રયાસોના પરિણામે જૂનમાં હસ્તાક્ષર કરાયેલા વચગાળાના શાંતિ કરાર થયો હતો. જોકે, ઈરાન અને અમેરિકા વચ્ચે ફરી શરૂ થયેલી લડાઈ વચ્ચે ઈસ્લામાબાદ મેમોરેન્ડમ ઝડપથી નિષ્ફળ ગયો, જેનાથી વ્યાપક પ્રાદેશિક સંઘર્ષની ચિંતાઓ વધી ગઈ."બંને પક્ષો પર વિશ્વાસનો અભાવ છે," ત્રીજા પાકિસ્તાની સૂત્રએ અમેરિકા અને ઈરાન વિશે જણાવ્યું હતું, અને ઉમેર્યું હતું કે મુનીરનો ઉદ્દેશ્ય તેમની મુલાકાત દરમિયાન પરસ્પર વિશ્વાસના અભાવને ઓછો કરવાનો હતો.અમેરિકાએ ’નાણાકીય આક્રમણ’ શરૂ કર્યું ત્યારે અસીમ મુનીરની મુલાકાતમુનીરની મુલાકાત ત્યારે થઈ જ્યારે અમેરિકા ઈરાનના વેપાર ભાગીદારોને લક્ષ્ય બનાવતા "અત્યાર સુધીના સૌથી મોટા નાણાકીય આક્રમણ" તરીકે વર્ણવેલ અમલમાં મૂકવાની તૈયારી કરી રહ્યું હતું.

## દુનિયાની ૧૦ સૌથી શક્તિશાળી સેનામાં ભારત ચોથા સ્થાને

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૪ : કોઈપણ દેશનો વૈશ્વિકસ્તરે પ્રભાવ માત્ર તેની આર્થિક સ્થિતિથી નક્કી થતો નથી, પરંતુ દેશની સેના તેનું સાચું સામર્થ્ય અને સુરક્ષાનું પ્રતિક હોય છે. મજબૂત સેના દેશને વધુ સશક્ત બનાવે છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા ગ્લોબલ ફાયરપાવર (GFP)ની તાજેતરની રેંકિંગ અનુસાર, વિશ્વની સૌથી શક્તિશાળી સેનાઓની યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં વિવિધ દેશોના સૈન્ય બળનું સ્થાન નક્કી થયું છે. વિશ્વમાં સૌથી શક્તિશાળી સેનાના મામલે અમેરિકા પ્રથમ ક્રમે છે. ૦.૦૭૪૧ના પાવર ઈન્ડેક્સ, ૧૩.૨૮ લાખ એક્ટિવ સૈનિકો અને સૌથી વધુ સંરક્ષણ બજેટ સાથે અમેરિકા એડવાન્સ ટેક્નોલોજીમાં પણ આગળ છે. રશિયા બીજા સ્થાને છે, જે ૧૩.૨૦ લાખના સૈન્ય બળ અને આધુનિક તકનીકથી અમેરિકાને ટક્કર આપે છે. જ્યારે ચીન ૨૦.૩૫ લાખના વિશાળ સૈન્ય બળ અને સતત વધતા સંરક્ષણ બજેટ સાથે ત્રીજા સ્થાને છે. આ યાદીમાં ભારત ચોથું સ્થાન ધરાવે છે. ભારત પાસે ૧૪,૫૫,૫૫૦ એક્ટિવ સૈનિકો છે અને તેની થલ સેના વિશ્વની સૌથી મોટી સેનાઓમાંથી એક છે. આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ સંરક્ષણ ક્ષેત્રે સ્વદેશી ટેક્નોલોજી અને હથિયારો પર ભરોસો વધારવામાં આવી રહ્યો છે, જેનાથી ભારતની સૈન્ય તાકાત સતત મજબૂત થઈ રહી છે.

યાદીમાં દક્ષિણ કોરિયા ૬ લાખ એક્ટિવ સૈનિકો અને અત્યાધુનિક નૌસેના સાથે પાંચમા ક્રમે છે. ફ્રાન્સ એરફોર્સ અને એડવાન્સ ડિફેન્સ ટેક્નોલોજીના બળે છઠ્ઠા સ્થાને છે. જાપાન હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ચીન માટે મોટો પડકાર બનીને સાતમા ક્રમે રહ્યું છે.

યુનાઈટેડ કિંગડમ (યુકે) પોતાની મજબૂત નૌસેના અને ૨ લાખ સૈનિકો સાથે આઠમા ક્રમે છે. તુર્કિયે ૩.૫૫ લાખથી વધુ એક્ટિવ સૈનિકો, મોટી સંખ્યામાં રિઝર્વ બળ અને ૨૨૦૦થી વધુ ટેક્ક-તોપો સાથે નવમા ક્રમે છે, જે ઈસ્લામિક દેશોમાં સૌથી શક્તિશાળી સેના ધરાવે છે. ઈટાલી પોતાની સશક્ત નૌસેના અને ૨.૨૦ લાખ સૈનિકો સાથે ૧૦મા સ્થાને છે.

વિશ્વની સૌથી શક્તિશાળી સેનાઓની ટોપ-૧૦ યાદીમાં પાકિસ્તાનને સ્થાન મળ્યું નથી. ૬.૬૦ લાખ એક્ટિવ સૈનિકો ધરાવતું પાકિસ્તાન આ ગ્લોબલ રેંકિંગમાં ૧૪મા ક્રમે આવે છે.

## ભારત અને અમેરિકા ટ્રેડ ડીલ હવે અંતિમ તબક્કામાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૪
ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી ટ્રેડ ડીલ હવે તેના ફાઈનલ રાઉન્ડમાં પહોંચી ગઈ છે. અમેરિકામાં ભારતના રાજદૂત સર્જિયો ગોરે સંકેત આપ્યા છે કે, બન્ને દેશો વચ્ચે પ્રસ્તાવિત ટ્રેડ ડીલના લગભગ તમામ મુખ્ય ભાગો પર સહમતિ બની ચૂકી છે. હવે ડીલની કાનૂની અને ટેકનિકલ ભાષાને આખરી ઓપ આપવાનું કામ ચાલી રહ્યું છે. આ વચ્ચે અમેરિકા વિદેશ મંત્રી માર્કો રુબિયો ઓક્ટોબરમાં ફરીથી ભારતની મુલાકાતે આવશે.

સર્જિયો ગોરે ‘ધ ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમ’માં કહ્યું કે, વેપાર સમજુતીને લઈને ‘સૈદ્ધાંતિક રીતે લગભગ બધું જ’ નક્કી થઈ ચૂક્યું છે. તેમણે કહ્યું કે, હવે મુખ્ય કામ સમજુતીના ટેક્સ્ટને આખરી ઓપ આપવાનું છે. તેમણે જણાવ્યું કે, ડીલને ફાઈનલ કરવામાં એટલા માટે પણ મોડું થઈ રહ્યું છે કારણ કે હજુ લીગલ અને ટેકનિકલ ભાષાને લઈને કામ ચાલી રહ્યું છે.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો ઓક્ટોબરમાં ભારતની મુલાકાતે આવશે. આ તેમનો આ વર્ષનો બીજો ભારત પ્રવાસ હશે.

સર્જિયો ગોરના જણાવ્યા અનુસાર, રુબિયો આ પહેલા મે મહિનામાં લગભગ પાંચ દિવસ ભારતમાં રહ્યા હતા અને હવે ઓક્ટોબરમાં તેમનો ઘણા દિવસોનો પ્રવાસ પ્રસ્તાવિત છે. એટલા ઓછા અંતરાલમાં અમેરિકી પ્રશાસનના એક શીર્ષ અધિકારીની ફરીથી ભારત યાત્રાને બન્ને દેશો વચ્ચે વધતા વ્યૂહાત્મક અને આર્થિક સંપર્ક તરીકે પણ જોવામાં આવી રહ્યા છે.

રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવાની સાથે જોડાયેલા અમેરિકી કોંગ્રેસના પ્રસ્તાવ પર પણ સર્જિયો ગોર સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે, આ પ્રસ્તાવને રિપબ્લિકન અને ડેમોક્રેટિક, બન્ને પક્ષોના સાંસદોનું સમર્થન મળ્યું છે, પરંતુ તેને વ્હાઈટ હાઉસની પહેલ તરીકે ન જોવું જોઈએ. ગોરના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આવા ટેરિફ લગાવવાની માંગ નથી કરી.

તેમણે કહ્યું કે, ટ્રમ્પ રશિયા-યુક્રેન યુદ્ધ (Russia-Ukraine War) ખતમ કરાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. ગોરે યુદ્ધને બન્ને દેશો માટે એક મોટી ત્રાસદી ગણાવી અને કહ્યું કે, અમેરિકાની પ્રાથમિકતા આ સંઘર્ષનું વહેલી તકે શાંતિપૂર્ણ સમાધાન લાવવાનું છે.

અમેરિકાના રાજદૂતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વ્યક્તિગત સંબંધોને પણ ભારત-અમેરિકા સંબંધોનો મજબૂતીનો મહત્ત્વપૂર્ણ આધાર ગણાવ્યો. તેમના મતે બન્ને નેતાઓ વચ્ચે વિશ્વાસ અને સારો વ્યક્તિગત તાલમેલ છે. તેમણે કહ્યું કે, આવનારા સમયમાં ભારત-અમેરિકા સંબંધો વૈશ્વિક સ્તરે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

# અન્ય સમાચારો

## રાખડીઓ બનાવી રૂપા માતા સ્વસહાય જૂથની બહેનો સ્વનિર્ભર બની

# કકવાડીની બહેનોએ નવી રાહ કંડારી

**ગત વર્ષે ૨૦૦૦ અને આ વર્ષે ૩૦૦૦ આકર્ષક રાખડી બનાવી : રાજ્ય સરકારની આર્થિક સહાયથી મળ્યું નવું બળ, સોશિયલ મીડિયાના સદઉપયોગથી ગામની બહેનો સ્વનિર્ભર બની રહી છે : ગરીબ બહેનો પણ પોતાના વીરાને રાખડી બાંધી શકે તે માટે રૂ. ૧૦ થી લઈને રૂ. ૧૦૦ સુધીની કિંમતની રાખડી મહિલાઓ બનાવી રહી છે**

(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૨૪ :** ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને અતૂટ લાગણીનો પર્વ એટલે રક્ષાબંધન. આ પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા કકવાડી ગામના પટેલ ફળિયામાં રૂપા માતા સ્વસહાય જૂથની બહેનો પોતાના હાથની કળાથી સુંદર રાખડીઓ બનાવી આત્મનિર્ભરતાની નવી રાહ કંડારી રહી છે. રાજ્ય સરકારની આર્થિક સહાયથી શરૂ થયેલી આ પહેલ તેમના માટે માત્ર વ્યવસાય નથી, પરંતુ ભાઈ-બહેનના લાગણીસભર સંબંધને પોતાના પરિશ્રમ સાથે જોડવાનો સુંદર પ્રયાસ છે.

બજારમાં રૂ. ૧૦૦થી ૨૦૦ સુધીમાં મળતી રાખડીઓની સામે આ બહેનો ગુણવત્તાયુક્ત અને આકર્ષક રાખડીઓ માત્ર રૂ. ૫૦થી ૧૦૦ સુધીના પોસાય તેવા ભાવે વેચી રહી છે. ગરીબ બહેનો પણ પોતાના વીરાને રાખડી બાંધી શકે તે માટે રૂ. ૧૦ થી લઈને રૂ.૧૦૦ સુધીની રાખડી પણ આ મહિલાઓ બનાવી રહી છે. તેમની બનાવેલી રાખડીઓની સુંદરતા અને કિફાયતી કિંમતને કારણે સ્થાનિક લોકોમાં પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.રૂપા માતા સ્વસહાય જૂથનાં પ્રમુખ અર્પિતાબેન કમલભાઈ પટેલ જણાવે છે કે, કોરોનાકાળમાં ધંધા-રોજગાર અને નોકરીઓ બંધ થતાં અમે ઘરે જ હતા. તે સમયે રક્ષાબંધન પર્વ નજીક હતો ત્યારે અમારા સખી મંડળની બહેનોએ ભેગા મળીને ઘરે જ રાખડી બનાવવાનો વિચાર કર્યો. અમે રાખડીઓ બનાવી અને અમારી તમામ રાખડીઓ વેચાઈ ગઈ. આ સફળતાથી અમારો



આત્મવિશ્વાસ વધ્યો. આ ઉત્સાહને આગળ વધારતાં ગત વર્ષે બહેનોએ અંદાજે ૨,૦૦૦ રાખડીઓ બનાવી હતી, જે પણ સંપૂર્ણપણે વેચાઈ ગઈ હતી. આ વર્ષે તેમણે ૩,૦૦૦ રાખડીઓ બનાવવાનો સંકલ્પ કર્યો છે, જેમાંથી અત્યાર સુધીમાં આશરે ૨,૦૦૦ રાખડીઓનું વેચાણ થઈ ચૂક્યું છે. બાકીની રાખડીઓનું પણ વેચાણ થઈ જશે તેવો વિશ્વાસ છે.

સરકારની સહાય કેવી રીતે મદદરૂપ થઈ તે અંગે મંડળના મંત્રી વિદુલાબેન પટેલ કહે છે કે, ગરીબ પરિવારોમાંથી આવતી મંડળની બહેનો માટે અમદાવાદ, વડોદરા કે સુરતથી રાખડી બનાવવાનો કાચો માલ ખરીદવા માટે શરૂઆતમાં નાણાંની મુશ્કેલી હતી. પરંતુ રાજ્ય સરકાર દ્વારા સ્વસહાય જૂથને ફાળવવામાં આવેલી રૂ. ૩ લાખની લોન, જેમાં માત્ર ૨ ટકા વ્યાજ ચૂકવવાનું રહે છે, તેમાંથી રૂ. ૩૦ હજારનો ઉપયોગ કાચો માલ ખરીદવા માટે કરવામાં આવ્યો હતો.

લોકો સુધી રાખડી કેવી રીતે પહોંચાડી તે અંગે તેઓ વધુમાં જણાવે છે કે, સોશિયલ મીડિયા પર રાખડીઓના ફોટા અને રીલ્સ મૂકવાથી ગ્રાહકો જાતે ખરીદી કરવા આવી રહ્યા છે.

આ ઉપરાંત નોકરી કરતી બહેનો પોતાની કંપનીઓમાં પણ રાખડીઓ વેચાણ માટે લઈ જાય છે. ગામની એક દુકાનમાં પણ આ બહેનો દ્વારા બનાવેલી રાખડીઓ વેચાણ માટે મૂકવામાં આવી છે.

મંડળના પ્રમુખ શ્રીમતી અર્પિતાબેન જણાવે છે કે, અમારા સખી મંડળની બહેનોને આત્મનિર્ભર બનાવવા માટે રાજ્ય સરકારનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સરકાર તરફથી નજીવા વ્યાજદરે મળેલી સહાયથી અમે રાખડીઓ બનાવી શક્યાં અને તેમાંથી થતી બચત અમારા પરિવારના જીવનનિર્વાહમાં ઉપયોગી બની રહી છે. અમારા માટે આ માત્ર રાખડીનું વેચાણ નથી, પરંતુ પોતાના પગ પર ઊભા થવાની અને પરિવારને સહારો આપવાની તક છે. રક્ષાબંધનનો પવિત્ર પર્વ ભાઈઓના કાંડા પર પવિત્ર પ્રેમનો દોરો બાંધવાની સાથે અમારા જીવનમાં પણ આત્મનિર્ભરતાની નવી આશા બાંધી રહ્યો છે.

### કાંઠામાં સમુદ્ર ખેડવા જતી બોટને પણ રાખડી બાંધવાની પરંપરા

રૂપા માતા સ્વસહાય જૂથનાં પ્રમુખ અર્પિતાબેન જણાવે છે કે, અમારા કકવાડી સહિતના કાંઠા વિસ્તારના ગામોમાં માછીમાર સમાજની વસ્તી વધુ હોવાથી અહીં રક્ષાબંધન સાથે રાખડીની એક આગવી પરંપરા પણ જોડાયેલી છે. રક્ષાબંધન પહેલાં માછીમારો સમુદ્ર ખેડવા બોટમાં નીકળી જતા હોવાથી બહેનો અગાઉથી જ રાખડીઓ ખરીદી લે છે. ઉપરાંત બોટ પર બાંધવા માટે પણ વધારાની રાખડીઓ લઈ જવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. બોટમાં કામ કરતા ખલાસીઓ ઘણી વખત અન્ય જિલ્લા કે રાજ્યના હોય છે. રક્ષાબંધનના દિવસે તેઓ પરિવારથી દૂર સમુદ્રમાં હોય ત્યારે પણ બોટ માલિકના પરિવારની બહેનો તેમને રાખડી બાંધી ભાઈ-બહેનના સ્નેહનો અહેસાસ કરાવે છે. આ પરંપરાને કારણે પણ સ્થાનિક સ્તરે બનાવેલી રાખડીઓની માંગ વધી રહી છે.

# વલસાડ જિલ્લામાં ફૂડ વિભાગનો સપાટો જારી : ૭ ખાદ્ય પેઢીઓને નોટીસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** વલસાડ જિલ્લામાં નાગરિકોને ગુણવત્તાયુક્ત અને સલામત ખાદ્ય પદાર્થો મળી રહે તેમજ ગ્રાહકો સાથે કોઈપણ પ્રકારની છેતરપિંડી ન થાય તે હેતુસર ફૂડ વિભાગ દ્વારા વલસાડ જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં માનવ ખાદ્ય પદાર્થોના ધંધાકીય એકમોની સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આ તપાસ દરમિયાન વિવિધ હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબા, સ્વીટ એન્ડ ફરસાણ તથા ફાસ્ટ ફૂડની પેઢીઓની મુલાકાત લઈ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા, પાણીની ગુણવત્તા, સ્ટોરેજ વ્યવસ્થા, પેકેજિંગ મટિરિયલ, ફૂડ હેન્ડલર્સના મેડિકલ સર્ટિફિકેટ, જંર્લ્વીદ તાલીમ સહિતની જરૂરી બાબતોની ચકાસણી કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન કેટલીક પેઢીઓમાં સ્વચ્છતા સંતોષકારક જોવા મળી હતી અને કોઈ કાર્યવાહી કરવાની જરૂર જણાઈ નહોતી. જ્યારે કેટલીક પેઢીઓમાં જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ ન હોવા, પાણી તથા પ્રોડક્ટના ટેસ્ટ રિપોર્ટ ન હોવા, સ્ટોરેજ રેકમાં કાટ લાગેલો હોવા, પેકેજિંગ મટિરિયલનો રિપોર્ટ ઉપલબ્ધ ન હોવા, ફૂડ હેન્ડલર્સના તબીબી પ્રમાણપત્ર તથા જંર્લ્વીદ તાલીમ પ્રમાણપત્ર ઉપલબ્ધ ન હોવા જેવીક્ષતિઓ જોવા મળી હતી.આ પ્રકારની ક્ષતિઓ ધરાવતી સર્વેત્તમ ફાસ્ટ ફુડ, નીલકંઠ એન્ટર-ઇસ, રાજ મહલ રોડ, ધરમપુર, વલસાડ, પુરોહીત રાજથાન ઢાબા, વાંગણ ફળિયા, માંડવા, તા. કપરાડા, જી. વલસાડ, રાજથાની ઢાબા, વાંગણ ફળિયા, માંડવા, તા. .કપરાડા વલસાડ, ગિરીરાજ કાઠિયાવાડી ભોજનાલય, દેસાઈ વેબ્રિજ પાસે, નેશનલ હાઈવે નં-૪૮, ઓરવાડ ઉદવાડા, તા. પારડી, જી. વલસાડ, કુંદન કા ઢાબા (રાધે રાધે ઢાબા), નેશનલ હાઈવે નં ૮, એચ.પી. પેટ્રોલ પંપ પાસે, તીઘરા, તા.પારડી, જી. વલસાડ, યુવીસ ફુડસ - કાફ બીટ્સ રેસ્ટોરન્ટ લાઉન્જ દુકાન નં. ૫, બટ્ટુસ પ્લાઝા, એપ્લિકા હોટલ નજીક, ખડકી, તા.પારડી, જી. વલસાડ અને જય જોગનીયા સ્વીટ એન્ડ ફરસાણ માર્ટ, દુકાન નં . ૮, હોર શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડ, ધરમપુર, વલસાડની પેઢીને કાયદા મુજબ Improvement Notice આપવામાં આવી છે અને જરૂરી સુધારાત્મક પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. ફૂડ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસરશ્રી આશિષ વળવીએ જણાવ્યું કે, નાગરિકોના આરોગ્ય અને સલામતી સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. વધુમાં, વલસાડ જિલ્લામાં માનવ ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી પેઢીઓની તપાસની કામગીરી હાલ પણ સતત ચાલુ છે. તપાસ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન જણાશે તો કાયદા મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

# વાપી રોટરી ક્લબ વેસ્ટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** રોટરી ક્લબ ઓફ વાપી વેસ્ટ અને જૈન સોશિયલ ગ્રુપ વાપી મેઈનના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૬, શુક્રવારના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

હરિયા એલ.જી. રોટરી હોસ્પિટલ, જ્ઞાનધામ સ્કૂલની નજીક, વાપી ખાતે સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાયેલ આ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. આ કેમ્પમાં કુલ ૮૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ વાપી વેસ્ટના પ્રેસિડેન્ટ પૂજા અરોરા, પ્રોજેક્ટ ચેર અમિત કામ્બલે અને સેક્રેટરી હેમંત શાહ સહિત જૈન સોશિયલ ગ્રુપના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### જાહેર નોટીસ

પૂરના કારણે કચેરીના રેકર્ડ અને દસ્તાવેજ નાશ પામવા અંગે આથી સર્વે સામાન્ય જનતા, ગ્રાહકો, સરકારી સત્તાધિકારીઓ, બેંકો, નાણાકીય સંસ્થાઓ તથા સંબંધિત તમામને જાણ કરવામાં આવે છે. કે તા. ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ સતત ભારે વરસાદને કારણે આવેલ અભૂતપૂર્વ પૂર અને પાણી ભરાવાના પરિણામે શ્રીજી ડેવલોપર્સની ટુકવાડા સ્થિત કચેરીમાં રહેલા અનેક કચેરીના રેકોર્ડ, મૂળ માલિકના દસ્તાવેજો, પ્રોજેકટ સંબંધિત દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક રેકોર્ડ તથા અન્ય કાનૂની દસ્તાવેજો ગંભીર રીતે નુકસાન પામ્યા, નાશ પામ્યા અને તમામ યોગ્ય પ્રયાસો છતાં પુનઃપ્રાપ્ત થઈ શકયા નથી.

**નુકસાન પામેલા રેકોર્ડમાં નીચે મુજબના દસ્તાવેજોનો સમાવેશ થાય છે, પરંતુ તે પૂરતા મર્યાદિત નથી:**

- મૂળ વેચાણ દસ્તાવેજો (Sale Deeds), કન્વેયન્સ ડીડ, ટાઇટલ ડીડ તથા મિલકત સંબંધિત અન્ય મૂળ દસ્તાવેજો:
- વિવિધ પ્રોજેકટની મિલકતો સંબંધિત મૂળ વેચાણ કરારો, ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ, બાંધકામ કરારો, પૂરક કરારો તથા અન્ય કરારાત્મક દસ્તાવેજો:
- મૂળ રસીદો, ચુકવણીની રસીદો, વેચાણ મૂલ્યની રસીદો, કબજો સોપ્યાની રસીદો તથા અન્ય નાણાકીય દસ્તાવેજો:
- મૂળ કાનૂની ફાઈલો, કેસ પેપર્સ, અરજીઓ, દાવા તથા અન્ય ન્યાયિક રેકોર્ડ
- કરારો, દસ્તાવેજો, એફિડેવિટ, પાવર ઓફ એટર્ની, ઘોષણાપત્રો, ઈન્ડેમ્નિટી તથા અન્ય કાનૂની દસ્તાવેજો:
- ગ્રાહકો સાથેનો પત્રવ્યવહાર, કચેરીના ફાઈલો, રજીસ્ટરો તથા વહીવટી રેકોર્ડ
- ઈલેક્ટ્રોનિક રેકોર્ડ, ડિજિટલ ડેટા, કમ્પ્યુટર્સ, હાર્ડ ડિસ્ક, સ્ટોરેજ ડિવાઈસ, સર્વર્સ, બેકઅપ, ઈ-મેઈલ, સ્કેન કરેલા દસ્તાવેજો તથા અન્ય ડિજિટલ માહિતી:
- હિસાબના પુસ્તકો, વાઉચર્સ, ઈન્વોઈસ, કર સંબંધિત રેકોર્ડ, કાયદેસર ફરજિયાત રેકોર્ડ તથા અન્ય વ્યવસાયિક દસ્તાવેજો.

ઉપરોક્ત તમામ રેકોર્ડ અને દસ્તાવેજોનો નાશ માત્ર ઉપરોક્ત કુદરતી આપત્તિના કારણે થયો છે. તેના કોઈપણ વેચાણ, હસ્તાંતરણ, સોંપણી, ગીરો, પ્રતિજ્ઞા અથવા અન્ય કોઈ ઈરાદાપૂર્વકના કૃત્ય સાથે કોઈ સંબંધ નથી.

જે કોઈ વ્યકિત, ગ્રાહક, સરકારી સત્તાધિકારી, બેંક, નાણાકીય સંસ્થા, ડેવલપર, ખરીદદાર અથવા અન્ય કોઈ વ્યકિત પાસે ઉપરોક્ત દસ્તાવેજ અથવા રેકોર્ડની નકલો ઉપલબ્ધ હોય, તેઓએ વિનંતી કરવામાં આવે છે કે કચેરીના રેકોર્ડનું પુનઃનિર્માણ કરવાની પ્રક્રિયામાં સહાયરૂપ થવા માટે તેની નકલો નીચે સહી કરવારને ઉપલબ્ધ કરાવે.જે કોઈ વ્યકિત નાશ પામેલા રેકોર્ડમાંથી ઉત્પન્ન થયેલા હોવાનું દર્શાવતા કોઈપણ ફેરફાર કરેલા, બનાવટી, અનધિકૃત અથવા અયોગ્ય રીતે પ્રાપ્ત કરેલા દસ્તાવેજના આધારે કોઈ હકક, માલીકી અથવા હિતનો દાવો કરશે અથવા તેવા દસ્તાવેજના આધારે કોઈપણ વ્યવહાર કરશે તે સંપુર્ણ પણે પોતાના જોખમ અને જવાબદરી પર કરશે.

વધુ માહીતી માટે અથવા દસ્તાવેજોની નકલો મોકલવા માટે સંપર્ક કરો:
**કચેરી/સંસ્થાનુ નામ:** શ્રીજી ડેવલોપર્સ
**કચેરીનુંસરનામું:** ટુકવાડા, પારડી, વલસાડ, મોબાઈલ: 6359411123
ઈ-મેઈલ : heliconia.ac@gmail.com

સ્થળ: ટુકવાડા
તારીખ: ૨૧-૦૮-૨૦૨૬

સહી/-
અધિકૃત સહીકર્તા
શ્રીજી ડેવલોપર્સ

### PUBLIC NOTICE

**Loss of Office Records and Documents Due to Flood**

Notice is hereby given to the general public, clients, government authorities, financial institutions, and all concerned that due to the unprecedented flood and heavy inundation caused by incessant rains on 23-07-2026 at the several office of Shreeji Devlopers, office records, original title documents, project documents, electronic records, and other legal documents were extensively damaged, destroyed, and rendered irretrievable despite all reasonable efforts to preserve and recover them.

The records affected include, but are not limited to:

- Original sale deeds, conveyance deeds, title deeds, and other original property documents;
- Original agreements for sale, development agreements, construction agreements, supplementary agreements, and other contractual documents relating to various project properties;
- Original receipts, payment receipts, consideration receipts, possession receipts, and other financial records relating to project properties;
- Original legal files, case papers, pleadings, and litigation records;
- Agreements, contracts, deeds, affidavits, powers of attorney, declarations, indemnities, and other legal instruments;
- Client correspondence, office files, registers, and administrative records;
- Electronic records, digital data, computers, hard drives, storage devices, servers, backups, emails, scanned documents, and other electronic information;
- Books of accounts, vouchers, invoices, tax records, statutory records, and other business documents.

The aforesaid records and documents have been lost or destroyed solely due to the said natural calamity and not due to any sale, transfer, assignment, mortgage, pledge, or any intentional act.

Any person, client, authority, bank, financial institution, developer, purchaser, or any other person having copies of any of the aforesaid documents or records is requested to kindly provide copies to the undersigned to facilitate reconstruction of the office records.

Any person dealing with or claiming any right, title, or interest based upon any altered, fabricated, unauthorized, or improperly obtained document purportedly originating from the destroyed records shall do so entirely at their own risk and responsibility.

For any information or submission of copies, please contact:
**Name of Office/Firm :** Shreeji Developers
**Office Address :** Tukvada, Pardi, Valsad, Mobile: 6359411123
Email: heliconia.ac@gmail.com

**Place: Tukvada**
**Date: 21-08-2026**

**Sd/-**
**Authorized Signatory**
**Shreeji Devlopers**

---

**No.MAM/KNVL/RBD-DNH/189/2026/1024 Dated: 29/07/2026**

**APPLICANT - SHRI RAMESHBHAI RUPJIBHAI FARARA,**
**R/o. Fararpada, Dapada.**
**Mob.: 7623035540**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Dapada.**
**NOTICE**

The public to take note that applicant Shri Rameshbhai Rupjibhai Farara, R/o. Fararpada, Dapada, DNH has submitted an application dated 07/07/2026 seeking registration of date of death of his grandfather namely Bhikhla Harkha Farara, S/o. Harkha Farara, who died on 24/03/1983 at Village Dapada, Fararpada, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Dapada.

Therefore, the applicant has requested to issue an order to register the death of Bhikhla Harkha Farara, S/o. Harkha Farara.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

---

**No. MAM/SIL/RTS/RBD-DNH/205/Birth/2026/4497 Dated 22/08/2026**

**APPLICANT - Simple Sharma,**
**Presently residing at- Pataliya, Faliya, Silvassa, DNH**
**Mo 7041037712**
**V/S**
**OPPONENTS - The Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa.**
**NOTICE**

The public to take note that the above, named applicant Simple Sharma's son, namely Shivansh Kumar, who was born on 30/08/2024 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa. Hence, the applicant has moved on application to pass an order to register birth of Shivansh Kumar. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

---

### જાહેર નોટીસ

આથી નોટીસ આપી જણાવવામાં આવે છે કે ઋષિકેશ કો.ઓ.હા. સોસાયટી, તિથલ રોડ, વલસાડ, ૩૯૬૦૦૧નું શેર સર્ટીફિકેટ નં. બી.૨૯ જે સભાસદ દિવાળીબેન બી. પટેલ, બીરેન બી. પટેલ અને બીના બી. પટેલના નામે ચાલી આવેલ છે અને તે ખોવાઈ ગયાનો રીપોર્ટ થયેલ છે અને તેઓએ ડુપ્લિકેટ શેર સર્ટીફિકેટ ઈસ્યુ કરવા માટે અરજી કરેલ છે.

ઉપરોક્ત ડુપ્લિકેટ શેર સર્ટીફિકેટ ઈસ્યુ કરવા અંગે કોઈનો દાવો/વાંધો, આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દીન ૧૫માં સોસાયટીને ઉપર ઉણાવેલ સરનામે જણાવવાનો રહેશે. આ સમયગાળા દરમ્યાન કોઈ દાવો/વાંધો નહી મળે તો આ ડુપ્લિકેટ શેર સર્ટીફિકેટ ઈસ્યુ કરવા સોસાયટી હકદાર રહેશે.

**માનદ મંત્રી,**
**ઋષિકેશ કો.ઓ.હા. સોસાયટી, વલસાડ વતી,**
**તા.૨૨/૦૮/૨૦૨૬**

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**
**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

e- PTN No. :28/2026-27/615
Tender ID No. :2026_UTDNH_8222_1
Last date of download : 27/08/2026 at 12:00 hrs.
Last date of online submission : 27/08/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 27/08/2026 till 15:00 hrs

www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Name of work-Expression of Interest (EOI) for Empanelment of Agencies for Design, Engineering, Supply, Installation, Testing and Commissioning of 1-1.08 kWp Grid Connected Rooftop Solar PV Plants under PM Surya Ghar: Muft Bijli Yojana (PMSG: MBY) - ULA Model for PMAY-G Beneficiaries, including Comprehensive Operation & Maintenance for 5 Years, at the discovered tender rates. - 2nd Call

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

**NO.: IP/DMN/2/5/2026-27/459 DATED :24/08/2026**

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**
**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

e- PTN No. :27/2026-27/612
Tender ID No. :2026_UTDNH_8220_1
Last date of download : 03/09/2026 at 12:00 hrs.
Last date of online submission :03/09/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 03/09/2026 till 15:00 hrs.

www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Name of work-Procurement of insulated Transformer Oil.

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

**NO.: IP/DMN/2/5/2026-27/458 DATED :24/08/2026**

---

### PUBLIC NOTICE

The newspaper reports substantiate the occurrence of heavy rainfall/flood conditions in the affected area during the period of loss.

Date of occurrence:- 23/07/2026

Location :- VIKRAM AROMATICS plot no. 144/1/1/18 athal induartial estate athal Silvassa-296230

Length of damaged compound wall approximately 27 metres.

Due to heavy rainfall and the consequent accumulation and flow of flood water, the compound wall of our premises was severely damaged and partially collapsed the continuous pressure and force of the flood water weakened the foundation and structure of the wall resulting in the loss.

The damage was sudden and caused by the natural flow of flood water photographs and other supporting document are available for verification and record purposes.

We request the concerned authorities and insurance company to kindly take note of the incident and assess the damage accordingly.















દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com




દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 25, August 2026

# દમણગંગા ટાઇમ્સ




રક્ષાબંધન પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વાપી ગુંજન વિસ્તારમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ એક ડઝનથી વધુ જેટલા રાખડીના સ્ટોલ સજ્જ થઈ ગયા છે.

## વાપી શાકભાજી માર્કેટમાં ફરી લારી-પાથરણાવાળાના દબાણો

### મનપાએ દબાણો ન થાય તે માટે રાખેલા ડઝન જેટલા કર્મચારીઓ માત્ર ફર્યા કરે છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** વાપીની મુખ્ય શાકભાજી માર્કેટમાં ફરી એકવાર લારી-પાથરણાવાળાઓના દબાણનો ત્રાસ વધી ગયો છે. જેના કારણે શાકભાજી લેવા આવતા ગ્રાહકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં વાપી મહાનગરપાલિકા દ્વારા પોલીસ સાથે મળીને ઘણા દિવસો સુધી દબાણ હટાવ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. માર્કેટમાં રોડ વચ્ચે ડિવાઈડર પણ બનાવવામાં આવ્યું હતું જેથી લારીઓ રોડ પર ન લાગે. આ કામગીરી બાદ થોડા સમય માટે માર્કેટમાં રાહત થઈ હતી.

પરંતુ હવે પરિસ્થિતિ જેવી ને તેવી થઈ ગઈ છે. માર્કેટના મુખ્ય રસ્તા પર બંને બાજુ લારીઓ અને પથ્થરાઓએ ફરીથી કબજો જમાવી દીધો છે. રસ્તો સાંકડો થઈ જતા વાહનોની અવર-જવરમાં અડચણ ઉભી થાય છે અને ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, આ દબાણો ન થાય તે માટે વાપી મહાનગરપાલિકા દ્વારા ડઝન જેટલા કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે, પરંતુ આ કર્મચારીઓ માત્ર ખાખી કપડામાં આંટાફેરા કરતા જ જોવા મળે છે. દબાણકર્તાઓ સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના કારણે લારીધારકો બેફામ બન્યા છે. સ્થાનિક લોકો માંગ કરી છે ક

`, તંત્ર ફરી એકવાર કડક કાર્યવાહી કરી આ દબાણોને કાયમી ધોરણે દૂર કરે જેથી ગ્રાહકોને શાકભાજી માર્કેટમાં અવર-જવરમાં સરળતા રહે.

## સુરખાઈનાં માજી પોસ્ટ માસ્તરને ઉચાપત કેસમાં ત્રણ વર્ષની સજા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૪ :** ચીખલી તાલુકાના સુરખાઈ ગામે ડાક સેવક તરીકે ફરજ બજાવતા બકુલેશ ગમન પટેલે પોતાની ફરજ દરમિયાન રૂપિયા ૧૦.૦૦૦ હજારની ઉચાપત કરતા જેનો કેસ ચીખલી કોર્ટમાં ચાલી જતા કોર્ટે ૩ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૨૦,૦૦૦ નો દંડ જો દંડ ન ભરે તો નવ માસની સાદી કેદની સજા ફરમાવતો હુકમ કરવામાં આવ્યો છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ચીખલી તાલુકાના સુરખાઈ ગામે પોસ્ટ ઓફિસમાં ટપાલ વિતરક તરીકે બકુલેશ ગમન પટેલ ફરજ બજાવતા હતા દરમિયાન બ્રાન્ચ પોસ્ટ માસ્ટર નું મૃત્યુ થતાં બકુલેશ પટેલને વચગાળાની વ્યવસ્થા માં સુરખાઈ બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે તારીખ ૨. ૨. ૧૧ થી તારીખ ૭. ૮. ૧૫ સુધી હંગામી ચાર્જ સોંપવામાં આવેલ આ સમયગાળા દરમિયાન તેમના દ્વારા બચત ખાતા ધારક જીવણ બહાદુર પટેલ ના રૂપિયા ૧૦,૦૦૦ જમા કરી હિસાબમાં લીધેલ ન હોય બાદમાં ઓગસ્ટ ૨૦૧૬ માં બકુલેશ પટેલે ૧૦,૦૦૦ ખાતેદાર જીવણ બહાદુર પટેલને બરોબર પરત કરી દીધા હતા જોકે ૧૦,૦૦૦ ની હંગામી ઉચાપત બકુલેશ પટેલે કરેલ હોય જે બાબતની ફરિયાદ પોસ્ટ ઓફિસ ઈન્સ્પેક્ટર પંકજ જગુભાઈ પટેલે ચીખલી પોલીસમાં જે તે સમયે નોંધાવતા જેનો કેસ ચીખલી કોર્ટમાં ચાલી જતા ચીખલી કોર્ટના જજ એસ.પી. દવે એ સરકારી વકીલ યોગેશભાઈ આર. પટેલની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી બકુલેશ ગમન પટેલ રહે. સારવણી તા. ચીખલી ને કસૂરવાર ઠેરવી ૩ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૨૦,૦૦૦ નો દંડ જો દંડ ન ભરે તો વધુ નવ માસની સાદી કેદની સજા કરતો હુકમ કય

## ધરમપુરમાં કવિ વીર નર્મદની જન્મજયંતિની ઉજવાઈ

### નર્મદની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી દીપ પ્રાગટ્ય કરાયું : યુવાનોને ગુજરાતી સાહિત્યના વાંચન માટે પ્રેરણા અપાઈ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૪ :** વીર કવિ, સમાજ સુધારક અને ગદ્ય સાહિત્યકાર નર્મદાશંકર લાલશંકર દવેની ૧૯૩મી જન્મજયંતિ નિમિત્તે ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરી ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નર્મદની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી દીપ પ્રાગટ્ય સાથે જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. વીર નર્મદનો જન્મ ૨૪ ઓગસ્ટ, ૧૮૩૩ના રોજ સુરત ખાતે થયો હતો. ગુજરાતી સાહિત્ય અને સમાજ સુધારણાના ક્ષેત્રે તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. અંધશ્રદ્ધા, કુરિવાજો અને સામાજિક અસમાનતા સામે તેમણે નિર્ભયતાથી અવાજ ઉઠાવી સમાજમાં જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું હતું.

'દાંડિયો' સામયિકના માધ્યમથી પણ તેમણે સાહિત્ય અને સમાજ સુધારણાની દિશામાં મહત્વપૂર્ણ કામગીરી કરી હતી. 'નર્મકોશ', 'કબીરવડ', 'પ્રેમનીતિ', 'નડાખ્યાન' સહિતની તેમની

કૃતિઓ ગુજરાતી સાહિત્યની અમૂલ્ય ધરોહર છે. તેમનું 'જય જય ગરવી ગુજરાત' કાવ્ય આજે પણ ગુજરાતની અસ્મિતાનું પ્રતીક છે. કાર્યક્રમમાં ધરમપુર નગરપાલિકાના પ્રમુખ મયંકભાઈ મોદી, લાઈબ્રેરી ચેરમેન દીપમાલાબેન ચોનકર, બાંધકામ સમિતિના ચેરમેન સમીપભાઈ રાંચ, મહેકમ સમિતિના ચેરમેન ભક્તિબેન કાપડિયા, લાઈબ્રેરીના વરિષ્ઠ સભ્ય તથા અખબારોના ચર્ચાપત્રી રાયસિંગભાઈ વળવી, સાહિત્યપ્રેમી ફયસલભાઈ બકીલી, ભરતભાઈ પાટીલ સહિત લાઈબ્રેરીના સભ્યો, વાચકો અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ફયસલભાઈ બકીલીએ લાઈબ્રેરીમાં નિયમિત વાંચન કરતા ૧૦૦થી વધુ યુવાનોને વીર નર્મદના જીવન અને સમાજ સુધારણાના કાર્યો અંગે માહિતી આપી હતી. તેમણે યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી સાથે ગુજરાતી ગદ્ય અને પદ્ય સાહિત્યનું પણ નિયમિત વાંચન કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સાહિત્યનું વાંચન જ્ઞાન સાથે ભાષા, સંસ્કાર અને સમાજ પ્રત્યેની સમજ વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ રીતે ધરમપુરની નારણદેવજી લાઈબ્રેરી ખાતે વીર કવિ નર્મદના સાહિત્યિક અને સમાજ સુધારક વિચારોને યાદ કરી તેમની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

### રાષ્ટ્રીય બેડમિંટન સ્પર્ધામાં

## ધરમપુરના ચિરાગ પટેલ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨ :** ગાંધીનગર સ્થિત સચિવાલય જિમખાના ખાતે સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિંટન સ્પર્ધા ૨૦૨૬-૨૭ (AICS) માં વિદ્યુત નિરીક્ષકની કચેરી, વલસાડ ખાતે અંગત સહાયક તરીકે ફરજ બજાવતા ચિરાગકુમાર ઠાકોરભાઈ પટેલે શાનદાર પ્રદર્શન કરી ગુજરાત સરકારની બેડમિંટન ટીમમાં સ્થાન મેળવ્યું છે. ચિરાગકુમાર પટેલ હાલ ધરમપુરમાં બાળકોને બેડમિંટન અને રમતગમત ક્ષેત્રે યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે માટે ધરમપુર બેડમિંટન એસોસિએશન (DBA) માં મંત્રી તરીકે કાર્યરત છે. ધરમપુર નગરપાલિકાના સહયોગથી DBA દ્વારા છેલ્લા ઘણા સમયથી ધરમપુરના બાળકોને બેડમિંટન કોચિંગની સેવા પૂરી પાડવામાં આવી રહી છે. જેના પરિણામે ધરમપુરના અનેક બાળકો શાળાકીય રમતોત્સવ, ખેલ મહાકુંભ સહિતની વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે અને રમતગમત ક્ષેત્રે આગળ વધી રહ્યા છે. ચિરાગકુમાર પટેલની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નહીં

પરંતુ ધરમપુરના યુવા ખેલાડીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે. તેમની રાષ્ટ્રીય કક્ષાની પસંદગીથી ધરમપુર સહિત સમગ્ર વલસાડ જિલ્લામાં રમતપ્રેમીઓમાં આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી રહી છે.

## તિથલ બીચ પાસે સગીરા પર સામૂહિક દુષ્કર્મ : ત્રણ સગીરની ધરપકડ

### ઈન્સ્ટાગ્રામ પર સગીરા સાથે મિત્રતા થતાં ગઈકાલે મળવા બોલાવી પૂર્વ આયોજીત કાવતરું રચી દુષ્કર્મ કરાયુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** તિથલ બીચ નજીક એક સગીરા પર ગઈકાલે રાત્રે ત્રણ સગીર વયના ત્રણ કિશોરો દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને રોષનો માહોલ ફેલાયો છે. પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરીને ગણતરીના કલાકોમાં ત્રણેય આરોપીઓની અટકાયત કરી કાયદેસરની તજવીજ હાથ ધરી છે.

વલસાડની સગીરાને ઈન્સ્ટાગ્રામ પર એક સગીર યુવાન સાથે પરિચય મેળવ્યા બાદ તેઓ વલસાડના જાણીતા પર્યટન સ્થળ તિથલ બીચ નજીક ગઈકાલે રાત્રે તેને મળવા બોલાવ્યો હતો. સગીરા એકલી આવી હોય તેને એક સગીરા પર ત્રણ સગીર વયના કિશોરો દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને રોષનો માહોલ ફેલાયો છે. પોલીસે આરોપીની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી છે. ભોગ બનનાર સગીરા અને ત્રણેય આરોપીઓ સગીર વયના છે. પોલીસે આરોપીની પૂછપરછ કરતા જાણવા મળ્યું કે આરોપીઓ પૈકીના એક કિશોર સાથે સગીરાની ઓળખાણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ મારફતે થઈ હતી. તેણે સગીરાને વિશ્વાસમાં લઈને મોડી રાત્રે તિથલ દરિયાકિનારા નજીક મળવા માટે બોલાવી હતી.સગીરા ત્યાં પહોંચતા જ પૂર્વયોજિત કાવતરા મુજબ ત્રણેય આરોપીઓએ એકલતાનો લાભ ઉઠાવ્યો હતો. તેમણે સગીરાને નિર્જન સ્થળે લઈ જઈ તેના પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ કૃત્ય આચર્યા બાદ આરોપીઓએ ભોગ બનનારને ઘટના અંગે કોઈને પણ જાણ ન કરવા જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું પણ સામે આવ્યું છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી વલસાડ પોલીસનો ઉચ્ચ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ભોગ બનનાર સગીરાને તાત્કાલિક તબીબી સારવાર અને મેડિકલ તપાસ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. પોલીસે તાકીદે કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં સંડોવાયેલા ત્રણેય સગીર આરોપીઓની અટકાયત કરી છે. આરોપીઓ સગીર વયના હોવાથી પોલીસે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

## ડાંગનાં સાકરપાતળ નજીક કાર ભેખડ સાથે અથડાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૪ :** ડાંગ જિલ્લાનાં સાપુતારાથી વઘઈને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગ પર સાકરપાતળ ગામ નજીક આવેલા કુંડા ફાટક પાસે આજે કાર અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, સુરત તરફથી સાપુતારા તરફ જઈ રહેલી એક કાર.ન.જી.જે.૦૫.જે.પી.૪૦૭૦નાં ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર માર્ગની સાઈડમાં આવેલી ભેખડ સાથે ધડાકાભેર અથડાઈ હતી.અકસ્માતમાં કારના આગળના ભાગને તેમજ વિન્ડશીલ્ડને નુકસાન પહોંચ્યું હોવાનું તસવીરો પરથી સ્પષ્ટ જોવા મળે છે.જોકે, સદનસીબે કારમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે.ચોમાસાની ઋતુ દરમિયાન સાપુતારા-વઘઈ માર્ગ પર વરસાદને કારણે રસ્તો ભીનો રહેતો હોવાથી વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ વધી જાય છે. ત્યારે આ અકસ્માત બાદ ફરી એકવાર વાહનચાલકોને વરસાદી માહોલમાં વાહન ધીમે ચલાવવા અને સાવચેતી રાખવાની જરૂરિયાત સામે આવી છે.

## આહવામાં જુની અદાવતમાં ગ્રા.પં.ના સભ્ય પર હુમલો

**સાપુતારા, તા.૨૪ :** ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે જુની અદાવત અને સમાધાનની બાબતે થયેલી મનદુખમાં આહવા ગ્રામ પંચાયતનાં સભ્ય રાહુલભાઈ બચ્છાવ પર જીવલેણ હુમલો થયાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે આહવા ઈન્દિરા કોલોની ખાતે રહેતા અને ગ્રામ પંચાયતના સભ્ય તરીકે સેવા આપતા રાહુલભાઈ પોપટભાઈ બચ્છાવ નામના યુવકે આહવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.મળતી વિગતો અનુસાર, ગત ૧૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજના આશરે ૪ વાગ્યાના સુમારે રાહુલભાઈ પોતાના મોપેડ પર ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા ગયા હતા. તે સમયે ત્યાં નજીકમાં આવેલા ચિકન સેન્ટર પાસે બેસેલા તેમના મિત્ર આસિફ શાહે તેમને બૂમ પાડીને બોલાવતા રાહુલભાઈ ત્યાં ગયા હતા.દરમિયાન, આહવા આંબાપાડા વિસ્તારમાં રહેતા આહવા તાલુકા પંચાયતના માજી પ્રમુખ અને ભાજપાનાં આગેવાન નરેશભાઈ દૌલતભાઈ ગવળી ત્યાં આવી પહોંચ્યા હતા અને ગામમાં થતી વાતો અંગે ગાળો આપવા લાગ્યા હતા.અહી આહવા ગ્રામ પંચાયતનાં સભ્ય અને ભાજપાનાં આગેવાન એવા રાહુલભાઈ અને તેમના મિત્ર આસિફ શાહે ગાળો આપવાની ના પાડતા, ઉશ્કેરાયેલા માજી પ્રમુખ નરેશભાઈ ગવળીએ રાહુલભાઈને ગાલ પર તથા છાતીના ભાગે ઢોર માર માર્યો હતો.ત્યારબાદ નજીકમાં પડેલો વાંસનો દંડો ઉંચકી લાવી રાહુલભાઈના જમણા પગના અગાઉ ઓપરેશન થયેલા ભાગે સપાટો મારી ગંભીર ઈજા પહોંચાડી હતી.

## ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓ. બેંક લિ.ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

### સાયબર ફ્રોડ સામે સાવચેતી રાખવા અને ખેડૂતો ૦ ટકા વ્યાજની કે.સી.સી. સગવડ વ્યાપ વધારવા અનુરોધ કરાયો








(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા.૨૪ :** ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ.ની ૬૧મી વાર્ષિક સાધારણ સભા આજરોજ વલસાડ ધરમપુર રોડ પર આવેલ સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ હોલ માં યોજાતા બેંકનાં ચેરમેન અરવિંદભાઇ પટેલે નાના-નાના ખેડૂતોને લોભામણી લાલચ આપી ફ્રોડનાં કિસ્સામાં સંડોવાતા ખેડૂતોને સાયબર ફ્રોડ સામે સાવચેતી રાખવાની સાથોસાથ ડિપોઝીટરોમાં ખાતાઓ ભાડે મેળવવાની પ્રવૃત્તિ સામે લાલબત્તી ધરી બચત ખાતાઓ ભાડે આપી નજીવા કમિશનની લાલચમાં મોટી મુશ્કેલીઓનો સામનો કરવાની નોબત સ્વીકારવાની સાથોસાથ ફ્રોડનાં કિસ્સામાં પોલિસની કાર્યવાહીનો સામનો કરવા સુધીની નોબત આવવાની મુશ્કેલીઓ વર્ણવી ખેડૂતો અને પશુપાલકો માટે ૦ ટકા વ્યાજનાં દરની કે.સી.સી. ધિરાણની સુવિધાનો મહત્તમ લાભ મેળવી ખેડૂતો અને પશુપાલકોને સમયસર વસુલાતની રકમ ભરપાઇ કરી વ્યાજનાં ભારણમાંથી મુક્ત થવા અનુરોધ કર્યો હતો.

બેંકની વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન અરવિંદભાઇ પટેલે વધુમાં સભાસદોને સંબોધતા જણાવ્યું હતું કે, ભારત સરકારશ્રી દ્વારા સહકારી ક્ષેત્રને આત્મનિર્ભર કરવાનાં પ્રયાસરૂપે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા ક્રાંતિકારી નિર્ણય લઇ સહકાર મંત્રાલયની સ્થાપના કર્યા બાદ સહકારીતા મંત્રી અમિતભાઇ શાહ દ્વારા ૫૪ જેટલી મહત્વપૂર્ણ પહેલ શરૂ કરી સહકાર થી સમૃધ્ધિનાં સંકલ્પને સાકાર કરવાનાં સાર્થક પ્રયાસો કરવામાં આવ્યાં છે.

વાર્ષિક સાધારણ સભાનાં એજન્ડા મુજબની કામગીરી શરૂ થતાં બેંકના વાઇસ ચેરમેન ગોવિંદભાઇ પટેલ, ડિરેકટર્સ સર્વ મગનભાઇ પટેલ, પંકજભાઇ પટેલ, હિતેશભાઇ પટેલ, સહિતનાં પદાધિકારીઓએ એજન્ડાની કામગીરીમાં ભાગ લઇ દરખાસ્ત ટેકો રજુ કર્યા હતાં. બેંકનાં ચીફ એકઝીક્યુટીવ ઓફિસર લાલજીભાઇ એસ.પટેલે સ્વાગત પ્રવચન રજુ કરી બેંકની પ્રગતિની ઝાંખી રજુ કરતા જણાવ્યું હતું કે સભાસદોનાં સહકારથી રૂા.૭ કરોડનો નફો આપણે મેળવી શક્યા છીએ. પરંતુ પ્રાથમિક સેવા સહકારી મંડળીઓ અને સહકારી સંસ્થાઓ પ્રગતિ કરવી હશે તો ધિરાણ વસુલાતનાં પ્રયાસો સૌએ સાથે મળી વધારવા અનુરોધ વ્યક્ત કર્યો હતો. બેંકનાં વાઇસ ચેરમેન ગોવિંદભાઇ પટેલે સહકારી સંસ્થાઓનાં સભાસદો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી, સભાસદોએ બેંકનાં બોર્ડ ઓફ ડિરેકટર્સ પ્રતિ મુકેલા વિશ્વાસની પ્રશંસા કરી સંસ્થાઓને આર્થિક રીતે પગભર કરવા બેંક તમારી સાથે હંમેશા રહેશે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

આભારવિધિ બેંકનાં ડિરેકટર કિશોરભાઇ પટેલે કરી હતી. સમગ્ર સાધારણ સભાનું આયોજન બેંકનાં લોન મેનેજર મુકેશકુમાર વી.પાનવાલાએ કર્યું હતું. સાધારણ સભાને સફળ બનાવવા બેંકના એ.જી.એમ. ઉદયકુમાર જી.પટેલ, મેનેજર હિતેશ વ્યાસ, નિલેશ પટેલ, રાકેશ પટેલ, દિનેશ પટેલ, મુકેશકુમાર પાનવાલા સહિતનાં બેંકનાં તમામ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## વાપીમાં સોનાના ભાવમાં ઉછાળા વચ્ચે ચાંદીના આભૂષણોની માંગમાં વધારો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** દેશમાં સોનાના ભાવમાં સતત થઈ રહેલા વધારા વચ્ચે હવે ચાંદીના આભૂષણોની માંગમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. સોનુ સામાન્ય ગ્રાહકોની પહોંચથી દૂર જઈ રહ્યું હોવાથી ગ્રાહકો ચાંદીના દાગીના તરફ વળી રહ્યા છે. આ વધતી માંગને ધ્યાનમાં રાખીને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ દ્વારા ચાંદીના દાગીનામાં હોલમાર્કિંગની પ્રક્રિયા તેમજ તેની ચકાસણીની ક્ષમતા વધારવા તરફ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

વેપારી વર્તુળોમાં સોના-ચાંદીના ભાવમાં આગામી દિવસોમાં પણ તેજી રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આજે દેશના મહત્વના બજારોમાં સોનાનો ભાવ આશરે ૪,૦૭૦ ડોલર અને ચાંદીનો ભાવ ૭૦ ડોલર સુધી પહોંચ્યો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. દિવાળી સુધીમાં સોનુ ૫,૦૦૦ ડોલર અને ચાંદી ૮૦ ડોલરના સ્તરે પહોંચવાની શક્યતા પણ વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત અને વાપી બજારમાં આજે સોનાનો ભાવ પ્રતિ તોલા આશરે રૂ. ૧.૫૮ લાખ જ્યારે ચાંદીનો ભાવ રૂ. ૨.૫૪ લાખ પ્રતિ કિલો રહ્યો હતો. આગામી દિવસોમાં સોનાનો ભાવ પ્રતિ તોલા રૂ. ૧.૭૦ લાખ અને ચાંદીનો ભાવ રૂ. ૩ લાખ પ્રતિ કિલોના સ્તરે પહોંચવાની શક્યતા વેપારી વર્તુળોમાં જોવામાં આવી રહી છે.

ખાસ કરીને આગામી દિવાળી પર્વ તેમજ લગ્નસરાની સિઝનને ધ્યાનમાં રાખીને સોના-ચાંદીના બજારમાં ખરીદી વધવાની સંભાવના છે. સોનાના ભાવમાં સતત વધારો થતો હોવા છતાં પરંપરાગત રીતે શુભ પ્રસંગો અને લગ્નસરામાં સોનાની ખરીદી ચાલુ રહેવાની શક્યતા છે, જ્યારે બજેટને ધ્યાનમાં રાખતા અનેક ગ્રાહકો ચાંદીના આભૂષણો તરફ વળે તેવી શક્યતા છે.

વાપીના ભવાની જ્વેલર્સ ના માલિક અને અગ્રણી વેપારી રમેશભાઈ કોઠારી મતે દિવાળી અને લગ્નસરાની સિઝન દરમિયાન સોના-ચાંદીના બજારમાં વેપાર વધવાની અને બજારમાં તેજી જોવા મળવાની પૂરી શક્યતા છે. આગામી દિવસોમાં ભાવમાં વધુ વધારો થાય તો હાલના ભાવને જોતા ગ્રાહકો દ્વારા આગોતરી ખરીદી કરવામાં આવે તેવી પણ શક્યતા વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે. આજે વાપીમાં સોનુ ૨૪ કેરેટ એક તોલાના એક લાખ ૫૮૦૦૦ અને ચાંદી ૨.૫૪ લાખ રૂપિયા કિલો નો ભાવ રહ્યો હતો સાથે છેલ્લા ૧૫ દિવસમાં સોનામાં ૧૩,૦૦૦ અને ચાંદીમાં સોળ હજાર રૂપિયાનો વધારો થયો છે જે અગામી દિવાળી અને લગ્ન સિઝન દરમિયાન એક લાખ ૭૦ હજાર રૂપિયા તોલુ સોનુ અને ચાંદી ત્રણ લાખ રૂપિયા કિલો સુધી જવાની શક્યતા જોવાઈ રહી હોવાનું જણાવ્યું છે સાથે ચાંદીના દાગીનાઓની માંગ સતત વધી રહી છે જેને લઇ વેપારીઓ હવે બીઆઈએસ ના હોલમાર્ક વાળા દાગીના બનાવી વેચાણ કરે છે જેને માટે જરૂરી મંજૂરી પણ લેવાની પ્રક્રિયા શરૂ કરી દેવાય છે.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**